પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®
સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

ગ્રામ્ય આવૃત્તિ પાનાઃ ૧૨
તા. ૨૭-૮-૨૦૨૬, ગુરૂવાર
વર્ષઃ ૧૫, અંકઃ ૧૪૯

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 ✉ abataknews@gmail.com @abtakmedia


**સુવિચાર**

એક 'ખોટી' વાત ને...
એક 'અધુરી' વાત...
કેટલાય 'સંબંધ'
તોડી નાખે છે...


મૌસમી ડોલર મોટા ચણા
વિણાટ ચણા
જથ્થાબંધ મળશે
98242 00970
રાજકોટ


### માનવીય વિકાસ કુદરતની ''તબાહી''ને ભયાનક બનાવી રહી છે?!!!

# ૧૭૦૦૦ ફૂટ ઉપરથી પડેલ ૨૦૦૦ ફૂટ પહોળા બરફના ટુકડાએ નેપાળને ખેદાન-મેદાન કર્યું!

## ભોટેકોશી અને ત્રિશૂલી નદીઓમાં 30 ફૂટ ઊંચા મોજાં ઉછળતાં ૧૬૦થી વધુ લોકોના મોત, ૧૩૩ ભારતીયો અને ૩૭ વિદેશીઓ સહિત ૨૮ દેશોના ૮૪૪થી વધુ લોકો લાપતા

### 'જાણે પરમાણુ બોમ્બ ફૂટ્યો હોય તેવો વિસ્ફોટ'

સેટેલાઈટ ડેટા અનુસાર, ગ્લેશિયરનો આ વિશાળ હિસ્સો અચાનક તૂટીને લગભગ ૪,૦૦૦ ફૂટ (૧.૨ કિમી) નીચે ખીણના તળિયે પડ્યો હતો.ભારે ઊંચાઈ અને પ્રચંડ પોટેન્શિયલ એનર્જીના કારણે આ મહાકાય બરફ ખીણમાં પટકાયાની સેકન્ડોમાં જ પથ્થરો, માટી અને અતિ ઝડપી પાણીના તોફાનમાં ફેરવાઈ ગયો હતો.આ કાટમાળ લ્હેન્દે ખોલા અને ભોટેકોશી નદીમાં ધસી જતાં જળસ્તરમાં અચાનક પ્રચંડ ઉછાળો આવ્યો હતો, જેણે માર્ગમાં આવતી દરેક વસ્તુને ખેદાન-મેદાન કરી નાખી.



**અબતક, કાઠમંડુ**

નેપાળના હિમાલય ક્ષેત્રમાં કુદરતે ફરી એકવાર પોતાનું રૌદ્ર સ્વરૂપ બતાવ્યું છે. ૧૭,૦૦૦ ફૂટની ઊંચાઈએથી અંદાજે ૨,૦૦૦ ફૂટ પહોળો ગ્લેશિયરનો મહાકાય હિસ્સો તૂટીને ખીણમાં ખાબકતાં આવેલા ભયાનક પૂર અને હિમસ્ખલને ભારે તારાજી સર્જી છે. આ હોનારતમાં ડઝનબંધ લોકોના મોત નીપજ્યા છે, જ્યારે સેંકડો સ્થાનિકો, પ્રવાસીઓ અને શ્રમિકો ગુમ થયા છે.

હોનારત પૂર્વે વિસ્તારમાં ૪.૪ની તીવ્રતાનો ભૂકંપ પણ નોંધાયો હતો. વૈજ્ઞાનિકોના મતે ભૂકંપના આંચકા અથવા ગ્લોબલ વોર્મિંગને કારણે નબળા પડી રહેલા ગ્લેશિયર્સ આ દુર્ઘટના પાછળનું મુખ્ય કારણ હોઈ શકે છે. હિન્દુકુશ હિમાલય ક્ષેત્રમાં વર્ષ ૨૦૦૦ પછી બરફ પીગળવાની ગતિ ચિંતાજનક સ્તરે વધી ગઈ છે.

(અનુ. આઠમા પાને)

### મૃત્યુઆંક અને ગુમ થયેલા લોકોની વિગતો

**૧૬૦નાં મોતઃ** નેપાળ પોલીસે ૧૫૭ લોકોના મોતના અહેવાલ આપ્યા છે, જ્યારે ચીનના સત્તાવાળાઓએ તિબેટના ગ્યીરોંગ કાઉન્ટીમાં ૩ લોકોના મોતની પુષ્ટિ કરી છે.

**૮૪૪થી વધુ ગુમઃ** નેપાળમાં ૫૭૯ લોકો (૪૬૬ વિદેશી અને ૧૧૩ નેપાળી) તથા તિબેટમાં ૨૬૫ લોકો લાપતા છે.

**ભારતીયો અને વિદેશીઓઃ** ગુમ થયેલા વિદેશીઓમાં ઓછામાં ઓછા ૧૩૩ ભારતીયો અને ૩૭ એનઆરઆઈ સામેલ છે. આ ઉપરાંત અમેરિકા (૫૪), ઓસ્ટ્રેલિયા (૩૪), બ્રિટન (૩૩), કેનેડા (૨૪) અને મલેશિયાના નાગરિકો પણ ગુમ છે.

**૧૫૦ કિમી દૂરથી મળ્યા મૃતદેહઃ** પૂરનો પ્રવાહ એટલો ભયાનક હતો કે ૩૩ મૃતદેહો ઘટનાસ્થળથી ૧૫૦ કિમી દૂર ચિતવનમાંથી મળી આવ્યા છે.

### કૈલાશ માનસરોવર યાત્રાળુઓ બન્યાં ભોગ

આ પૂરની સૌથી મોટી અસર કૈલાશ માનસરોવર યાત્રાના રૂટ પર થઈ છે. સરહદ પાર કરવાની તૈયારી કરી રહેલા અથવા તે વિસ્તારમાંથી પસાર થઈ રહેલા આશરે ૪૦૦ જેટલા યાત્રાળુઓ અચાનક આવેલા પૂરની ઝપેટમાં આવી ગયા હતાં.

---

### જજ યુ ટુ?

# રાજસ્થાનના કાર્યકારી ચીફ જસ્ટિસ સામે સુપ્રીમ કોર્ટના જજે અનેક ફરિયાદોનો 'ઢગલો' કર્યો

## સીજેઆઈએ પબ્લિક સ્ટેટમેન્ટમાં જણાવ્યું કે ન્યાયાધીશો વચ્ચેના આંતરિક મતભેદો કે ફરિયાદોને પબ્લિક ડોમેઈન કે મીડિયામાં ચર્ચી શકાતી નથી

**અબતક, નવી દિલ્હી**

દેશની સર્વોચ્ચ અદાલતમાં અને રાજસ્થાન હાઈકોર્ટના સ્તરે હાલ એક સંવેદનશીલ વિવાદ સામે આવ્યો છે. સુપ્રીમ કોર્ટના જજ સંદીપ મહેતાએ રાજસ્થાન હાઈકોર્ટના એક્ટિંગ ચીફ જસ્ટિસ સંજીવ પ્રકાશ શર્મા સામે ગંભીર ફરિયાદો કરી છે અને તેમની તત્કાલ બદલીની માંગ ઉઠાવી છે. આ મામલે ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા સૂર્યકાંતે સ્પષ્ટ કર્યું છે કે ન્યાયતંત્રના આંતરિક પ્રશ્નો મીડિયા ટ્રાયલથી નહીં, પરંતુ સ્થાપિત કાનૂની અને સંસ્થાકીય મિકેનિઝમ દ્વારા જ ઉકેલાવા જોઈએ.



રાજસ્થાન હાઈકોર્ટમાંથી જ આવતા સુપ્રીમ કોર્ટના જજ સંદીપ મહેતાએ સતત ત્રણ સપ્તાહમાં ત્રણ પત્રો લખીને એક્ટિંગ સીજે સંજીવ પ્રકાશ શર્મા સામે મોરચો ખોલ્યો છે. તેમણે આરોપ લગાવ્યો છે કે એસીજેમાં નેતૃત્વના ગુણોનો અભાવ છે અને હાઈકોર્ટના ન્યાયિક તેમજ વહીવટી બંને પક્ષે ગેરવહીવટ અને ભ્રષ્ટાચાર ચાલી રહ્યો છે. તેમણે નિયમિત ચીફ જસ્ટિસની નિમણૂક કરવાની અને એક્ટિંગ સીજેને રાજ્ય બહાર ખસેડવાની માંગ કરી છે.

વિવાદના કેન્દ્રમાં રહેલા જસ્ટિસ સંજીવ શર્મા આગામી ૨૬ સપ્ટેમ્બરે નિવૃત્ત થવાના છે. સીજેઆઈએ પબ્લિક સ્ટેટમેન્ટમાં જણાવ્યું છે કે ન્યાયાધીશો વચ્ચેના આંતરિક મતભેદો કે ફરિયાદોને પબ્લિક ડોમેઈન કે મીડિયામાં ચર્ચી શકાતી નથી. કોઈ પણ નિષ્કર્ષ પર પહોંચતા પહેલા સંબંધિત ન્યાયાધીશને પોતાનો પક્ષ રજૂ કરવાની ન્યાયિક અને વાજબી તક મળવી જોઈએ. માત્ર આક્ષેપો થયા એટલે તેને અંતિમ સત્ય કે દોષ સાબિત થયેલો માની શકાય નહીં.

---

# મેદસ્વીતા સુપ્રીમ સુધી પહોંચી! જંક ફૂડના લેબલ સ્પષ્ટ બતાવવા સરકારને અલ્ટીમેટમ

## વર્ષ ૨૦૦૦ થી ૨૦૨૨ વચ્ચે શાળાએ જતા બાળકો અને કિશોરોમાં ઓબેસિટીનું પ્રમાણ ૨% થી વધીને ૧૦% સુધી આંબી ગયું



**અબતક, નવી દિલ્હી**

આજની ઝડપી જીવનશૈલી અને બદલાતી ખાણીપીણીની આદતો વચ્ચે 'જંક ફૂડ' આપણા સ્વાસ્થ્ય માટે એક ગંભીર ખતરો બનીને ઉભરી આવ્યું છે. વિશેષ કરીને બાળકો અને કિશોરોમાં વધતી ઓબેસિટી આજના સમયની સૌથી મોટી ચિંતાનો વિષય છે.

સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને કડક નોટિસ ફટકારી છે અને જંક ફૂડ પર 'ફ્રન્ટ-ઓફ-પેક' વોર્નિંગ લેબલ્સ વહેલી તકે લાગુ કરવા માટે સ્પષ્ટ અલ્ટીમેટમ આપ્યું છે. વર્ષ ૨૦૦૦ થી ૨૦૨૨ વચ્ચે શાળાએ જતા બાળકો અને કિશોરોમાં ઓબેસિટીનું પ્રમાણ ૨% થી વધીને ૧૦% સુધી પહોંચી ગયું છે.

ઈકોનોમિક સર્વે ૨૦૨૫-૨૬ મુજબ, ભારતમાં અલ્ટ્રા-પ્રોસેસ્ડ ફૂડનું માર્કેટ ૨૦૦૯ થી ૨૦૨૩ વચ્ચે ૧૫૦% કરતા વધુ વધ્યું છે. ખોરાકમાં વધુ પડતું મીઠું, ખાંડ, સેચ્યુરેટેડ ફેટ અને કેલરી ગંભીર સ્વાસ્થ્ય જોખમો પેદા કરે છે, તેથી ગ્રાહકો સાચા નિર્ણયો લઈ શકે તે માટે સ્પષ્ટ ન્યૂટ્રિશન માહિતી દર્શાવવી જરૂરી છે. હજી એક સમાચાર આવ્યા છે જેમાં ભારતમાં વેચાતી ફેંટા બીજા દેશો કરતા ત્રણ ગણી વધારે મીઠી છે. તો શું ભારતમાં વેચાતું જંક ફૂડ સેફ છે કે નહીં એ પ્રશ્ન થાય?

યુરોપ અને યુકે જેવા વિકસિત દેશોમાં ફૂડ સેફ્ટી અને હેલ્થના નિયમો અત્યંત કડક છે. ત્યાં સરકાર દ્વારા ખાંડ અને હાનિકારક તત્વોના વપરાશ

(અનુ. આઠમા પાને)

---

# ખાંડમાં ભાવની ''કડવાશ'' વધે તે પહેલાં ૩ લાખ ટન માલ બજારમાં ''ઠાલવાશે''

## સરકારના નિર્ણયથી ૧૦ લાખ ટન કાચી ખાંડની આયાતને મંજૂરી, માત્ર ૧૦ દિવસમાં એક્સ-મિલ ભાવમાં ૨૦%નો ઘટાડો



### વ્યક્તિ દીઠ ખાંડનું 'બાંધણું' કરાયું

રક્ષાબંધનના તહેવાર પહેલા જ માંગમાં વધારો થતા અને સ્ટોકમાં ઘટાડો નોંધાતા ઓનલાઈન અને ઓફલાઈન રિટેલરોએ ગ્રાહકો માટે ખાંડની ખરીદી પર મર્યાદા લાદી છે. ડીમાર્ટ, રિલાયન્સ, બ્લિંકિટ, સ્વિગી, ઈન્સ્ટામાર્ટ અને ઝેપ્ટો જેવી કંપનીઓએ ગ્રાહક દીઠ વધુમાં વધુ ૨ થી ૩ કિલો અથવા યુનિટ ખાંડ ખરીદવાનો નિયમ બનાવ્યો છે. અછતને કારણે ખાંડની સરેરાશ છૂટક કિંમત એક મહિના પહેલાના ૪૮.૭ રૂપિયાથી ૨૯% વધીને ૬૩ રૂપિયા પ્રતિ કિલોએ પહોંચી ગઈ છે. ક્રિસિલના અંદાજ મુજબ, ૨૦૨૬ ની સિઝન માટે ખાંડનો ક્લોઝિંગ સ્ટોક ૩.૯ એમએમટી રહેવાની શક્યતા છે, જે પાછલા વર્ષ કરતા ૨૫% અને પાંચ વર્ષની સરેરાશ કરતા ૪૦% ઓછો છે. પરિસ્થિતિને કાબૂમાં લેવા અને સંગ્રહખોરી અટકાવવા સરકારે સ્ટોક લિમિટ લાદી છે અને છેલ્લા એક દાયકામાં પ્રથમ વખત ૧૦ લાખ ટન કાચી ખાંડની આયાતને મંજૂરી આપી છે.

**અબતક, નવી દિલ્હી**

સ્થાનિક બજારમાં ખાંડની ઉપલબ્ધતા વધારવા અને ભાવ ઘટાડવાના હેતુથી અંદાજિત ૩ થી ૩.૫ લાખ ટન રિફાઈન્ડ ખાંડ ટૂંક સમયમાં બજારમાં આવવાની સંભાવના છે. ભારતીય સુગર રિફાઈનર્સ, જેઓ ડ્યૂટી-ફ્રી કાચી ખાંડની આયાત કરી પ્રોસેસિંગ બાદ તેની નિકાસ કરે છે, તેમને સરકારના તાજેતરના નિર્ણયથી આ છૂટ મળી છે. ગયા સપ્તાહે સરકારે ૧૦ લાખ ટન કાચી ખાંડની ડ્યૂટી-ફ્રી આયાતને મંજૂરી આપી હતી અને પ્રોસેસર્સને નિકાસ માટે રખાયેલી અમુક રિફાઈન્ડ ખાંડ સ્થાનિક બજારમાં વેચવાની પરવાનગી આપી છે.

ઉદ્યોગના સૂત્રોના જણાવ્યા અનુસાર, ઓછામાં ઓછી ૩ લાખ ટન પ્રોસેસ્ડ ખાંડ ખૂબ જ ઝડપથી બજારમાં આવી શકે છે, જેનાથી સપ્લાયની કોઈ સમસ્યા રહેશે નહીં. આ દરમિયાન, છેલ્લા ૧૦ દિવસમાં ખાંડના એક્સ-મિલ ભાવમાં ૨૦%

(અનુ. આઠમા પાને)

---

# ગ્રીન એનર્જીમાં બેન્કિંગ ચાર્જ ૩૩ ટકા ઘટાડીને બુસ્ટર ડોઝ આપતી સરકાર

## ગુજરાત ઈલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશનનો રાહતરૂપી નિર્ણયઃ ઉદ્યોગોને હવે પ્રતિ યુનિટ ૫૦ પૈસાની બચત થશે

**અબતક, ગાંધીનગર**

ગુજરાત ઈલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન દ્વારા ગ્રીન એનર્જી ઓપન એક્સેસ ગ્રાહકો માટે બેન્કિંગ ચાર્જમાં એક તૃતીયાંશ એટલે કે ૩૩% નો ઘટાડો કરવામાં આવ્યો છે. આ ઘટાડા સાથે, બેન્કિંગ ચાર્જ અગાઉના ૧.૫ રૂપિયાથી ઘટાડીને ૧ રૂપિયો પ્રતિ યુનિટ કરવામાં આવ્યો છે. આ નવો દર ૧ સપ્ટેમ્બરથી ૩૧ માર્ચ ૨૦૨૭ સુધી લાગુ રહેશે. ૧૯ ઓગસ્ટના રોજ જાહેર કરાયેલા ગુજરાત ગ્રીન એનર્જી ઓપન એક્સેસ રેગ્યુલેશન્સના છઠ્ઠા સુધારા હેઠળ આ મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે.

આ ચાર્જ ઘટવાથી ગ્રાહકોને બેન્ક કરાયેલા રિન્યુએબલ એનર્જીના દરેક યુનિટ પર સીધી ૫૦ પૈસાની બચત થશે. ઉદાહરણ તરીકે, જો કોઈ ઔદ્યોગિક ગ્રાહક ૧ કરોડ યુનિટ પાવર બેન્ક કરે છે, તો તેને આ સમયગાળા દરમિયાન સીધી ૫૦ લાખ રૂપિયાની બચત થઈ શકે છે. બેન્કિંગ સિસ્ટમ ગ્રાહકોને એક સમયે ઉત્પન્ન થયેલી વધારાની રિન્યુએબલ એનર્જીને સ્ટોર કરવાની અને તેને પછીથી ઉપયોગમાં લેવાની મંજૂરી આપે છે, જે ખાસ કરીને ઉદ્યોગો માટે ખૂબ જ ફાયદાકારક સાબિત થશે.

એસોચેમની રિન્યુએબલ એનર્જી કમિટીના ચેરપર્સન કુંજ શાહના જણાવ્યા અનુસાર, આ પગલાથી ખાસ કરીને એવા ઉદ્યોગોને ફાયદો થશે જેમની પાસે પોતાના કેપ્ટિવ પાવર પ્લાન્ટ નથી અથવા તો રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ્સ સ્થાપવા માટે પૂરતી જગ્યા ઉપલબ્ધ નથી. સૌર ઊર્જા

(અનુ. આઠમા પાને)

---

# ઊંઝામાં બે માસથી બંધ ઈસબગુલના કારખાના ખેડૂતોને વાવણીથી દૂર કરશે?

## ૨૦થી ૨૫ જેટલા પ્રોસેસિંગ યુનિટ્સને તાળાં લાગ્યાઃ ગુજરાત અને રાજસ્થાન વચ્ચેના જીએસટી વિવાદથી ઈસબગુલ ઉદ્યોગને કરોડોનું નુકસાન, ખેડૂતો અને નિકાસકારો ચિંતામાં

**અબતક, ગાંધીનગર**

એશિયાના સૌથી મોટા ઊંઝા એપીએમસી માર્કેટમાં ઈસબગુલના વેપાર પર લાગેલો પ્રતિબંધ હવે બીજા મહિનામાં પ્રવેશી ચૂક્યો છે. ગુજરાત અને રાજસ્થાન વચ્ચે ચાલી રહેલા જીએસટી વિવાદને કારણે ૨૬ જુલાઈથી અહીં ટ્રેડિંગ સંપૂર્ણપણે બંધ છે. આ બંધની સીધી અસર ઉદ્યોગો પર પડી રહી છે, જેના કારણે અત્યાર સુધીમાં ૨૦ થી ૨૫ પ્રોસેસિંગ યુનિટ્સને તાળાં લાગી ગયા છે. ઊંઝામાં કુલ ૮૦ થી ૯૦ પ્રોસેસિંગ યુનિટ્સ આવેલા છે, અને જે એકમો હાલમાં ચાલુ છે તે તેમના જૂના સ્ટોક પર નિર્ભર છે. જો આ પરિસ્થિતિ વધુ ૧૫ દિવસ ચાલશે, તો મોટાભાગના એકમો પાસે પ્રોસેસિંગ માટે કોઈ જથ્થો બચશે નહીં.

ઈસબગુલની નિકાસ પર આ બંધની ગંભીર અસર જોવા મળી રહી છે. ઈસબગુલ પ્રોસેસર્સ એસોસિએશનના પ્રમુખ અશ્વિન નાયકના જણાવ્યા અનુસાર, ભારત અમેરિકા અને યુરોપમાં ઈસબગુલના ૯૦ ટકા ઉત્પાદનની નિકાસ કરે છે. આ વર્ષે ૩૨ લાખ બેગની માંગ સામે માત્ર ૨૫ લાખ બેગનું ઉત્પાદન થયું છે. તેમાં પણ પ્રોસેસર્સ દ્વારા માત્ર ૭૦ ટકા જ ખરીદી થઈ શકી છે. કાચો માલ ખૂટી રહ્યો હોવાથી પ્રોસેસર્સ મુશ્કેલીમાં મુકાયા છે અને નિકાસના કમિટમેન્ટ પૂરા કરવામાં સમસ્યા

(અનુ. આઠમા પાને)

---

### ''હવે ઈન્જેક્શનમાં પણ સોફ્ટવેર''

# દુનિયામાં પ્રથમવાર વ્યક્તિગત કેન્સરની વેક્સિન આવી!!

## દર્દીના ટ્યુમરના ડીએનએ મુજબ કસ્ટમ ઈન્જેક્શન તૈયાર થશેઃ કેન્સરને ફરી ફેલાતું અટકાવવામાં મોટી સફળતા''

**અબતક, રાજકોટ**

સામાન્ય રીતે દરેક દર્દી માટે દવાઓ એક સરખી બનાવવામાં આવે છે, પરંતુ હવે દરેક દર્દીના કેન્સરના પ્રકાર અને શરીરમાં રહેલા લક્ષણોના આધારે ખાસ દવાનું કોડિંગ કરીને કસ્ટમ ઈન્જેક્શન તૈયાર કરવાની નવી ટેકનોલોજી આવી ગઈ છે. જે રીતે સોફ્ટવેરમાં કોડિંગ વડે સૂચનાઓ આપવામાં આવે છે, તે જ રીતે દર્દીના કેન્સરના મૂળ લક્ષણો સમજીને બનાવાયેલી આ રસી શરીરની રોગપ્રતિકારક શક્તિને કેન્સરના કોષો શોધીને તેમનો નાશ કરવાનો આદેશ આપે છે. આ પદ્ધતિ કેન્સરની સારવાર ક્ષેત્રે મોટો બદલાવ લાવવા જઈ રહી છે. મેડિકલ વિજ્ઞાનના ઈતિહાસમાં પ્રથમ વખત કેન્સરની આ ખાસ રસીના આખરી તબક્કાના પ્રયોગો સફળ રહ્યા છે. બે મોટી ફાર્મા કંપનીઓ મોડર્ના અને મર્ક દ્વારા સંયુક્ત રીતે તૈયાર કરાયેલી આ રસી અને ઈમ્યુનોથેરાપી દવાના મિશ્રણે ત્વચાના ગંભીર કેન્સરથી પીડાતા એક હજારથી વધુ દર્દીઓ પર હાથ ધરાયેલા પ્રયોગોમાં મોટી સફળતા મેળવી છે.



આ સંશોધનની જરૂરિયાત એટલા માટે પડી કારણ કે ત્વચાના કેન્સરમાં ઓપરેશન કરીને ગાંઠ દૂર કર્યા પછી પણ શરીરમાં કેન્સરના અતિ સૂક્ષ્મ કણો રહી જવાનો ભય રહે છે, જે રોગને પાછો લાવી શકે છે. જો હોસ્પિટલમાં એક જ પ્રકારના કેન્સરના બે દર્દીઓ હોય, તો પણ આ નવી પદ્ધતિ મુજબ બંને દર્દીઓ માટે એક સરખી દવા બનશે નહીં. બંને દર્દીઓના ટ્યુમરના નમૂના તપાસીને દરેક માટે અલગથી ડોઝ તૈયાર કરાશે.

આ રસી કામ કેવી રીતે કરે છે તે સમજવું ખૂબ રસપ્રદ છે. કેન્સરના કોષોમાં ફેરફાર થવાથી અમુક અલગ જ પ્રોટીન બને છે. કમ્પ્યુટર સાધનોની મદદથી ટ્યુમર અને સામાન્ય કોષોની સરખામણી કરીને ચોક્કસ કણો પસંદ કરવામાં આવે છે. આ રસી શરીરના રોગપ્રતિકારક કોષો માટે કેન્સરની ઓળખ કરાવતું એક ચોક્કસ ''વોન્ટેડ પોસ્ટર'' તૈયાર કરે છે, જેનાથી શરીરના રક્ષક કોષો કેન્સરના કણોને ઓળખીને તેનો નાશ કરી શકે. આ પ્રક્રિયામાં બીજી દવા રોગપ્રતિકારક શક્તિ પર લાગતી જૈવિક રોકને હટાવવાનું કામ કરે છે, જેથી શરીરના કોષો વધુ તાકાતથી હુમલો કરી શકે.


પ્રયોગોના પરિણામો દર્શાવે છે કે આ સારવાર મેળવનાર દર્દીઓમાં કેન્સર પાછું આવવાનું અને શરીરના અન્ય ભાગોમાં ફેલાવાનું અટકી શક્યું છે. કોરોનાની રસીની જેમ જ આ ટેકનોલોજીનો ઉપયોગ થયો હોવા છતાં, કેન્સરના કિસ્સામાં આ

(અનુ. આઠમા પાને)

સંબંધ કે સબ્સ્ક્રિપ્શન ? રિચાર્જ ખતમ તો પ્રેમ પણ ખતમ

# પ્રેમમાં વફાદારી નહીં, 'ઓનલાઈન' દેખાવું જરૂરી : લવ સ્ટોરી કરતાં ચેટ હિસ્ટ્રી લાંબી !

## આજની ૨૧મી સદીમાં યુવા વર્ગમાં ગર્લફ્રેન્ડ રાખવાનો ક્રેઝ વધ્યો છેઃ વિકસતા યુગમાં તરુણાવસ્થાથી જ બંધાતા આવા સંબંધો મુખ્યત્વે વિજાતીય આકર્ષણથી જ જન્મે છેઃ આજે બોયફ્રેન્ડ કે ગર્લફ્રેન્ડ જેવા સંબંધોમાં ઘણું ખોટું પણ થઈ રહ્યું છે




આજના યુવા વર્ગમાં બોયફ્રેન્ડ કે ગર્લફ્રેન્ડ રાખવાનો ક્રેઝ વધવા પાછળ અનેક કારણો છે, સોશિયલ મીડિયા, ફિલ્મો અને વેબ સિરીઝમાં પ્રેમ સંબંધોનું આકર્ષક ચિત્રણ, પશ્ચિમી સંસ્કૃતિનો પ્રભાવ, વધુ સ્વતંત્રતા અને એકલતામાં ભાવનાત્મક સહારો શોધવાની વૃત્તિ. આ ઉંમરે દરેકને સમજનાર, સાંભળનાર કોઈ ખાસ વ્યક્તિ જોઈએ છે, એવું લાગવું સ્વાભાવિક છે. ૧૮૬૩માં પ્રથમવાર ગર્લફ્રેન્ડ શબ્દ ચલણમાં આવ્યો હતો, ૧૯૨૦માં તે એક રોમેન્ટિક શબ્દ તરીકે ઉભરી આવ્યો હતો. પ્રારંભે આવા સંબંધો શ્રીમંત ઘરાનામાં જ જોવા મળતા હતા. આજના સોશિયલ મીડીયામાં બધુ આંગળીના ટેરવે મળી જતું હોવાથી આવા સંબંધો બહુ સહેલાયથી બને અને તૂટી પણ જાય છે.

આવા સંબંધોના ફાયદા એ છે કે યોગ્ય વ્યક્તિ મળે તો ભાવનાત્મક ટેકો મળે છે, આત્મવિશ્વાસ વધે છે, એકબીજાને સમજવાની, જવાબદારી લેવાની અને સંબંધ નિભાવવાની કળા શીખવા મળે છે. પણ જો સમજણ વગર માત્ર દેખાદેખી કે ટ્રેન્ડ માટે સંબંધ બાંધવામાં આવે તો ગેરફાયદા વધુ છે, અભ્યાસ અને કરિયરમાં ધ્યાન ઘટે છે, નાની વાતમાં માનસિક તણાવ, ઈર્ષ્યા, સમય અને પૈસાનો બગાડ થાય છે, પરિવાર સાથે સંઘર્ષ વધે છે અને બ્રેકઅપ થાય તો ડિપ્રેશન કે ખોટા નિર્ણયોનું જોખમ રહે છે. એટલે સંબંધ સ્ટેટસ માટે નહિ, પણ પરિપકવતા, સન્માન અને સીમારેખા સાથે બાંધવામાં આવે તો જ તે જીવનને ઘડે છે, નહિતર તોડે છે. પહેલા મિત્રતામાં પ્રેમ-હુંક અને લાગણી સાથે એકબીજાના વિચારો-સમજનું વિશેષ મહત્વ હતું.

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
**મો.૯૮૨૫૦૭૮૦૦૦**

માનવ તેના જીવનનાં જન્મ અને મરણ વચ્ચે વિવિધ સંબંધોમાં જોડાય છે. પ્રાચિનકાળ કે ગુફાવાસીઓ પણ સંબંધો કે જુથોમાં જોડાયેલો હતો. પારિવારિક કે બ્લડ રીલેશનના સંબંધો ઉપરાંત માનવ મિત્રતા પણ બાંધે છે. સાચી મિત્રતા ઘણા વર્ષો ટકી રહેતી હતી. આજના યુગમાં આવા સંબંધો જોવા મળતા નથી. સંબંધમાં છોકરી મિત્ર વિશેના શુધ્ધ વિચારોની અર્થસભર જાગૃત્તિની વાત છે. આજના યુગમાં આ શબ્દ સાથે રોમેન્ટિક પાર્ટનર જોડાય ગયો અને ઘણા દુષણો ઘર કરી ગયા છે. યુવા વર્ગમાં આ બાબતે ઘણા ખોટા અર્થઘટન થઈ રહ્યા છે. બોયફ્રેન્ડ કે ગર્લફ્રેન્ડ જેવા રૂપાળા શબ્દોથી બંધાતા સંબંધોએ સામાજીક વ્યવસ્થા ખોરવી નાખી છે.

આજના યુગ્મમાં પણ બાળપણથી ચાલી આવતા સંબંધો જૈફ વયે પણ અકબંધ જોવા મળે છે. ફ્રેન્ડનો અર્થ જ મિત્ર થાય અને મિત્રતા થકી જ માનવીને કે મિત્રને ખુશી-આનંદ અને સહયોગ મળતો હોય છે. ગુજરાતી-હિન્દીને બાદ કરતા વિદેશી કલ્ચર અને અંગ્રેજીના પ્રભુત્વને કારણે આપણાં ઘણા શબ્દોનો અર્થ જ બદલાય ગયો છે.

ગર્લફ્રેન્ડ્સ નામની ફિલ્મ પણ બની હતી. સખા, ભાઈબંધ, મિત્ર, દોસ્તાર આ વિવિધ શબ્દો અર્થ એટલે ફ્રેન્ડ્સ તે પછી છોકરો હોય કે મિત્રતા જ કહેવાય. મિત્રનો અર્થ સુખ-દુઃખમાં સાથ નિભાવે તે મિત્ર એટલે પરસ્પર સ્નેહનું બંધન, તેનો અર્થ જાતીય સંબંધ નથી.

ભાઈબંધીમાં પણ જેન્ડર બાયસ હતું. વર્ગખંડમાં છોકરા-છોકરીને અલગ બેસતા, તો ખાલી કન્યાઓ માટેની પણ શાળા હતી. આજના યુગમાં કે પહેલા ના બધાને મિત્રની જરૂર પડે છે, જેમાં ગરીબ કે શ્રીમંતની ભેદરેખા ન હોવી જોઈએ. છેલ્લા બે-ત્રણ દશકાથી બોયફ્રેન્ડ અને ગર્લફ્રેન્ડ શબ્દને કંઈક જુદી રીતે જોવામાં આવે છે. આજે કોલેજ લાઈફમાં કે મિત્ર સર્કલમાં ગર્લફ્રેન્ડ રાખવાનો ક્રેઝ વધ્યો છે.

છોકરાની સાથે છોકરીનો પણ એટલો જ વાંક જોવા મળે છે. આજે તો નાઈટ આઉટ યુવા ગુપો સાથે છોકરીઓ મોડી રાત સુધી જતી હોય, તો શું એના મા-ભાપને ખબર ન હોય. મિત્રતાનો લાભ લઈને આજનો તૈયાર છોકરો-છોકરીને ફસાવી પણ દે છે. આજનો યુવા વર્ગ તેની સમજ અને વિચારોથી ચાલતા હોવાથી ઘણીવાર મુશ્કેલીમાં ફસાઈ જાય છે.

આજે ગર્લફ્રેન્ડ કે બોયફ્રેન્ડના ઓઠા તળે ઘણું ખરાબ થઈ રહ્યું છે. આપણામાં સમજ આવે કે સીધા શેરી મિત્રો પ્રથમ બને છે. જેમાં છોકરો-છોકરી કોમન હોય છે. આ યાત્રા શાળા-કોલેજ અને કામના સ્થળે પણ ચાલુ રહે છે. નાની વયે બહુ ખબર ના પડતી પણ કોલેજના આવા સંબંધોના ઘણા વરવારૂપ પણ જોવા મળ્યા છે. જેમાં ટીવી-ફિલ્મો કે મિત્ર પાસેથી શીખીને આવા સંબંધો બાંધવા સૌ પ્રેરાય છે. સંબંધોમાં સૌથી વધુ નુકશાન 'ગર્લફ્રેન્ડ'ને થતું હોય છે. બાકી પુરૂષપ્રધાન દેશમાં 'છોકરો છટકી જાય છે. આજે પણ પરિવારની આબરૂ હોવાથી ઘણીવાર આવા સંબંધોના ખરાબ પરિણામો જોવા મળતા પરિવાર મુશ્કેલીમાં મુકાઈ જાય છે.

તરુણાવસ્થા કે મુગ્ધાવસ્થામાં આકર્ષણને કારણે સંબંધો બાંધવા છોકરો કે છોકરી એકબીજા પ્રત્યે આકર્ષાય છે. રૂપકડા નામથી બંધાતા સંબંધોમાં એકબીજા એટલા બધા આગળ વધી જતા હોય છે કે મુશ્કેલી સર્જે છે. પહેલા તો આ સંબંધોની ચર્ચા આખા ગામમાં થતી હતી, આજે લોકો ખુલ્લેઆમ સંબંધો બાંધી રહ્યા છે. એકબીજા પ્રત્યે કૃતજ્ઞતા કરવા આવા દિવસના સેલિબ્રેશન યોજાતા હોય છે, પણ આ બહાના હેઠળ પણ નવા સંબંધો આજે વ્યવહારો, લગ્નેત્તર સંબંધો, સ્ત્રી-સ્ત્રીના સંબંધો, પુરૂષ-પુરૂષના સંબંધો એટલી હદે વધી ગયા છે કે લોકો તેને સ્વીકારવા લાગ્યા છે. સંબંધોમાં આંધળો વિશ્વાસ જ અધઃપતન નોતરે છે. આપણાં જીવનમાં ખાસ મહિલાઓ હોય તેને સન્માનિત કરવી જોઈએ.

આજે તો સોશિયલ મીડીયાના યુગમાં એક મીસકોલ પણ ગર્લફ્રેન્ડ બનાવી દે છે. છોકરો-છોકરી એકબીજા પ્રત્યે પ્રેમ અને પ્રશંસાની વ્યક્તિગત અભિવ્યક્તિ કરે છે. આજે એક છોકરાને ચાર-પાંચ ગલફ્રેન્ડ હોય તો તેની સામે છોકરીને પણ ચાર-પાંચ બોયફ્રેન્ડ હોય છે.

દરેકના જીવનમાં સમયાંતરે ફ્રેન્ડ્સ જોડાતા જ હોય છે. આવા સંબંધોમાં સ્વાર્થ આવવાથી સંબંધો તૂટે છે. ગર્લફ્રેન્ડ કે બોયફ્રેન્ડને એક વિશ્વાસ આપવાનો છે કે હું હમેંશા તારો સાથ નિભાવીશ. ગર્લફ્રેન્ડ ઘણીવાર છોડીને જતી રહે ત્યારે યુવકમાં ડીપ્રેશન પણ આવી જાય છે. જેની સામે છોકરીઓમાં પણ આવુ થતું હોય છે. આવા સંબંધોને નાત-જાત કે કોઈ વાડા નડતા જ નથી. બોયફ્રેન્ડ હોય કે ગર્લફ્રેન્ડ તેના સાથે આનંદ, ખુશી અને પ્રેમ લાવે છે. આજે પણ ઘણા લોકો તેની ગર્લફ્રેન્ડને બિનશરતી પ્રેમ કરે છે.

### ગર્લફ્રેન્ડ-બોયફ્રેન્ડ : પ્રેમ કે ઓનલાઈન ડ્યુટી ?

આજના યુગમાં ગર્લફ્રેન્ડ-બોયફ્રેન્ડનો સંબંધ યુવાનોના જીવનનો જાણીતો ટ્રેન્ડ બની ગયો છે. મોબાઈલ, સોશિયલ મીડિયા અને મેસેજિંગ એપ્સે સંબંધો બનાવવાનું અને જાળવવાનું સરળ બનાવ્યું છે. સંશોધનો દર્શાવે છે કે ડિજિટલ માધ્યમો સંબંધમાં જોડાણ અને ભાવનાત્મક નજીકપણું વધારી શકે છે, પરંતુ સાથે ઈર્ષ્યા અને અસુરક્ષાની લાગણી પણ ઊભી કરી શકે છે, અર્થાત પ્રેમમાં સીન થયું કે નહીં એ પણ ક્યારેક પરીક્ષાનું પરિણામ બની જાય છે. આ ટ્રેન્ડનો સૌથી મોટો ગેરફાયદો ત્યારે થાય છે, જ્યારે સંબંધમાં વિશ્વાસની જગ્યાએ સતત ચેકિંગ, લોકેશન પૂછવું, પાસવર્ડ માંગવો, દરેક લાઈકનો અર્થ કાઢવો અને જવાબ મોડો આવે તો શંકા કરવી શરૂ થાય છે. અભ્યાસોમાં પણ સોશિયલ મીડિયા દ્વારા પાર્ટનરની દેખરેખ, ગોપનીયતામાં દખલ અને ઈર્ષ્યા જેવા વર્તનની નોંધ મળી છે; ભારતમાં કિશોરો અંગેના એક અભ્યાસે પણ ઓનલાઈન ડેટિંગ સાથે સાયબર હેરાનગતિ, ભાવનાત્મક શોષણ અને અન્ય જોખમો અંગે ચેતવણી આપી છે.

**૧૮૬૩માં પ્રથમવાર ગર્લફ્રેન્ડ શબ્દ ચલણમાં આવ્યોઃ ૧૯૨૦માં તે એક રોમેન્ટિક શબ્દ તરીકે ઉભરી આવ્યોઃ પહેલા આ શબ્દ માત્ર બચપણના મિત્ર તરીકે ગણાતો હતોઃ પ્રારંભે આવા સંબંધો શ્રીમંત ઘરાનામાં જ જોવા મળતા હતા**

# ભાઈ-બહેનના અખૂટ પ્રેમનું પ્રતીક રાખડીઃ જીવનની વણખેડી સફરનો સાથી એટલે ભાઈ

ભાઈ બહેન નો પ્રેમ એ દુનિયાના બધા જ સંબંધોમાં સૌથી પવિત્ર નિસ્વાર્થ અને અતૂટ સબંધ ગણાય છે. આ માત્ર લોહીનો જ સંબંધ નથી પણ તેને સ્નેહ,વિશ્વાસ, અને રક્ષણ, એક વચન નું અદભુત બંધન છે. ભાઈ બહેન ના અદભુત અને અતૂટ પ્રેમ જે અનેરો ગણાય છે ભાઈ બહેનનો અદભુત પ્રેમમાં એક નિર્દોષતા છુપાયેલ હોય છે. આ સંબંધમાં બાળપણથી જ ખૂબ જ પ્રેમ મજબૂત હોય છે. નાની મોટી વાતમાં ખૂબ જ ઝગડવું, રમકડા કે ખાવાની વસ્તુઓ માટે ખેંચતાણ કરવી, એકબીજાની વાતની ચુગલી માતા પિતાને કરવી, ખૂબ જ બાજી બોલી પછી થોડી મિનિટોમાં એકબીજા પ્રત્યે પ્રેમ બતાવવો, અને એક થઈ જવું. આ સંબંધની જ સાચી સમજ છે. અને મજા છે. આવી બધી નાની મોટી અટકશાળામાં જીવીને આગળ જતા આજીવનનું એક સંભારણું બની રહે છે.ભાઈ બહેનના આ સંબંધને સુખ-દુઃખનો સાથી પણ કહે છે. આ યુગમાં ભાઈ ભાઈનું નથી એ પણ જોવા મળે છે. લોહીનો સંબંધ સમયસર કામમાં આવતો પણ નથી. અને દુઃખના સમયે એકલા રહેવાનો વારો પણ આવે છે. ઘણી ખરી વાર દુઃખના સમયે ઢાલ બનવાની જગ્યાએ એકબીજાને બોલાવતા પણ અચકાતા હોય છે ઘણી ખરી વાર પ્રેમને વિશ્વાસનો આ અમર સંબંધ એકબીજાના દુશ્મનો બનીને ઊભા રહેતા હોય છે. આ અતૂટ સબંધ ને સ્નેહ એકબીજાના થતા નથી એ પણ જોવામાં આવે છે. આ ભાઈ બહેનના અનંત પ્રેમ અને અવિચળ વિશ્વાસ ને ઘણીવાર ડૂબતા પણ જોવા મળે છે. લોહીનો સંબંધ કહીએ એ રદય નો સંબંધ આ સંબંધને ઘણીવાર બોજ બનતો હોય એવું પણ જણાતુ હોય છે. ઘણા કુટુંબમાં ભાઈ બહેનના પ્રેમને આજીવન રક્ષણની ઢાલ સમાન ગણી અને નિભાવવામાં આવે છે. જ્યાં ખૂબ ઝઘડો હોય એ સંબંધમાં પણ પ્રેમ અનોખો હોય છે. એકબીજાને પ્રેમ દર્શાવતા ન હોય પણ ભાઈ ને તકલીફ થાય ત્યારે બહેનને વધુ તકલીફો થતી જોવા મળે છે. ઘણીવાર ભાઈ ખૂબ દૂર હોય અને તે પોતાની બહેન પાસે ઘણા ખરા સારા પ્રસંગોમાં ન પહોંચી શકતો હોય તો તેનો જીવ તો ભાઈનો બહેન પાસે જ હોય છે. ખૂબ અંતર હોવા છતાં પણ મન એક હોય છે. એ પ્રેમ ભાઈ બહેન માં જ જોવા મળે છે. આ પ્રેમ સંબંધને કોઈ તોડી જ ના શકે એવો પવિત્ર સંબંધ છે. ઘણી બધી વાર બહેનની પ્રાર્થનાથી ભાઈનું રક્ષણ થતું પણ જોવા મળ્યું છે. આ એ પ્રેમનું પ્રતીક છે કે ભગવાન ખુદ આ પ્રેમને સાથ આપે છે. આપ ભાઈ બહેન નો પવિત્ર સંબંધને નિસ્વાર્થથાતી પણ જોવા મળે છે. જેમાં ભાઈ પાસે ખુબ જ સંપત્તિ હોવા છતાં બહેનની કોઈ માંગણી ના હોય, અને બહેન ખૂબ સધરતાથી જીવન જીવતી હોય તો ભાઈને વાતનું કોઈ દુઃખ હોતું નથી એને આ પ્રેમને એક સમર્પણનું પ્રતીક પણ કહે છે. જેમાં જરૂર પડે ત્યારે ભાઈ બહેન એકબીજાને સંભાળી લે છે.

**ડો. બી.આર.વાઘેલા**
**પ્રમુખ**
**શ્રી શક્તિ એજ્યુકેશન ટ્રસ્ટ - રાજકોટ**

ઘણા ખર્ચાઓ ભાઈને બહેન માટે ખૂબ કરવાના આવતા હોય છે. કે બહેનના નાના મોટા શોખ ને પૂરા કરવા માટે ભાઈ તત્પર હોય છે. ત્યારે બહેનને પાછળ ખૂબ પૈસા વાપરનાર ભાઈને પોતાની બહેન બોજ લાગતી નથી. તે એકબીજાની સાચી તાકાત બનીને ઊભા રહેતા હોય છે. આ સંબંધને એક સાચા સથવારા ની જરૂર હોય તો એ ભાઈ બહેન એકબીજાને સાચો સાથ આપી અને એ સથવારા ને પૂરો કરે છે.ઘણી દીકરીઓને પોતાના માતા પિતા હોતા નથી ત્યારે તેના ભાઈ અને ભાભી તેના માતા-પિતા બનીને ઊભા રહે છે અને માતા પિતા છે એવો પ્રેમ આપે છે. બહેનનું મમતાડું સ્વરૂપ એ ભાઈ માટે ખૂબ જ જીવનનું અગત્યનું પાસુ ગણાય છે. જ્યારે માતા ન હોય ત્યારે ભાઈ માટે બહેન એક માતા બની ને ઊભી રહે છે. ભાઈ ની કાળજી લેવી એ બહેનની ફરજ માં ગણાય છે. તેની નાની મોટી જરૂરિયાતોને ધ્યાનમાં રાખવી એ ફરજ મા આવે છે બહેનનું રક્ષણ એ ભાઈનો હક છે એવી જ રીતે બહેનની ખુશી માટે ભાઈ હંમેશા તત્પર રહે છે. આપણી આ ભારતીય સંસ્કૃતિમાં ભાઈ બહેનના સંબંધની ગરિમા ને ઉજવવા માટે રક્ષાબંધનનો તહેવાર ઉજવવામાં આવે છે. અને ભાઈબીજ પણ ઉજવાય છે. આ તહેવારમાં દોરા ના તાતણાને રક્ષા સુત્ર કહેવાય છે આ તાતણાને ખાલી તાતણા નથી પણ આમાં ખૂબ જ પવિત્ર સંબંધ છુપાયેલો હોય છે જેનાથી આજીવન પ્રેમ બંધન સચવાઈ રહે છે, ભાઈનો આદર અને સન્માન એ બહેનનું ઘરેણું છે આ સન્માન માટે બહેન હંમેશા ચિંતા હોય છે. ભાઈ નાનો હોય કે મોટો પણ બહેન પ્રત્યે હંમેશા સમર્પણની ભાવના દાખવતો જોવા મળે છે. વર્ષો વીતી જાય છે પણ ભાઈ બહેનના પ્રેમને કોઈ ઓટ આવતી નથી બહેન સાસરે જાય ત્યારે સ્થાનિક અંતર વધે છે પણ મનનું અંતર વધતું નથી. એને જ સાચો ભાઈ બેનનો પ્રેમ કહેવાય છે. આ ભાઈ બહેનના પ્રેમમાં ઉજવળ ભવિષ્યને ધ્યાનમાં રાખી આશીર્વાદ અપાતા પણ જોવા મળે છે. આમ ખૂબ જ આ પ્રેમમાં નિસ્વાર્થ પ્રેમ, આદર, સમર્પણ, સતત ચિંતા, સન્માન, વગેરે જોવા મળે છે.

સંસ્કૃત સપ્તાહ મહોત્સવ અંતર્ગત

# ઉનાઃ વિદ્યાર્થીઓ દ્વારા ઋષિમુનિઓ અને ભગવાનની વેશભૂષા ધારણ કરી યોજાઈ ભવ્ય સંસ્કૃત યાત્રા

**અબતક, ઉના**




ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા આયોજિત સંસ્કૃત સપ્તાહ મહોત્સવ યોજના અંતર્ગત સંસ્કૃત સપ્તાહ મહોત્સવની ઉજવણી અનુસંધાને યુવક મંડળ ગીર ગઢડા સંચાલિત અભિનવ વિદ્યામંદિર શાળા પરિવાર દ્વારા ભવ્ય ગૌરવ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું. આ ગૌરવ યાત્રામાં વિદ્યાર્થીઓ, ગુરુજનો ,સંચાલક મંડળના પ્રમુખ , સભ્યો ,ગ્રામજનો દ્વારા ભાગ લેવામાં આવ્યો. વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ ઋષિમુનિઓ અને ભગવાનના અવતારોની વેશભૂષાનું પરિધાન કરવામાં આવ્યું તેમજ વિવિધ ધાર્મિક ગ્રંથોનું પૂજન કરી અને તેને પણ યાત્રામાં સામેલ કરવામાં આવ્યા. આ ગૌરવ યાત્રાનો હેતુ સમાજમાં અને લોકોમાં આપણી સંસ્કૃતિ વિશે જાગૃતિ ફેલાવવાનો અને આપણી પ્રાચીન પરંપરાથી અવગત થવાનો છે.


## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૨૭-૦૮-૨૦૨૬ ગુરુવાર**

૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (હાહાકાર)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (સંજય રાવલ)
૦૩:૦૦ થી ૦૩:૨૦ રસથાળ (વેનીલા હની પેન કેક)
૦૩:૨૦ થી ૦૪:૦૦ આયુર્વેદ:આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.ધવલ મકવાણા)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (રંગ રંગીલા ગુજ્જુભાઈ)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૨૯-૦૮-૨૦૨૬ શુક્રવાર**

૦૭:૦૦ થી ૧૦:૦૦ શિવ કથા (પૂ.ગીરીબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ


## અબતક પંચાગ

**તા.૨૮-૮-૨૦૨૬ શુક્રવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૮
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** શ્રાવણ શુદ પુનમ રક્ષાબંધન
**નક્ષત્ર** શતભિષા
**યોગ** અતિગંડ **કરણ:** બાલવ
**સુર્યોદય** ૬.૩૦ **સુર્યાસ્ત:** ૭.૦૭
**ચંદ્ર રાશી** કુંભ
**રાશિ અક્ષર** ગ.શ.સ
**દિશાશૂળ** પશ્ચિમ દિશા તરફ
**રાહુકાળ** સવારે ૧૦.૩૦ થી ૧૨
**દિવસનાચોઘડીયા**
ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ
**રાત્રીનાચોઘડીયા**
રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૨૪ થી ૧.૧૪

**શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭**

## સૂડોકુ -૫૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૬ | | ૩ | | | ૧ | |
| | ૫ | | | | | | | |
| ૧ | ૨ | | ૭ | | | | | ૮ |
| | ૯ | | | ૨ | | | | |
| ૮ | ૩ | | | | | ૬ | | |
| | | ૨ | | | ૯ | | ૩ | |
| ૨ | | | | ૮ | ૩ | | | ૯ |
| | ૪ | | ૯ | ૭ | | | | |
| | | | | ૧ | ૬ | ૭ | ૪ | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૫૮ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૧ | ૩ | ૯ | ૬ | ૭ | ૮ | ૨ | ૫ |
| ૨ | ૯ | ૮ | ૫ | ૧ | ૩ | ૪ | ૭ | ૬ |
| ૫ | ૬ | ૭ | ૪ | ૨ | ૮ | ૯ | ૧ | ૩ |
| ૧ | ૩ | ૪ | ૭ | ૯ | ૫ | ૬ | ૮ | ૨ |
| ૬ | ૮ | ૨ | ૧ | ૩ | ૪ | ૫ | ૯ | ૭ |
| ૯ | ૭ | ૫ | ૨ | ૮ | ૬ | ૧ | ૩ | ૪ |
| ૮ | ૫ | ૬ | ૩ | ૭ | ૧ | ૨ | ૪ | ૯ |
| ૩ | ૨ | ૧ | ૬ | ૪ | ૯ | ૭ | ૫ | ૮ |
| ૭ | ૪ | ૯ | ૮ | ૫ | ૨ | ૩ | ૬ | ૧ |

## આવતીકાલનું રાશિફળ

**તા ૨૮.૮ .૨૦૨૬ શુક્રવાર , સંવંત ૨૦૮૨ , શ્રાવણ સુદ પૂનમ, શતતારા નક્ષત્ર, અતિ. યોગ, બાલવ કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ કુંભ (ગ ,સ,શ) રહેશે.**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ** (અ,લ,ઈ) : મનમાં અન્ય પ્રત્યે અભાવ આવી શકે છે પરંતુ નકારાત્મક વિચારો ટાળવા સલાહ છે,દિવસ મધ્યમ રહે.

**વૃષભ** (બ,વ,ઉ) : ઉતાવળે કાર્ય નહિ કરી શકો ધીમી પ્રગતિ જોવા મળે,કામકાજમાં સફળતા મળે.

**મિથુન** (ક,છ,ઘ) : સંઘર્ષ પછી સફળતા મળે, ધંધો રોજગાર શોધતા મિત્રો માટે શુભ,પ્રગતિકારક દિવસ.

**કર્ક** (ડ,હ) : તમે કરેલા કાર્યના સારા પરિણામ મેળવી શકશો, પોઝિટિવ વિચારોથી આગળ વધશો તો અવશ્ય કાર્યસિદ્ધિ મળશે.

**સિંહ** (મ,ટ) : અટવાયેલા કાર્ય પૂર્ણ થાય, કોર્ટ કચેરીમાં સારું રહે, ઘણા સમય થી રાહ જોઈ રહ્યા હોય તેવી બાબતો સામે આવે.

**કન્યા** (પ,ઠ,ણ) : લાગણીના સંબંધોમાં સારી અનુભૂતિ થાય ,અંગત સંબંધોમાં સારું રહે, મનની વાત વ્યક્ત કરી શકો.

**તુલા** (ર,ત) :સવાર બાજુ દોડધામ રહે,સાંજ ખુશનુમા વીતે,ઈચ્છીત પરિણામ મેળવી શકો, શુભ દિન.

**વૃશ્ચિક** (ન,ય) : ઉચ્ચ અભ્યાસ કરવા ઈચ્છતા મિત્રોને સારી તક પ્રાપ્ત થાય, વિદેશ જવા માંગતા મિત્રોને પણ વાત આગળ વધે!.

**ધન** (ધ,ભ,ફ,ઢ) : આધ્યાત્મિક ચિંતન થાય,મનોમંથન કરી શકો, સત્સંગથી સંશયો દૂર થાય , શુભ દિન.

**મકર** (ખ,જ) : વિલંબ થી પણ તમને કાર્ય માં સફળતા મળે,અંતરાય દૂર થાય,જીવનમાં નવો પ્રકાશ ફેલાતો લાગે .

**કુંભ** (ગ,સ,શ) : તમે તમારી જાત સાથે રહી શકો,શોખ અને આનંદની બાબતો કરી શકો, મનોમંથન કરી શકો.

**મીન** (દ,ચ,ઝ,થ) :સવાર બાજુ થોડી કામગીરી રહે, તમારી પ્રગતિના દરવાજા ખુલતા જણાય,અંતરાયો દૂર થાય.

# પ્રાઈમરી માર્કેટમાં આઈપીઓનું વાવાઝોડુઃ રોકાણકારો તરબતર થશે

## અનેક કંપનીઓ આઈપીઓ લાવી મૂડી એકત્ર કરવા આતુરઃ સેકન્ડરી માર્કેટ કરતા પ્રાઈમરી માર્કેટ તરફ વળતા રોકાણકારો

**અબતક, રાજકોટ**

પ્રાઈમરી માર્કેટમાં આઈપીઓનું વાવાઝોડું આવી રહ્યું છે. બલ્કે વાવાઝોડું ચાલી રહ્યું છે તેમ કહી શકાય.દિવસે ને દિવસે નવી નવી કંપનીઓ આઈપીઓ લાવી રહી છે.દિન-પ્રતિદિન આ સંખ્યા વધતી જઈ રહી છે.મુખ્ય વાત તો એ છે કે આ વખતે મેઈન બોર્ડના આઈપીઓ વધુ આવી રહ્યા છે.તેના કરતાં પણ સૌથી અગત્યની વાત તો એ છે કે આ બધા જ આઈપીઓ એટલે કે અપવાદરૂપ એક કે બે ને બાદ કરતા અનેક ગણાં ઓવર સબસ્ક્રાઈબ થઈ રહ્યા છે. રસપદ વાત તો એ છે કે જે કંપની નુકસાન કરતી હોય તેવી કંપનીના શેરો ના આઈપીઓ પણ અનેક ગણા ભરાઈ રહ્યા છે, તેવી કંપનીમાં પણ રોકાણ કરવા માટે રોકાણકારોની જાણે ભીડ લાગી છે. ખાસ આવી પરિસ્થિતિનું કારણ એ છે કે હવે સેકન્ડરી માર્કેટમાં છેલ્લા કેટલાક સમયથી ખાસ કોઈ મોટી તેજી થઈ નથી એટલે રોકાણકારોને સેકન્ડરી માર્કેટ માંથી વિશ્વાસ ઉઠતો જાય છે.ભરોસો તૂટતો જાય છે.હકીકત એ છે કે સેકન્ડરી માર્કેટમાં પણ હવે એફ આઈ આઈ ની આક્રમક વેચવાલી રહી નથી એટલે સમય સેકન્ડરી માર્કેટનો પણ ચાલવાનો પાકી ગયો છે.આવા સમયે સેકન્ડરી માર્કેટમાં જે જુના રોકાણકારો છે તેઓ હજી શેરોમાં વેચવાલી કરતા નથી અને સારા સમયની રાહ જોઈ રહ્યા છે. બીજી બાજુ ડોમેસ્ટિક ફંડો સતત એફ.આઈ.આઈ ને હફાવી રહ્યા છે અને જેટલી રકમના શેરો એફ.આઈ.આઈ વેચી રહી છે તેનાથી પણ વધુ રકમના શેરો રોજ સ્થાનિક નાણાકીય સંસ્થાઓ ખરીદી રહી છે.



પ્રાઈમરી માર્કેટમાં આવનારા સમયમાં મેગા આઈપીઓ આવી રહ્યા છે.પ્રાઈમરી માર્કેટનું વાતાવરણ અત્યારે ખૂબ જ પોઝિટિવ છે અને આવા માહોલનો લાભ લેવા અનેક પ્રમોટરો હોડ લગાવી,પોતાના આઈપીઓની મંજૂરી સેબી માંથી મેળવી રહ્યા છે.એક અંદાજ પ્રમાણે આશરે ૧૨૦ થી વધુ કંપનીઓ અને રુપીયા બે લાખ કરોડથી વધુ રકમના આઈપીઓ આવવાની ધારણા નિષ્ણાતો આ વર્ષના અંત સુધીમાં જોઈ રહ્યા છે

રાજકોટ શહેર હવે આઈપીઓ માટેનું ખાસ હબ બની રહ્યું છે.બીજા શહેરોના પ્રમાણમાં રાજકોટમાં ઘણો મોટો વર્ગ આઈપીઓ માં શેરો મેળવવા અરજીઓ કરી રહ્યો છે ખાસ વાત તો એ છે કે રાજકોટના કુલ રોકાણકારો માંથી ૫૦% થી વધુ લોકો લિસ્ટિંગ ના દિવસે જ શેરો વેચી અને મૂડી છૂટી કરી બીજા આવનારા આઈપીઓ માં રોકાણ કરતા હોય છે. પ્રાઈમરી માર્કેટમાં રોકાણકારો ફક્ત ટૂંકા ગાળા માટે જ રોકાણ કરતા હોય છે.જ્યારે સેકન્ડરી માર્કેટમાં આ સ્થિતિ વિપરીત હોય છે. સેકન્ડરી માર્કેટમાં લોકો લાંબા ગાળા માટે રોકાણ કરતા હોય છે

નેશનલ સ્ટોક એક્સચેન્જ એટલે કે એન એસ ઈ પણ ટૂંક સમયમાં પોતાનો આઈપીઓ લાવે તેવી શક્યતા પ્રબળ છે. એન એસ ઈ નો આઈપીઓ મેગા આઈપીઓ જ હશે. પ્રાઈમરી માર્કેટ માટે ઐતિહાસિક રકમનો આઈપીઓ હોવાની ધારણા છે. રોકાણકારો પણ એન એસ ઈ ના આઈપીઓ ની રાહ જોઈ રહ્યા છે. આવનારા સમયમાં જો એન એસ ઈનો આઈપીઓ આવી જાય અને ખૂબ જ સારો પ્રતિસાદ મળે તો પ્રાઈમરી માર્કેટમાં ખૂબ જ મોટી તેજી આવવાની શક્યતા છે જોકે નેશનલ સ્ટોક એક્સચેન્જ વિશ્વાસનીય કંપની છે અને એના આઈપીઓ ને ખૂબ જ સારો પ્રતિસાદ મળવાની પૂરેપૂરી શક્યતા રોકાણકારો જોઈ રહ્યા છે.રોકાણકારો એનએસઈ ના આઈપીઓ ની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે. રિલાયન્સ ગ્રુપ તરફથી પણ એક મેગા આઈપીઓ ની શક્યતા જોવાઈ રહી છે અને રિલાયન્સ ગ્રુપના આઈપીઓ ની પણ રોકાણકારો આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે. રિલાયન્સ ગ્રુપ અને એન એસ ઈ ના આઈપીઓ જો આ વર્ષનો અંત સુધીમાં આવશે તો પ્રાઈમરી માર્કેટમાં જોરદાર એક્ટિવિટી જોવા મળશે.

શેરબજારના નિષ્ણાંત પરેશભાઈ વાઘાણી ના જણાવ્યા અનુસાર આવનારા દિવસો પ્રાઈમરી માર્કેટના તો હશે જ પરંતુ જે રીતે એફ.આઈ.આઈ ની વેચવાલી સેકન્ડરી માર્કેટમાં ઘટી ગઈ છે. તેવા સંજોગોમાં દિવાળી સુધીમાં શેર બજારમાં ખાસ કરીને સેકન્ડરી માર્કેટમાં પણ સુધારો જોવા મળશે પ્રાઈમરી માર્કેટમાં તો આઈપીઓ ની વણઝાર છે. આવનારા દિવસો પ્રાઈમરી માર્કેટ માટે સીમા ચિન્હરૂપ સાબિત થશે અને ગમે તેવા મોટા મેગા આઈપીઓ આવે રોકાણકારો પાસે ફંડ છે જ અને ગમે તેટલી રકમના આઈપીઓ ને આસાનીથી રોકાણકારો છલકાવી દેશે, એમાં કોઈ શંકા નથી.

---

### જિલ્લા પોલીસ અને આરટીઓ દ્વારા ઝુંબેશ હાથ ધરાશે

## જૂનાગઢઃ મંગળવારથી વીમાની ચુસ્ત અમલવારી માટે ઈન્ફોર્સમેન્ટ ડ્રાઈવ ચલાવાશે

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જિલ્લા કલેક્ટર યોગેશ ચૌધરીએ માર્ગ સલામતી માટે જરૂરી પગલાં લેવા માટે નિર્દેશો આપ્યા છે. આ સાથે તેમણે જિલ્લામાં કાયદા મુજબ વાહનોનો થર્ડ પાર્ટી વીમાની ચુસ્ત મલવારી માટે એક ખાસ ઝુંબેશ હાથ ધરવા સૂચના આપી છે. જે તા.૧લી સપ્ટેમ્બરથી સમગ્ર જિલ્લામાં પ્રારંભ થશે. પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી અને પોલીસ વિભાગ દ્વારા વાહનો માટે ફરજિયાત માન્ય થર્ડ પાર્ટી વીમો ધરાવવાની જોગવાઈનું પાલન સુનિશ્ચિત કરવા માટે વિશેષ સંયુક્ત રોડ એન્ફોર્સમેન્ટ ડ્રાઈવ હાથ ધરવામાં આવશે. આ ડ્રાઈવનો મુખ્ય હેતુ મોટર વાહન અધિનિયમની જોગવાઈઓનું પાલન સુનિશ્ચિત કરવા ઉપરાંત રોડ સેફ્ટી, જવાબદાર વાહન વ્યવહાર અને અકસ્માતના ભોગ બનેલ થર્ડ પાર્ટીના હિતોનું રક્ષણ કરવાનો છે.

માન્ય થર્ડ પાર્ટી વીમા વિના વાહન ચલાવવું કાયદાની જોગવાઈઓનું ઉલ્લંઘન છે. આવા વાહનના અકસ્માતના કિસ્સામાં અકસ્માતગ્રસ્ત વ્યક્તિ તેમજ વાહન માલિકને ગંભીર નાણાકીય મુશ્કેલી ઊભી થઈ શકે છે.

---

## વેરાવળ - હરિદ્વાર ટ્રેનની મુદ્દત નવેમ્બર સુધી વધારવામાં આવી

**અબતક, જયેશ પરમાર, સોમનાથ**

આગામી તહેવારો અને પ્રવાસ યાત્રિકોને પહોંચી વળવા એક મહિના પુરતી ટ્રાયલ બેઈઝ વેરાવળ હરિદ્વાર ટ્રેનને ઓક્ટોબર - નવેમ્બર સુધી વધારવામાં આવી છે. રેલ્વે સલાહકાર સમિતિના મુકેશ ચોલેરા તથા અનિષ રાચ્છના જણાવ્યા અનુસાર હવેથી દર મંગળવારે અને બુધવારે હરિદ્વારથી વેરાવળ ૨૧ ઓક્ટોબરથી ૨૫ નવેમ્બર ૨૦૨૬ સુધી ૬ ફેરા સાથે દોડશે. જેમાં સુપ્રસિધ્ધ યાત્રાધામો ઠાકુરશ્યામ, અજમેર અને હરિદ્વાર સાંકળી લેવામાં આવેલ હતા. વેસ્ટર્ન રેલ્વેના આ નિર્ણયને વેરાવળ રેલ્વે સલાહકાર સમિતિએ આવકારી આભાર વ્યક્ત કર્યો છે.

---

## કાલે ચોટિલા ખાતે ઝવેરચંદ મેઘાણીની ૧૩૦મી જન્મજયંતી નિમિતે સ્મરણાંજલી કાર્યક્રમ યોજાશે

**અબતક, રણજીતસિંહ ધાંધલ, ચોટીલા**

રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૩૦મી જન્મજયંતી નિમિત્તે એમની જન્મભૂમિ ચોટીલા ખાતે 'સ્મરણાંજલિ' કાર્યક્રમનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ તારીખ ૨૮ ઑગસ્ટ ૨૦૨૬, શુક્રવારના રોજ સવારે ૧૦:૦૦ કલાકે 'રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી જન્મસ્થળ સ્મારક તથા સંગ્રહાલય', ચોટીલા ખાતે યોજાશે. આ સ્મરણાંજલિ કાર્યક્રમમાં રાજકોટના લોકસભા સાંસદ પરશોત્તમભાઈ રૂપાલા, સુરેન્દ્રનગરના લોકસભા સાંસદ ચંદુભાઈ શિહોરા, રાજ્યસભા સાંસદ કેસરીદેવસિંહ ઝાલા, પૂર્વ રાજ્યસભા સાંસદ રામભાઈ મોકરિયા, લીંબડીના ધારાસભ્ય કિરિટસિંહ રાણા, ચોટીલાના ધારાસભ્ય શામજીભાઈ ચૌહાણ તેમજ ખ્યાતનામ લોકગાયક અભેસિંહ રાઠોડ વિશેષ પ્રેરક ઉપસ્થિતિ આપશે.



આ પ્રસંગે ગુજરાત સરકારના વન વિભાગ દ્વારા આયોજિત ચોટીલા તાલુકાકક્ષાના 'વન મહોત્સવ' અંતર્ગત 'રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી જન્મસ્થળ સ્મારક તથા સંગ્રહાલય' અને 'વરૂણ વન' ખાતે વૃક્ષારોપણ કરવામાં આવશે.

---

## જૂનાગઢઃ નરસિંહ મહેતા યુનિ. દ્વારા યોજાયેલી આંતર કોલેજ કબડ્ડી સ્પર્ધા ૨૧ ટીમોએ લીધો ભાગ



### ભાઈઓમાં બહાઉદ્દીન વિનયન કોલેજ અને બહેનોમાં સોમનાથ આર્ટસ કોલેજ ચેમ્પિયન

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**


ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી દ્વારા આયોજિત અને બહાઉદ્દીન સરકારી વિનયન કોલેજ, જૂનાગઢ દ્વારા યજમાન પદે બે દિવસીય ભાઈઓ તથા બહેનો માટેની 'આંતર કોલેજ કબડ્ડી સ્પર્ધા'નું શાનદાર અને સફળ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભાઈઓમાં બહાઉદ્દીન સરકારી વિનયન કોલેજ, જૂનાગઢ અને બહેનોમાં સોમનાથ આર્ટસ કોલેજ (કોડીનાર) ચેમ્પિયન બની હતી.

આ રોમાંચક કબડ્ડી સ્પર્ધામાં ભાઈઓની કુલ ૧૫ અને બહેનોની કુલ ૬ ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ભાઈઓની ફાઈનલ મેચ બહાઉદ્દીન સરકારી વિનયન કોલેજ, જૂનાગઢ અને જે. એસ. પરમાર કોલેજ, કોડીનાર વચ્ચે રમાઈ હતી. આ મેચમાં બહાઉદ્દીન સરકારી વિનયન કોલેજની ટીમ વિજેતા બની હતી. જ્યારે બહેનોની ફાઈનલ મેચ સોમનાથ આર્ટસ કોલેજ, કોડીનાર અને બહાઉદ્દીન સરકારી વિનયન કોલેજ, જૂનાગઢ વચ્ચે રમાઈ હતી. આ મેચમાં સોમનાથ આર્ટસ કોલેજ, કોડીનારની બહેનો વિજેતા બની હતી, જ્યારે બહાઉદ્દીન સરકારી વિનયન કોલેજ, જુનાગઢની ટીમ રનર્સ-અપ રહીને કોલેજનું ગૌરવ વધાર્યું હતું.

---

## સોમનાથ મહાદેવનો અદ્ભૂત રંગબેરંગી વસ્ત્ર દર્શન શૃંગાર

### રંગીન પીતાંબર સુગંધિત પુષ્પો તથા સુખડ અને ચંદન દિવ્ય દ્રવ્યોથી સુશોભિત કરાયા



**અબતક, જયેશ પરમાર, સોમનાથ**

પવિત્ર શ્રાવણ માસની સુદ ચતુર્દશીના પાવન અવસરે પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવને ભાવિક ભક્તો માટે અલૌકિક અને મનોહર 'રંગબેરંગી વસ્ત્ર દર્શન શૃંગાર' અર્પણ કરવામાં આવ્યો હતો. આ વિશેષ શૃંગાર અંતર્ગત દેવાધિદેવ મહાદેવને વિવિધ રંગીન પીતાંબર, સુગંધિત પુષ્પો તથા સુખડ-ચંદન સહિતના દિવ્ય દ્રવ્યોથી સુશોભિત કરવામાં આવ્યા હતા.

માનવ જીવન હંમેશાં પરિવર્તનશીલ રહ્યું છે. જીવનમાં ક્યારેક કેસરી વસંત જેવો ઉત્સાહ અને આનંદ હોય છે, તો ક્યારેક સંઘર્ષ કે વિષમ પરિસ્થિતિઓનો સામનો પણ કરવો પડે છે. જે રીતે અલગ-અલગ રંગો મહાદેવના શૃંગારની દિવ્યતા અને સુંદરતામાં વૃદ્ધિ કરે છે, તે જ રીતે જીવનમાં આવતી સુખ-દુઃખની વિવિધ પરિસ્થિતિઓ મનુષ્યને પરિપક્વ અને જીવનને અર્થપૂર્ણ બનાવે છે.

---

## સોમનાથઃ જિલ્લા સ્વાગત કાર્યક્રમ કલેક્ટર જીતેન્દ્રસિંહ વાઘેલાના અધ્યક્ષસ્થાને યોજાયો

**અબતક, અતુલ કોટેચા, સોમનાથ**



### ઓનલાઈન જન ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં નાગરીકોની સમસ્યાઓનો હકારાત્મક ઉકેલ આવે તે મુજબ સુચન કરાયા

જિલ્લા સેવા સદન ખાતે યોજાયેલા જિલ્લા 'સ્વાગત' ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી કલેક્ટર જીતેન્દ્રસિંહ વાઘેલાએ નાગરિકોની સમસ્યાઓ સાંભળી આ સમસ્યાઓનો ઉકેલ આવે એ દિશામાં હકારાત્મક કામગીરી કરવા ઉપસ્થિત અધિકારીઓને સૂચન કર્યા હતાં. નાગરિકોએ રખડતા પશુઓની સમસ્યા અંગે, ગાંગેથાથી સરસ્વતી સીમશાળાને જોડતા રસ્તા અંગે, ગ્રામ્ય સ્તરે ૧૯૬૨ હેલ્પલાઈન કાર્યરત કરવા અંગે, અકસ્માત વીમાની રકમ, વીજ કનેકશન મેળવવામાં મુશ્કેલી, વરસાદી પાણીના નિકાલ સહિતના પ્રશ્નો રજૂ કર્યા હતાં.

કલેકટરએ નાગરિક પ્રથમ અભિગમ દાખવી સબંધિત અધિકારીઓ સાથે અરજદારની હાજરીમા રજૂ થયેલા તમામ પ્રશ્નોની વિગતવાર સમીક્ષા કરી હતી અને અરજીઓનો ત્વરિત નિકાલ લાવવા જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

સ્વાગત ફરિયાદ નિવારણમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી સ્નેહલ ભાપકર, નિવાસી અધિક કલેક્ટર શ્રી રાજેશ આલ, પ્રાંત અધિકારી સર્વ શ્રી કે.આર.પરમાર, જે.વી.કાકડિયા, મામલતદારશ્રીઓ, તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ સહિત સંલગ્ન વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

---

## નેપાળમાં પૂરથી અસરગ્રસ્ત નાગરિકો માટે હેલ્પલાઈન નંબર જાહેર

### જિલ્લાના અસરગ્રસ્ત સંબંધિત નાગરીકોએ હેલ્પલાઈન નંબર ૧૦૭૭નો સંપર્ક કરવાનો રહેશે

**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

નેપાળ-ચીન સરહદ નજીક તિબેટ તરફથી ભોટેકોશી નદીમાં ભારે વરસાદના કારણે રસુવા જિલ્લા સહિતના વિવિધ વિસ્તારોમાં અચાનક પૂરની પરિસ્થિતિ સર્જાઈ છે.

આ પરિસ્થિતિને પગલે નેપાળમાં પ્રવાસે ગયેલા અથવા અન્ય કારણોસર રોકાયેલા ગીર સોમનાથ જિલ્લાના નાગરિકો અસરગ્રસ્ત થયા હોય તો તેમની સલામતી અને જરૂરી સહાય માટે તાત્કાલિક ગીર સોમનાથ જિલ્લા કંટ્રોલરૂમ નંબર (૦૨૮૭૬) ૨૮૫૦૬૩/૬૪ અને હેલ્પલાઈન નંબર ૧૦૭૭નો ઉપયોગ કરી સંપર્ક સાધવો.

જરૂરિયાતમંદ ભારતીય નાગરિકો +૯૭૭ ૯૮૫ ૧૩૧ ૬૮૦૭ અથવા +૯૭૭ ૯૭૦ ૯૧૦ ૭૫૦૦ નંબર પર સંપર્ક કરી શકે છે.

જાહેર કરવામાં આવેલા બંને ઈમરજન્સી નંબરો પર WhatsApp મારફતે પણ સંપર્ક કરી શકાય છે. નેપાળમાં ફસાયેલા ભારતીય નાગરિકો અથવા તેમના પરિવારજનોને કોઈપણ પ્રકારની તાત્કાલિક મદદની જરૂર હોય તો વિલંબ કર્યા વિના ઉપરોક્ત હેલ્પલાઈન નંબરો પર સંપર્ક કરવો.

---

## સુરેન્દ્રનગરઃ નેપાળમાં ફસાયેલા માટે હેલ્પ લાઈન નંબર જાહેર

### વિસ્તારોમાં ફસાયેલા હોય તો ડી.સી.ઓ.સી. કંટ્રોલ રૂમને જાણ કરવા અનુરોધ

**અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

નેપાળના વિવિધ વિસ્તારોમાં ભારે વરસાદને પગલે પૂર તથા અચાનક આવેલા ફ્લેશ ફ્લડની પરિસ્થિતિ સર્જાઈ છે જેમાં ખાસ કરીને ભોટે કોશી નદી વિસ્તારમાં સર્જાયેલી પૂરની સ્થિતિને ધ્યાને રાખીને સુરેન્દ્રનગર જીલ્લા વહીવટી તંત્ર દ્વારા તકેદારીના પગલાં લેવામાં આવી રહ્યા છે.

આથી નેપાળના પૂરગ્રસ્ત વિસ્તારોમાં સુરેન્દ્રનગર જીલ્લાના કોઈ નાગરિકો કે પ્રવાસીઓ ફસાયેલા છે કે કેમ ? તે અંગેની માહિતી એકત્ર કરવા માટે જીલ્લાના તમામ તાલુકાઓના ટૂર ઓપરેટરોને તેમના દ્વારા મોકલવામાં આવેલ પ્રવાસીઓની સ્થિતિ ચકાસવા તાકીદ કરવામાં આવી છે. આથી જો સુરેન્દ્રનગર જીલ્લાના કોઈ પણ નાગરિક અથવા પ્રવાસી જૂથ નેપાળના પૂરગ્રસ્ત વિસ્તારમાં ફસાયેલા હોય અથવા તેમની સાથે સંપર્ક ન થઈ રહ્યો હોય તો ટૂર ઓપરેટરો તેમજ સંબંધિત નાગરિકોના પરિવારજનોને તાત્કાલિક સુરેન્દ્રનગર જીલ્લા આપત્તિ વ્યવસ્થાપન કંટ્રોલરૂમ ટેલિફોન નંબર ૦૨૭૫૨ - ૨૮૫૩૦૦, ૦૨૭૫૨ - ૨૮૩૪૦૦ ખાતે જાણ કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

---

## માણાવદરઃ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ હવેલી ખાતે ભક્તિમય વાતાવરણ વચ્ચે 'પવિત્ર ઉત્સવ'ની ઉજવણી

### વૃજવલ્લભ બાવાશ્રીના સાનિધ્યમાં વૈષ્ણવ સમાજના શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા



**અબતક, જીજ્ઞેશ પટેલ, માણાવદર**

માણાવદર સ્થિત શાકમાર્કેટ પાસે આવેલી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ હવેલી ખાતે ભક્તિમય વાતાવરણ વચ્ચે ભવ્ય 'પવિત્રા ઉત્સવ'ની શ્રદ્ધાભેર ઉજવણી કરવામાં આવી હતી. આ ધાર્મિક મહોત્સવમાં જૂનાગઢ મોટી હવેલીના પૂજ્ય વ્રજવલ્લભ બાવાશ્રી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમના દિવ્ય સાન્નિધ્યમાં યોજાયેલા આ પ્રસંગે માણાવદર શહેર તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં વૈષ્ણવ સમાજના શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા અને સમગ્ર વાતાવરણ વૈષ્ણવમય બની ગયું હતું.

કાર્યક્રમની શરૂઆત સાંજે ૪:૦૦ વાગ્યે બ્રહ્મસંબંધ દીક્ષા સાથે થઈ હતી, જેમાં અનેક વૈષ્ણવોએ પુષ્ટિમાર્ગીય રીત-રિવાજ મુજબ બ્રહ્મસબંધ દીક્ષા ગ્રહણ કરી હતી. ત્યારબાદ સાંજે ૪:૩૦ કલાકે મુખ્ય ઉત્સવનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે બાવાશ્રીએ પોતાના મુખારવિંદથી દિવ્ય વચનામૃતનો લાભ આપતા જણાવ્યું હતું કે પવિત્રા ઉત્સવ એ પ્રભુ સેવા અને સમર્પણ ભાવનું પ્રતિક છે. બાવાશ્રીના અમૃતવચનો સાંભળીને ઉપસ્થિત તમામ વૈષ્ણવોએ કૃતાર્થતાની અનુભૂતિ કરી હતી.

---

## અમરેલી-ચોકી ખાખરીયા રોડના કામ માટે રૂ.૧૦ કરોડની સૈધ્ધાંતિક મંજૂરી

### કુંકાવાવ-વડિયા સહિત અનેક ગામોને મળશે સુગમ વાહનવ્યવહારનો લાભ

**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

અમરેલી જિલ્લાના માર્ગ માળખાને વધુ મજબૂત બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે. અમરેલી-ચોકી ખાખરીયા ૩૮ કિ..મી. સુધીના માર્ગના રીસરફેસિંગ માટે રૂપિયા ૧૦ કરોડની સૈધ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે. અમરેલી-કુંકાવાવ-વડિયા વિધાનસભાના ધારાસભ્ય અને રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાની સતત રજૂઆતોના પરિણામે આ મંજૂરી મળતાં કુંકાવાવ-વડિયા, મોટા ઉજળા, અનિડા, સૂર્યપ્રતાપગઢ અને ખાખરીયા સહિતના ગામોના લોકોને અવરજવર અને વાહનવ્યવહારમાં મોટી સુવિધા મળશે. માર્ગનું રીસરફેસિંગ પૂર્ણ થયા બાદ વાહનચાલકોને વધુ સારી અને સલામત માર્ગ સુવિધા ઉપલબ્ધ થશે. આ મહત્વપૂર્ણ મંજૂરી બદલ કૌશિકભાઈ વેકરીયાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીનો આભાર વ્યક્ત કર્યો હતો.


**CHANGE OF NAME**

I **SHITAL SANJAY SAPARIA** HEREBY DECLARE THAT I HAVE CHANGED MY NAME FROM **SHITALBEN SANJAYKUMAR SAPARIA** TO **SHITAL SANJAY SAPARIA**. NOW ONWARDS I WOULD BE KNOWN AS **SHITAL SANJAY SAPARIA**.

**ADDRESS:** SHANIDHYA GREEN-B, FLAT-1102, AHEAD SPEEDWELL PARTY PLOT, RAJKOT, GUJARAT 360004.



**પશ્ચિમ રેલવે**
**રાજકોટ ડિવિઝન**

**વિવિધ સ્થળો ખાતે CCTV સર્વેલન્સ સિસ્ટમની જોગવાઈ**

ટેન્ડર નોટીસ નં. ડીઆરએમ/આરજેટી/ઈ-ટેન્ડર/ઈએલ/ટીઆરડી/૨૬-૨૭/૧૬R૧ તારીખ : ૨૨.૦૮.૨૦૨૬

**(i) કામનું નામઃ** રાજકોટ ડિવિઝન પર TSS/SP/SSP અને ટાવર વેગન શેડ્સ ખાતે CCTV સર્વેલન્સ સિસ્ટમની જોગવાઈ. **(ii) અંદાજિત પડતરઃ** ₹ ૫૦,૮૭,૨૧૫.૦૨/- ફક્ત **(iii) અર્નેસ્ટ મનીઃ** ₹ ૧,૦૧,૮૦૦.૦૦/- **(iv) ઓનલાઈન અરજી કરવાની તારીખ અને સમયઃ** તા.૧૮-૦૯-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક સુધી **(v) ઓફિસનું સરનામું :** ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ/TrD), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-૩૬૦૦૦૧. **વેબસાઈટ વિગત :** www.ireps.gov.in RJT-126

અમને ફોલો કરો: X x.com/WesternRly

તંત્રી લેખ


# અનામત નીતિમાં સમાન દ્રષ્ટિકોણ અને સુધારાની આવશ્યકતા

કેન્દ્ર સરકારે સાર્વજનિક ક્ષેત્ર અને ખાનગી ક્ષેત્રના કર્મચારીઓના બાળકો માટે 'ક્રીમી લેયર'ના નવા અને સ્પષ્ટ માપદંડો તૈયાર કરવા માટે સર્વોચ્ચ અદાલત સમક્ષ બે વર્ષનો સમય માંગ્યો છે. સુપ્રીમ કોર્ટના તાજેતરના ચુકાદા અનુસાર, માત્ર પિતા કે માતાના પગાર અથવા આવકના આધારે ક્રીમીલેયર નક્કી કરી શકાય નહીં. સરકારી કર્મચારીઓ અને સાર્વજનિક કે ખાનગી ક્ષેત્રના સમાન હોદ્દા ધરાવતા કર્મચારીઓ વચ્ચે ક્રીમી લેયરના નિયમોમાં ભેદભાવ કરવો એ બંધારણના સમાનતાના અધિકારનું ઉલ્લંઘન છે. આ ઘટનાક્રમે દેશમાં અનામત નીતિના પુનઃમૂલ્યાંકન અને તેમાં સમાન દ્રષ્ટિકોણથી સુધારા કરવાની જરૂરિયાત પર ગંભીર ચર્ચા જગાડી છે.

આઝાદીના ૭૫ વર્ષ બાદઆપણી સામાજિક અને આર્થિક રચનામાં વ્યાપક બદલાવ આવ્યા છે. ૧૯૯૨ના ઐતિહાસિક ઈન્દ્રા સાહની કેસ પછી અન્ય પછાત વર્ગો ઓબીસી માટે અનામતમાં ક્રીમી લેયરનો સિદ્ધાંત અમલમાં મુકાયો હતો, જેથી અનામતનો લાભ ખરેખર જરૂરિયાતમંદ અને પછાત વર્ગ સુધી પહોંચી શકે. પરંતુ સમય જતાં સરકારી, અને ખાનગી ક્ષેત્રના કર્મચારીઓના સમાન હોદ્દાઓનું યોગ્ય સમકક્ષતા માળખું ન બનવાને કારણે વિસંગતતાઓ ઊભી થઈ છે. એક સરકારી કર્મચારીના સંતાનને ક્રીમી લેયરમાંથી મુક્તિ મળે અને તે જ કક્ષાના કર્મચારીના સંતાનને માત્ર આવકની મર્યાદાના કારણે અનામતથી વંચિત રહેવું પડે, તે બંધારણીય ન્યાયની વિરુદ્ધ છે.

ભારતે આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવ્યો છે, ત્યારે હવે સમય આવી ગયો છે કે દેશમાં સામાજિક સમરસતા અને સમતુલા જાળવવા માટે અનામત નીતિમાં આધુનિક અને સમાન દ્રષ્ટિકોણ અપનાવવામાં આવે. અનામતનો મૂળ હેતુ સામાજિક પછાતપણું દૂર કરવાનો અને વંચિતોને સશક્ત બનાવવાનો હતો. પરંતુ જ્યારે એક વર્ગ આર્થિક અને સામાજિક રીતે સક્ષમ થઈ જાય છે, ત્યારે તે લાભ વર્ગના સૌથી છેવાડાના વ્યક્તિ સુધી પહોંચવો અનિવાર્ય બને છે.

સરકારે ક્રીમી લેયરના માપદંડો નક્કી કરતી વખતે પારદર્શકતા, સામાજિક વાસ્તવિકતા અને સમાનતાને પ્રાધાન્ય આપવું જોઈએ. સરકારી અને ખાનગી ક્ષેત્રના હોદ્દાઓ વચ્ચે સમાન માપદંડ નક્કી કરીને એવું નીતિગત માળખું ઘડવું જોઈએ જે કોઈપણ સાથે અસમાન વ્યવહાર ન કરે. આઝાદીના ૭૫ વર્ષ પછી રાષ્ટ્રના સર્વાંગી વિકાસ માટે સામાજિક ન્યાય અને મેરિટ બંને વચ્ચે સંતુલન જાળવવું એ સમયની માંગ છે. નીતિગત સુધારા માત્ર કાયદાકીય કવાયત ન બની રહેતા, સમાજમાં સમાનતા અને સમરસતા સ્થાપિત કરવાનું સબળ માધ્યમ બનવા જોઈએ.



## રાષ્ટ્રીય કક્ષાએ ગુજરાતનું ગૌરવ વધારનાર

# કચ્છના ઉગતા ક્રિકેટ સ્ટાર પૂર્વ ભટ્ટનું ચેમ્બર દ્વારા સન્માન

### એસ.જી.એફ.આઈ. અંતર્ગત અંડર ૧૭ રાષ્ટ્રીય ક્રિકેટ ટીમમાં કચ્છમાં એકમાત્ર ખેલાડીનું સ્થાન મેળવી નોંધપાત્ર સિધ્ધિ મેળવી



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા ચેમ્બર ભવન સ્થિત માર્ગને ''જીસીસીઆઈ માર્ગ'' તરીકે નામકરણ કરી તકતી અનાવરણ અને લોકાર્પણના ગૌરવશાળી પ્રસંગે ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા કચ્છના પ્રતિભાશાળી યુવા ક્રિકેટર પૂર્વ આનંદકુમાર ભટ્ટનું વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય કક્ષાએ કચ્છ અને ગુજરાતનું ગૌરવ વધારનાર પૂર્વ ભટ્ટને ચેમ્બર દ્વારા રૂ. ૨૫,૦૦૦/- ની પ્રોત્સાહક રકમ, ક્રિકેટ બેટ તથા સ્મૃતિચિહ્ન અર્પન્ન કરી બહુમાનિત કરવામાં આવ્યા ભુજના વતની અને પીએમ કેન્દ્રીય વિદ્યાલય એરફોર્સ સ્ટેશન નં. ૧ના વિદ્યાર્થી પૂર્વ ભટ્ટે સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા (જ્ઞ્ધ્ઞ્ઢ્ઢ) અંતર્ગત ગુજરાતની અન્ડર-૧૭ રાષ્ટ્રીય ક્રિકેટ ટીમમાં કચ્છમાંથી એકમાત્ર ખેલાડી તરીકે સ્થાન મેળવી નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. તેલંગાણામાં યોજાયેલી રાષ્ટ્રીય સ્પર્ધામાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરી તેમણે ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. અગાઉ અન્ડર-૧૪ તથા અન્ડર- ૧૭ સ્તરે ગુજરાતના સંભવિત ખેલાડીઓની યાદીમાં પણ કચ્છમાંથી એકમાત્ર ખેલાડી તરીકે સ્થાન પ્રાપ્ત કરી તેઓએ પોતાની પ્રતિભાનો પરિચય આપ્યો હતો. સન્માન સ્વીકાર્યા બાદ પોતાના ભાવુક પ્રતિભાવમાં પૂર્વ ભટ્ટે જણાવ્યું હતું કે, આ સન્માન મારા માટે કોઈ અંતિમ મુકામ નથી, પરંતુ વધુ મહેનત, વધુ શિસ્ત અને વધુ મોટી સિદ્ધિઓ તરફ આગળ વધવા માટેની નવી પ્રેરણાત્મક શરૂઆત છે. તેમણે પોતાની સફળતાનો સૌથી મોટો શ્રેય સ્વર્ગસ્થ દાદા અને જાણીતા રમતવીર રસીકભાઈ ભટ્ટને આપતા જણાવ્યું કે, ક્રિકેટના સંસ્કાર અને રમત પ્રત્યેનો પ્રેમ તેમણે જ બાળપણથી પ્રેરિત કર્યો હતો. પૂર્વ ભટ્ટે કચ્છઉદય પરિવારના મોભી ગંગારામદાદાનો વિશેષ ઉલ્લેખ કરતાં જણાવ્યું કે, તેમની પાસેથી મળેલો નેવર ગીવ અપ'' નો જીવનમંત્ર ક્રિકેટ કારકિર્દીનો સૌથી મોટું બળ રહ્યો છે.

પૂર્વે પોતાના કોચ મુકેશભાઈ ગોર, સ્પીડી ક્રિકેટ એકેડમી, કચ્છ ડિસ્ટ્રિક્ટ રૂરલ ક્રિકેટ એસોસિએશનના માનદ મંત્રી શરદ શેટ્ટી, તેના હોદ્દેદારો તેમજ પરિવારજનોનો પણ વિશેષ આભાર વ્યક્ત કર્યો હતો.તેમણે જણાવ્યું કે સફળતા અને નિષ્ફળતાના દરેક તબક્કે પરિવારનો વિશ્વાસ અને સાથ જ તેમની સૌથી મોટી તાકાત રહ્યો છે,

આ પ્રસંગે ચેમ્બર પ્રમુખ તેજાભાઈ કાનગડે જણાવ્યું હતું કે, કચ્છમાં પ્રતિભાનો અભાવ નથી, જરૂરી છે તો માત્ર યોગ્ય પ્રોત્સાહન અને પ્લેટફોર્મની પૂર્વ ભટ્ટ જેવી યુવા પ્રતિભાઓ સમગ્ર કચ્છ માટે ગૌરવનું પ્રતિક છે. ચેમ્બર વેપાર અને ઉદ્યોગ સાથે રમતગમત, શિક્ષણ અને યુવા વિકાસના ક્ષેત્રમાં પણ સતત પ્રોત્સાહક ભૂમિકા ભજવતું રહેશે.

ઉલ્લેખનીય છે કે, ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીએ અગાઉ અન્ડર-૧૯ વિશ્વકપ ક્રિકેટ ટીમમાં સ્થાન મેળવનાર ગાંધીધામના પ્રતિભાશાળી ક્રિકેટર હરવંશ પંગાલિયાનું પણ વિશિષ્ટ સન્માન કર્યું હતું. યુવા પ્રતિભાઓને પ્રોત્સાહન આપવાની આ પરંપરાને આગળ વધારતા ચેમ્બરે પૂર્વ ભટ્ટનું સન્માન કરી કચ્છના રમતજગતને નવી પ્રેરણા આપી હોવાનું ઉપસ્થિત મહાનુભાવોએ જણાવ્યું હતું.

# કાલાવડ તાલુકાના શિશાંગ ગામેથી સોમનાથ ધામ સુધીની પદયાત્રા ભક્તિભાવ સાથે પૂર્ણ

### ૬૦થી વધુ ભાવિકો દ્વારા પૂરતો વરસાદ વરસે તેવી સોમનાથ મહાદેવને કરાઈ પ્રાર્થના



**અબતક, રાજુ રામોલિયા, કાલાવડ**

કાલાવડ તાલુકાના શિશાંગ ગામેથી દર વર્ષની પરંપરા મુજબ ભગવાન સોમનાથ મહાદેવના દર્શનાર્થે નીકળેલો પદયાત્રા સંઘ સોમનાથ ધામ પહોંચ્યો હતો. ગામના પૌરાણિક પ્રગટેશ્વર મહાદેવ મંદિરેથી પદયાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. શ્રાવણ માસ દરમિયાન યોજાતી આ ધાર્મિક પદયાત્રામાં ૬૦થી વધુ ભાવિકો જોડાયા હતા. ભક્તિભાવ અને ઉત્સાહ સાથે પદયાત્રીઓએ યાત્રા પૂર્ણ કરી ભગવાન સોમનાથ મહાદેવના દર્શનનો લાભ લીધો હતો.

શિશાંગના પ્રગટેશ્વર મહાદેવ મંદિરેથી રવાના થયેલો સંઘ ખરેડી, તરકાસર, બોરીયા, જામકંડોણા, મોટી ધોરાજી, જૂનાગઢ, આલીધા ધામ થઈ મેંદરડા, બકુડા ડુંગર ખાતે આવેલા આઈ પીઠડમાંના મંદિર, ઉમરેઠી સહિતના માર્ગે આગળ વધ્યો હતો. વિવિધ સ્થળોએ વિરામ કરી ભગવાનના દર્શન-પૂજન કર્યા બાદ પદયાત્રીઓ સોમનાથ ધામ પહોંચ્યા હતા.પદયાત્રામાં શિશાંગ ગામના સરપંચ બલભદ્રસિંહ જાડેજા સહિત દેહુરભાઈ રબારી, વનરાજભાઈ ભરવાડ, ધ્રુવરાજસિંહ જાડેજા, ટીનુભા જાડેજા, સુરપાલસિંહ ઝાલા, ઉપેન્દ્રસિંહ રાણા, સુનિલભાઈ, ગોપાલસિંહ, સહદેવસિંહ સરવૈયા, મહેન્દ્રસિંહ ચુડાસમા, બીજરાજસિંહ ગોહિલ, યશપાલસિંહ જાડેજા, ગુમાનસિંહ ચુડાસમા, વિરમદેવસિંહ જાડેજા, વિશ્વરાજસિંહ જાડેજા, યોગરાજસિંહ જાડેજા, રાજદીપસિંહ ગોહિલ સહિતના જોડાયા હતા.

સોમનાથ ધામ પહોંચ્યા બાદ તમામ પદયાત્રીઓએ ભગવાન સોમનાથ મહાદેવના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. સાથે જ સૌ પદયાત્રીઓએ દાદા સોમનાથ મહાદેવને પ્રાર્થના કરી કે કાલાવડ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં સારો અને પૂરતો વરસાદ વરસે, જેથી ખેડૂતોના પાકને જીવનદાન મળે અને સમગ્ર પંથકમાં સુખ-સમૃદ્ધિ જળવાઈ રહે.

# વડિયા : સંસ્કૃત સપ્તાહ મહોત્સવ અંતર્ગત લોકજાગૃતિ અર્થે મહારેલી યોજાઈ



**અબતક, માહિર સુમરા, વડિયા**

ભારત એ સંસ્કૃતિને વરેલો દેશ છે જેમા સંસ્કૃત ને દેવભાષાનો તરીકે સ્વીકારવામા આવી છે.ત્યારે સમગ્ર દેશમાં સંસ્કૃતભાષાનો વિકાસ થાય તેનો પ્રસાર, પ્રચાર થાય તે ખુબ જરૂરી છે. જે અંતર્ગત રાજ્યની સરકાર ના ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા તારીખ ૨૫ ઓગસ્ટ થી ૩૧ ઓગસ્ટ સુધી સંસ્કૃત સપ્તાહ તરીકે ઉજવવા માં આવી રહ્યો છે જે અંતર્ગત વડીયા કુંકાવાવ તાલુકા કક્ષાનો કાર્યક્રમ વડિયા ખાતે મહારેલી ના રૂપ માં યોજાયો હતો. ટ્રેક્ટરોમાં બેનરો લગાવીને સાથે મોટી સંખ્યામાં હોદેદારો,કર્મચારી,વિદ્યાર્થીઓ જોડાઈને વડિયાની મુખ્ય બજારમાં શ્રી સુરગવાળા હાઈસ્કૂલ થી મુખ્ય બજારમાં મામલતદાર ઓફિસ સુધી મહા રેલી કાઢવામા આવી હતી ત્યારે વડિયાની મુખ્ય બજાર સંસ્કૃત ના શ્લોક, સૂત્રો થી ગુંજતી જોવા મળી હતી. આ મહા રેલીમાં વડિયા જિલ્લા પંચાયત સદસ્ય શ્રીમતી પારૂલબેન દાફડા,તાલુકા પંચાયત સદસ્ય હિતેષભાઈ રામાણી, હરેશભાઈ રાદડિયા, ચેતનભાઈ દાફડા, નાયબ મામલતદાર દીપકભાઈ મકવાણા, બોરસાણીયાભાઈ, વિવિધ શાળા કોલેજના આચાર્ય, શિક્ષકો, વિદ્યાર્થીઓ સહિતના મોટી સંખ્યામાં જોડાયા હતા.

# વડિયામાં સુન્ની મુસ્લિમ સમાજ દ્વારા ઈદે મિલાદની ભવ્ય ઉજવણી



**અબતક, માહિર સુમરા, વડિયા**

જેમના નામનું ઉચ્ચારણ થતાં જ બેડો પાર થઈ જાય એવાં માનવતાવાદી અને ઈસ્લામ ધર્મના અંતિમ મહાન પયગંબર સાહેબ હઝરત મોહમ્મદ મુસ્તફા સાહેબના બુધવારે જન્મદિન ઈદે મિલાદની ઉજવણી અવસરે ખુશાલીના ઘોડાપુર ઉમટ્યાં છે. આ વડિયા સુન્ની મુસ્લિમ સમાજમાં જન્મોત્સવને વધાવવા માટે વડિયાના તમામ મુસ્લિમ વિસ્તારોના લતે લતે તડામાર તૈયારીઓ કરવામાં આવી હતી. શહેરના મુસ્લિમ બિરાદરો રાતભર બંદગી કરી હતી. મોહંમદ સાહેબને અદબની સાથે ગર્વભેર યાદ કરશે. છેલ્લાં ૧૨ દિવસથી તેમની શાનમાં વાએઝ યોજાય હતી. તેની પૂર્ણાહુતિ થઈ બુધવારે સવારે વડિયામા એક ભવ્ય ઝુલુસ યોજાનું જેઓ જુમ્મા મસ્જિદથી નીકળી ગાંધી ચોક પેલેસ રોડ શિવાજી ચોક સરદાર ચોક ગેબનશાહ પીરની દરગાહએ જુલ્શ સમાપ્ત થશે.

# સુત્રાપાડામાં ઈદે મિલાદ શાનદાર ઉજવણી ઠેર-ઠેર સ્વાગત અને ન્યાઝ નું વિતરણ

### હિન્દુ-મુસ્લિમ બિરાદરોની હાજરીમાં ભવ્ય જુલુસ નીકળ્યું



**અબતક, રામસિંહ મોરી, સુત્રાપાડા**

ઈદે મિલાદુન્નબીના પવિત્ર અવસર નિમિત્તે સુત્રાપાડા શહેરમાં મુસ્લિમ બિરાદરો દ્વારા ધાર્મિક ઉત્સાહ અને ભક્તિભાવ સાથે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. પયગંબર હઝરત મુહંમદ મુસ્તફા સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમના જન્મદિવસની ખુશીમાં શહેરમાં હજારોની સંખ્યામાં લોકો ઝુલુસમાં જોડાયા હતા.

વહેલી સવારે શહેરની મસ્જિદોમાં ખાસ દરુદ શરીફ, નાતે પાક અને ઝિક્ર-અઝકાર બાદ ખાસ દુઆ તથા નમાજ અદા કરવામાં આવી હતી. અને બાલ મુબારક ની જીયારત કરી હતી દરિયાઈ દુલ્હા હઝરત દાદાબાપુ દરગાહ નું ઉર્ષ મુબારક કરવામાં આવિયું અને નિયાજ નું પ્રોગ્રામ કરવામાં આવિયું અને ૪:૩૦ વાગે બપોરે થી ભવ્ય ઝુલુસનો મસ્જિદ ચોક થી પ્રારંભ થયો હતો.

ઝુલુસમાં મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો જોડાયા હતાં

# માણાવદરમાં ઈદે મિલાદની શાનદાર ઉજવણી સાથે વિશાળ જુલુસ નીકળ્યું



**અબતક, જીજ્ઞેશ પટેલ, માણાવદર**

માણાવદરમાં ઈદે મિલાદની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. વહેલી સવારના ૫ વાગ્યાથી ૯ વાગ્યા સુધી જુમ્મા મસ્જિદમાં પુરૂષો એ બાલ મુબારકના દિદાર કર્યા હતા. સવારના ૯ વાગ્યાથી ૧૧ વાગ્યા સુધી સ્ત્રીઓ એ બાલ મુબારકના દિદાર કર્યા હતા. આ સમગ્ર વ્યવસ્થા સૈયદ બાવામીયા બાપુ બુખારી સાહેબના માર્ગદર્શન હેઠળ સૈયદ મુસ્તાક બાપુ બુખારી તથા તેઓની ટીમ દ્વારા કરવામાં આવી હતી.

જુમ્મા મસ્જીદના પેશ ઈમામ મૌલાના અકીલ સાહેબ, પ્રમુખ હુસેનભાઈ દલ, જનરલ સેક્રેટરી અનુભાઈ બેલીમ, સહમંત્રી વલીભાઈ સેતા, કોષાધ્યક્ષ ગુલાબ બાપુ સર્વદી, ટ્રસ્ટીઓ આહમદભાઈ શમા, રફીકભાઈ મલેક, ગફારભાઈ મેમણ, નિશારભાઈ ઠેબા, સિદ્દીકભાઈ બાબી, બશીરભાઈ સુમરા, અબ્દુલભાઈ પરમાર, રાજુભાઈ મલેક, રફીકભાઈ નોયડા, ઈમરાનભાઈ જેઠવા, પૂર્વ પ્રમુખ મુસાભાઈ સોલંકી, પૂર્વ પ્રમુખ હુસેનભાઈ ઠેબા, યુનુસભાઈ ચંદાણી વિગેરે આગેવાનો જોડાયા હતા. પી.એસ.આઈ. ડી.કે. ઝાલાની આગેવાનીમાં પોલીસ દ્વારા ચુસ્ત અને કડક પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

# શાંતિ અને કોમી સૌહાર્દના વાતાવરણમાં જૂનાગઢમાં જશ્ને ઈદે મિલાદુન્નબીનું ભવ્ય જુલૂસ સંપન્ન

### સમગ્ર શહેરમાં મહંમદ સાહેબના જીવન મંત્ર કોમી એકતાનું વાતાવરણ સર્જાયું



**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

પયગંબરે ઈસ્લામ હઝરત મહમદ મુસ્તુફાની ૧૫૦૧ મી જન્મ જયંતિ નિમિત્તે જૂનાગઢ શહેરમાં આયોજિત જશ્ને ઈદે મિલાદુન્નબીનો ભવ્ય જુલૂસ અત્યંત શાંતિપૂર્ણ, શિસ્તબદ્ધ અને સુવ્યવસ્થિત રીતે સંપન્ન થયો હતો. આ જુલૂસમાં જૂનાગઢ શહેર અને આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરોએ જોડાઈને આસ્થા વ્યક્ત કરી હતી.

જુલૂસ વાલીએ સોરઠ મિયા મહમુદ શાહ બુખારી બાવાની દરગાહથી શરૂ થઈ સુખનાથ ચોક, જેલ રોડ, કોર્ટ રોડ, ચિતાખાના ચોક, ઢાલ રોડ, માંડવી ચોક અને ઈમામ અહેમદ રઝા રોડ થઈ ઉધીવાડા ખાતે સંપન્ન થયો હતો. સહભાગીઓએ પોલીસ અને વહીવટી તંત્રની સૂચનાઓનું ચુસ્ત પાલન કરી મોટા વાહનો, ડીજે નિયંત્રણ તેમજ જરૂરી વાહન દસ્તાવેજોના નિયમોનું પૂર્ણપણે પાલન કર્યું હતું. જુલુસના રૂટ ઉપર ઠેર ઠેર વિવિધ પ્રકારની ખાવા પીવાની વસ્તુઓ હિંદુ મુસ્લિમ નાત જાતના ભેદભાવ વગર સતત વિતરણ કરવામાં આવ્યું હતું

આ સફળ અને શાંતિપૂર્ણ આયોજન બદલ જશ્ને ઈદે મિલાદુન્નબી જુલૂસ ઈન્તજામિયા કમિટીએ તમામ બિરાદરો, પોલીસ તથા વહીવટી તંત્રનો આભાર માન્યો હતો. આ આયોજન સાથે જોડાયેલા મુખ્ય આગેવાનોની આ ઝુલુસમાં સામાજિક આગેવાનો અદ્રેમાનભાઈ પંજા, અશરફભાઈ થઈમ, સાદાતજમાતના પ્રમુખ એજાજ બાપુ ચિશ્તી, પત્રકાર એસ.આઈ બુખારી બાપુ, પરવેઝબાપુ કાદરી, વહાબ ભાઈ કુરેશી, સોહેલ સિદ્દીકી તથા ધાર્મિક આગેવાનો, સૈયદ સાહેબાન, કમિટી સભ્યો તથા સહયોગીઓ સહિત આગેવાનો જોડાયેલા રહ્યા હતા.

# સાવરકુંડલામાં કોમી એકતા અને ભાઈચારા સાથે ઉજવાયું જશ્ને ઈદે મિલાદુન્નબી પર્વ



**અબતક, રેહાન ધાનાણી,સાવરકુંડલા**

સમગ્ર વિશ્વને પ્રેમ, ત્યાગ, શાંતિ અને અમનનો સંદેશો આપનાર શાંતિદૂત ઈસ્લામ ધર્મના સ્થાપક પયગમ્બર હજરત મોહમ્મદ (સ.અ.વ.) સાહેબના વિલાદત પર્વ (જશ્ને ઈદે મિલાદુન્નબી) નિમિત્તે સાવરકુંડલા શહેરમાં કોમી એકતા અને ભાઈચારાની અનોખી મિસાલ સાથે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

પીરે તરીકત અલ્હાજ સરકાર સૈયદ દાદાબાપુ કાદરીના મિશનને અનુસરીને આ પર્વ નિમિત્તે અનેકવિધ સેવાકીય કાર્યો હાથ ધરવામાં આવ્યા હતા. શહેરની તમામ હોસ્પિટલોમાં દર્દીઓને ફળનું વિતરણ કરવામાં આવ્યું હતું, પક્ષીઓ માટે ચણ તેમજ તમામ ગૌશાળાઓમાં ગાયો માટે રજકો પહોંચાડાયો હતો. આ ઉપરાંત, અન્નક્ષેત્ર દ્વારા ગરીબોને ભોજન તેમજ જરૂરિયાતમંદ વિધવા બહેનો અને યતિમ બાળકોને રોકડ રકમની સહાય અર્પણ કરી માનવસેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું હતું.

# ધ્રાંગધ્રામાં મુસ્લિમ સમાજ દ્વારા ૧૫૦૧ ઈદે-મિલાદની હર્ષોલ્લાસભેર ઉજવણી

### ઈદે મિલાદુન નબીના તહેવારના જુલુસમાં જોડાઈ ભાઈચારાનો સંદેશ ફેલાવાયો



**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા મુસ્લિમ બિરાદરો દ્વારા ૧૫૦૧મું જશને ઈદે મિલાદુન નબીનું ઝુલુસ કાઢી અને ઈદે મિલાદની ઉજવણી કરી જેમાં ધાંગધ્રા શહેર અને ગ્રામ્ય વિસ્તારના બહોળી સંખ્યામાં મુસ્લિમ સમાજના લોકો જોડાયા હતા અને ભાઈચારાનો સંદેશો ફેલાવવામાં આવ્યો અને મસ્જિદ તેમજ ઘરોને રોશની પણ કરવામાં આવી છે અને ઠેર-ઠેર જગ્યાઓ ઉપર કેક કાપી અને નાના બાળકોને અવનવા ટ્રેડિશનલ કપડાં પહેરાવી અને ઉજવણી કરાઈ છે.

સુરેન્દ્રનગર જીલ્લાભરમાં આજે બુધવારે ૧૫૦૧ મુ ઈદે મિલાદુન નબીની મુસ્લિમ સમાજ દ્વારા ઉજવણી કરવામાં આવી છે તેવા સંજોગોમાં સુરેન્દ્રનગર જિલ્લાના તમામ તાલુકાઓમાં વહેલી સવારે મુસ્લિમ બિરાદરો દ્વારા ઈદે મિલાદુન નબીના પર્વ નિમિત્તે ઝુલુસ કાઢવામાં આવ્યું છે અને હર્ષ ઉલ્લાસભેર અને ઉત્સાહ સાથ ઈદે મિલાદની ઉજવણી કરવામાં આવી છે ત્યારે ધાંગધ્રા મુસ્લિમ બિરાદરોએ વહેલી સવારે જુલુસ કાઢી અને ઈદે મિલાદના પર્વની ઉજવણી કરવામાં આવી છે અને શાંતિ અને ભાઈચારાનો સંદેશો ફેલાવવામાં આવ્યો છે ત્યારે ઉલ્લેખની છે કે ઈદે મિલાદના દિવસે ઝુલસ દરમિયાન વિવિધ સ્થળો ઉપર ધાર્મિક કાર્યક્રમનું આયોજન તેમજ નિયાઝનું પણ આયોજન કરવામાં આવ્યું છે ધ્રાંગધ્રા શહેરી વિસ્તારમાં મસ્જિદોના આલીમ તેમજ મુસ્લિમ સમાજ ના આગેવાનો, એ ઝુલસ માં મૌલાના નું સન્માન કરી ભાઈ ચારો નો સંદેશ આપો હતો ત્યારે ધર્મગુરુઓ દ્વારા ઈદે મિલાદુન નબીના તહેવારના જુલુસમાં જોડાઈ અને કોમી એકતા તેમજ ભાઈચારાનો સંદેશો લોકો સુધી પહોંચાડ્યો છે.

ભાવનગર લઠ્ઠાકાંડની શાહી સુકાઈ નથી ત્યાં

## જુનાગઢ: નશામાં રહેલા યુવાનનું બેભાન હાલતમાં મોત

### દોઢ દિવસની સારવારમાં યુવકે દમ તોડ્યો: નશીલા પદાર્થના સેવનથી મૃત્યુ નિપજ્યાનું મૃતકના ભાઈનો આક્ષેપ સાથે તપાશની માંગ

**અબતક, દર્શન જોશી, જૂનાગઢ**

જૂનાગઢ શહેરનાં કડીયાવાડ વિસ્તારમાં રહેતા યુવાન છેલ્લા દોઢ દિવસ બેભાન હતો અને તેનું સારવાર દરમ્યાન મૃત્યું થયું છે. મૃતક યુવાનનાં ભાઈએ નશાનાં કારણે યુવાનનું મૃત્યું થયાનો આક્ષેપ કરી તપાસની માંગણી કરી છે. આ સમગ્ર મુદ્દે પોલીસે આકસ્મીક મોતનો ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

આ બનાવ અંગે પ્રાપ્ત વિગત મુજબ, જૂનાગઢનાં કડીયાવાડ વિસ્તારમાં રહેતા ૨૩ વર્ષનાં આદિત્યનું મૃત્યું થયુ છે. આ મૃત્યુનાં બનાવ અંગે મૃતકનાં ભાઈનું કહેવું છે કે નશાનાં કારણે તેના ભાઈનું મૃત્યું થયુ છે. મૃતક યુવાન છેલ્લા પાંચ વર્ષથી ગાંજો, શીરપ સહિતનાં નશીલા પદાર્થોનું સેવન કરવાની ટેવ ધરાવતો હતો. પોલીસનાં નિવેદન અનુસાર મૃતક યુવાન વારંવાર ચીલમ, ગાંજો અને શીરપનો નશો કરતો હોવાની વિગતો સામે આવી છે. મૃતક યુવાન આદિત્યનું સીવીલ હોસ્પીટલમાં પીએમ કરવામાં આવ્યું છે. અને તબીબો દ્વારા રીપોર્ટ ફોરેન્સીક માટે મોકલવામાં આવ્યો છે. જેથી સ્પષ્ટ થઈ શકે યુવકે કયા પદાર્થનો નશો કર્યો હતો. આ સ્પષ્ટ થયા બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ જાણવા મળે છે.

દરમિયાન મૃતકનાં ભાઈ સાગર પરમારે જણાવ્યું હતું કે, છેલ્લા દોઢ દિવસથી સતત નશાની હાલતમાં આદિત્ય બેભાન જેવો હતો. અને અચાનક તેની તબીયત વધુ લથડી હતી અને શ્વાસ લેવામાં તકલીફ પડવા લાગી હતી. જેથી તેને તાત્કાલીક સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમ્યાન તેનું મૃત્યું થયુ હતું.

આ બનાવનાં અનુસંધાને પરિવારજનો દ્વારા આક્ષેપ સાથે જણાવ્યું હતું કે, બજારમાં ખુલેઆમ ગાંજો અને અન્ય નશાકારક પદાર્થો વેચવામાં આવી રહયા છે. અને તેની સામે કડક કાર્યવાહી કરી અને સજજડ બંધ થવા જોઈએ. તેમજ પોલીસ દ્વારા સમગ્ર ઘટનાની તપાસ કરવાની માંગણી કરવામાં આવી છે.

ભાવનગરનાં લઠ્ઠાકાંડની ઘટના હજુ થોડા દિવસ પહેલા જ બની છે, ત્યારે જૂનાગઢમાં નશાના કારણે થયેલ એક યુવાનના મોતથી પોલીસ દ્વારા ઝીણવટ ભરી તપાસ હાથ ધરવામાં આવી છે.

## અંજારના ખેડોઈ ગામે જુગાર રમતા ૧૦ શખ્સોની ધરપકડ



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

અંજાર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે ખેડોઈ ગામની પંચાયતની બાજુમાં જાહેર જગ્યાએ દરોડો પાડી જુગાર રમતા ૧૦ શખ્સો યશપાલસિંહ દશરથસિંહ જાડેજા, દિવ્યરાજસિંહ ઈન્દ્રસિંહ જાડેજા, પૃથ્વીરાજસિંહ અનિરૂધ્ધસિંહ જાડેજા, ગીરીરાજસિંહ હરદેવસિંહ ઝાલા, હિતેંદ્રસિંહ દેવુભા વાઘેલા, અર્જુનસિંહ અનિરૂધ્ધસિંહ જાડેજા, નવીનભાઈ પાલાભાઈ રબારી, બલભદ્રસિંહ જખુભા જાડેજા, સિધ્ધરાજસિંહ જીલુભા જાડેજા અને જયદીપસિંહ સુખદેવસિંહ જાડેજાને ઝડપી પાડવામાં આવ્યા હતા. પોલીસે સ્થળ પરથી રોકડ રૂ.૫૫,૩૦૦/-, ૧૦ મોબાઈલ ફોન કિંમત રૂ.૫૧,૦૦૦/- તથા ગંજીપાના મળી કુલ રૂ.૧,૦૬,૩૦૦/-નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

આ કામગીરી અંજાર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેક્ટર એચ.એ.જાડેજા તથા પો.સબ.ઈન્સપેક્ટર જે.એસ.ચુડાસમા તથા અંજાર પોલીસ સ્ટાફના માણસોએ કરેલ છે.

## ધ્રાંગધ્રાના રાજપર ગામની સીમમાંથી જુગારધામ પકડાયું

### ૧.૦૫ લાખના મુદ્દામાલ સાથે ૧૩ શખ્સોની ધરપકડ



**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા તાલુકા રાજપર ગામે જુગાર રમતા ભરતભાઈ ભગાભાઈ રાણેલા, સમરતભાઈ છનાભાઈ તેરવાડીયા, પેમાભાઈ હરજીભાઈ ધાંધોયા, સચીનભાઈ રમેશભાઈ રંભાણી, રમજાનભાઈ ઉર્ફે ટીનો બચુભાઈ સીપાઈ, સંજયભાઈ ભુપતભાઈ રંભાણી, સુરેશભાઈ શામજીભાઈ મહાલીયા, સનેશભાઈ ઉર્ફે સનો મેશુભાઈ પંચાસરા, ગોપાલભાઈ રણછોડભાઈ ગોલતર, રમેશભાઈ રણાભાઈ ગમારા, હરેશભાઈ ભગવાનભાઈ ધાંધર, ચેતનભાઈ મુમાભાઈ મેવાડા અને હર્ષદભાઈ ધોધાભાઈ ચૌહાણ મુદ્દામાલ રોકડા ₹૭૫.૨૦૦ મોબાઈલ ફોન ૬ (કિંમત રૂા. ૩૦૦૦૦/હાથ બત્તી અને ગંજીપાના મળી કુલ રૂપિયા ૧.૦૫.૩૦૦ /- નો મુદ્દામાલ જપ્ત. પોલીસે તમામ વિરુદ્ધ જુગારધારા કલમ ૧૨ હેડળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## વાસાવડની વ્યાજખોર બેલડી પાસેથી રૂ.૧.૦૫ કરોડનો મુદામાલ રિકવર કરતી પોલીસ

### ઘરમાંથી સોના-ચાંદીના દાગીના રૂ.૫૭ લાખ, જમીન, મકાન, પ્લોટના દસ્તાવેજો તથા વાહન, આર.સી. બુક અને સહી કરેલા છે ચેક મળી આવ્યાં: તમામ મુદામાલ ભોગ બનનારને પરત કરાયો

**એસપી વિજયસિંહ ગુર્જરના માર્ગદર્શન હેઠળ રૂરલ પોલીસની કાર્યવાહી**



**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

રાજકોટ ગ્રામ્ય પોલીસ દ્વારા વ્યાજખોરીની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ડામવા અને સામાન્ય નાગરિકોને તેના ચુંગાલમાંથી મુક્ત કરવા માટે એક સરાહનીય પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

એસપી વિજય સિંહ ગુર્જરના માર્ગદર્શન હેઠળ ગોંડલ ઈન્ચાર્જ ડીવાયએસપી આર.એ.ડોડીયાની ટીમે ગોંડલના વસાવડના વ્યાજખોર બેલડી પાસેથી રૂ.૧.૦૫ કરોડનો મુદામાલ રિકવર કર્યો હતો.

બનાવની વિગત મુજબ, સુલ્તાનપુર પોલીસ સ્ટેશન વિસ્તારના મોવિયા ગામે રહેતા અને પશુપાલન નો ધંધો કરતા લલીત ઉર્ફે નિલેશ મોહનભાઈ ટારીયા નામના નાગરિકે વ્યાજખોરોના ત્રાસ અંગે ફરિયાદ નોંધાવી હતી. જેમાં આરોપી સોહિલ રફીક સલાટ અને ઈરફાન રફીક સલાટ (બંને રહે. ગોંડલ) પાસે કોઈ નાણાધીરધારનું લાયસન્સ ન હોવા છતાં, તેમણે ફરિયાદીને અલગ-અલગ સમયે કુલ રૂ.૪૪ હજાર માસિક ૩ ટકાના ઊંચા વ્યાજે આપ્યા હતા. આરોપીઓએ અન્ય લોકોના દાગીના અને દસ્તાવેજો પણ પોતાની પાસે ગેરકાયદેસર રીતે રાખ્યા છે. પોલીસે આશરે ૯૦ જેટલા અન્ય ભોગ બનનાર નાગરિકોનો સંપર્ક સાધ્યો હતો. પોલીસની સમજાવટ અને કડક વલણને કારણે આરોપીઓએ સ્વેચ્છાએ અન્ય ભોગ બનનારાઓના સોના-ચાંદીના દાગીના અને જમીનના દસ્તાવેજો પરત આપી દીધા હતા.

પરત કરાયેલ મુદામાલમાં સોનાના દાગીના કુલ ૧૮૦.૬૫ ગ્રામ રૂ.૭,૪૮,૪૫૦, ચાંદીના દાગીના કુલ ૧૯ કિલો ૩૨૪ ગ્રામ રૂ.૪૯.૩૧ લાખ તેમજ જમીન, મકાન, પ્લોટના દસ્તાવેજો તથા વાહન અને આર.સી. બુક સહિત રૂ.૨૯ લાખ અને સહી કરેલા ૦૬ નંગ કોરા ચેક મળી કુલ રૂ.૧.૦૫ કરોડનો મુદ્દામાલ રિકવર કરી અસલી માલિકોને પરત અપાવ્યો છે.

## ધ્રાંગધા: ટ્રાફિક સમસ્યાના કાયમી ઉકેલ માટે અસરકારક કામગીરી જરૂરી!

### શાક માર્કેટ, શક્તિ ચોક અને રાજકમલ ચોકમાં સમસ્યા યથાવત દંડાત્મક કાર્યવાહી વચ્ચે પોલીસની કામગીરી સામે શહેરીજનોના સવાલો!

**પોઈન્ટ પર જવાનો હોવા છતાં ટ્રાફિક બેકાબૂ કેમ?**

શહેરના મહત્વના ટ્રાફિક પોઈન્ટ પર પોલીસ તથા હોમગાર્ડના જવાનોને ફરજ સોંપવામાં આવ્યા હોવા છતાં જો ટ્રાફિકની સ્થિતિમાં નોંધપાત્ર સુધારો ન થાય તો પોલીસની કામગીરીની પદ્ધતિ સામે પ્રશ્નો ઊભા થવા સ્વાભાવિક છે લોકોનો આક્ષેપ છે કે કાર્યવાહીનો ભાર સામાન્ય વાહનચાલકો પર વધુ જોવા મળે છે.



**કાર્યવાહી નહીં, પરિણામ જોઈએ**

ધાંગધ્રાના લોકોનો સીધો સવાલ છે કે ટ્રાફિકના નામે કેટલા મેમો ફાટ્યા તે નહીં, પરંતુ શહેરમાં ટ્રાફિક કેટલો ઘટ્યો તેનું પરિણામ ક્યારે જોવા મળશે? શહેરના મુખ્ય માર્ગો પર નિયમિત ટ્રાફિક સર્વે, પાર્કિંગ માટે યોગ્ય વ્યવસ્થા, અડચણરૂપ દબાણો સામે કાર્યવાહી, મહત્વના ચોક પર યોગ્ય ટ્રાફિક મેનેજમેન્ટ અને નિયમિત પેટ્રોલિંગ કરવામાં આવે તો જ સમસ્યાનું કાયમી નિરાકરણ આવી શકે હાલમાં તો એક તરફ સામાન્ય વાહનચાલકો સામે દંડાત્મક કાર્યવાહી અને બીજી તરફ શહેરના મુખ્ય વિસ્તારોમાં યથાવત ટ્રાફિકની સ્થિતિને લઈને પોલીસની કાર્યવાહી ખરેખર સમસ્યાના ઉકેલ માટે છે કે માત્ર કામગીરી બતાવવા પૂરતી? એવો સવાલ ધાંગધ્રાના શહેરીજનોમાં ચર્ચાનો વિષય બન્યો છે.

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધા:** ધાંગધ્રા શહેરમાં ટ્રાફિકની સમસ્યા દિવસેને દિવસે ગંભીર બની રહી છે, પરંતુ પોલીસ દ્વારા પોઈન્ટ પર પોલીસ જવાનો, ડીઆરબીના જવાનો અને હોમગાર્ડની તૈનાતી કરવામાં આવ્યા બાદ પણ ટ્રાફિક વ્યવસ્થામાં અપેક્ષિત સુધારો જોવા મળતો નથી. શહેરના શાક માર્કેટ, શક્તિ ચોક અને રાજકમલ ચોક સહિતના મુખ્ય વિસ્તારોમાં વારંવાર ટ્રાફિકજામ સર્જાતો હોવાની ફરિયાદો વચ્ચે પોલીસની ટ્રાફિક કામગીરી સામે હવે શહેરીજનોમાં સવાલો ઉઠી રહ્યા છે. એક તરફ ટ્રાફિક નિયમોના ભંગ બદલ વાહનચાલકો સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. કેટલાક બાઈકો ડિટેઈન કરી રૂ.૫૦૦થી રૂ.૩,૦૦૦ સુધીના દંડ સાથે આરટીઓ મેમો આપવામાં આવતો હોવાની ફરિયાદો છે જોકે, બીજી તરફ શહેરમાં જ્યાં વાસ્તવિક ટ્રાફિક સમસ્યા સર્જાય છે ત્યાં કાયમી અને વ્યવસ્થિત ઉકેલ કેમ લાવવામાં આવતો નથી તેવો સવાલ લોકો પૂછી રહ્યા છે શહેરીજનોનું કહેવું છે કે માત્ર વાહનો રોકવા, મેમો આપવા અને દંડ વસૂલવાથી ટ્રાફિકની સમસ્યાનો અંત આવવાનો નથી બજાર વિસ્તારમાં પાર્કિંગની વ્યવસ્થા, અડચણરૂપ વાહનો સામે યોગ્ય કાર્યવાહી, ટ્રાફિકનું નિયમન અને સતત પેટ્રોલિંગ જેવી બાબતો પર અસરકારક કામગીરી જરૂરી છે.

## નાની કુકાવાવમાં જુગાર રમતા સાત ઝડપાયા

### વડિયા પોલીસે રૂ.૧૩,૮૦૦ રોકડ સહિત મુદ્દામાલ જપ્ત કર્યો

**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

વડીયા તાલુકાના નાની કુકાવાવ ગામે જાહેરમાં ગંજીપત્તાના પાનાથી પૈસાની હાર-જીતનો જુગાર રમતા સાત શખ્સોને વડીયા પોલીસે ઝડપી પાડ્યા હતા. પોલીસે સ્થળ પરથી રોકડા રૂપિયા સહિત જુગારનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

વડિયા પોલીસને જાહેરમાં કેટલાક શખ્સો જુગાર રમતા હોવાની મળેલી બાતમીના આધારે ગઈ કાલે રાત્રે આશરે ૧:૧૫ વાગ્યે નાની કુકાવાવ ગામે દરોડો પાડવામાં આવ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન અજય કરશનભાઈ ગોરસવા, રીતિક વિજયભાઈ ગોરસવા, નીરૂ જીલુભાઈ વાળા, ચતુર કાળાભાઈ ગોરસવા, અરવિંદ વલ્લભભાઈ ગોરસવા, અમિત અરવિંદભાઈ ગોરસવા અને સની વિજયભાઈ ગોરસવા મળી કુલ સાત શખ્સો જુગાર રમતા રંગેહાથ ઝડપાયા હતા. પોલીસે સ્થળ પરથી રોકડા રૂપિયા ૧૩,૮૦૦ સહિત મુદ્દામાલ કબજે કરી સાતેય આરોપીઓ વિરુદ્ધ જુગારધારા હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જર, જમીન અને જોરૂ કજીયાના છોરૂ....

## બાબરાના રાયપર ગામે જમીન મુદ્દે બે સગા ભાઈ બાખડયાં

### પાવડા અને લોખંડના પાઈપ વડે હુમલો બંને ઈજાગ્રસ્ત, સામસામી ફરિયાદ

**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

બાબરા તાલુકાના રાયપર ગામની સીમમાં પાણીના સહિયારા કુવામાં મોટર શરૂ કરવા તેમજ જમીન વેચાણના મુદ્દે બે ભાઈઓ વચ્ચે બોલાચાલી બાદ મારામારીની ઘટના બની હતી. જેમાં પાવડા અને પાઈપ વડે હુમલો કરતા બંને ભાઈ ઈજાગ્રસ્ત થયા હોવાનો બનાવ સામે આવ્યો છે.

ગઈ કાલે બપોરના આશરે ૧૧ વાગ્યાના અરસામાં રાયપર ગામની સીમમાં હરેશભાઈ રવજીભાઈ ભાલાળા (ઉં.વ. ૪૨) તેમના ભાઈ સુરેશ રવજીભાઈ ભાલાળાની વાડીમાં આવેલા સહિયારા પાણીના કુવાની મોટર શરૂ કરવા ગયા હતા. આ બાબત શખ્સને ન ગમતાં તેણે પાવડાથી હરેશભાઈના માથામાં ઘા માર્યો હતો. તેમજ જમણા હાથના કાંડા અને અંગૂઠાના ભાગે પણ ઈજા પહોંચાડી મારી નાખવાની ધમકી આપી હોવાની ફરિયાદ આપી છે.

તો બીજી તરફ સુરેશભાઈ રવજીભાઈ ભાલાળાએ પણ સામી ફરિયાદ નોંધાવી છે કે, હરેશ તેમની જમીન જપ્ત કરવા માંગતા હોય અને અવારનવાર તે બાબતે થતી માથાકૂટ અને ત્રાસથી કંટાળીને સુરેશભાઈએ જમીન વેચાણ માટે બહાર પાડતાં તેના ભાઈ હરીશને આ બાબત ન ગમતાં ગાળો આપી લોખંડના પાઈપથી માર મારી હાથમાં ફ્રેક્ચર જેવી ઈજા પહોંચાડી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે બાબરા પોલીસે હરેશ રવજીભાઈ અને સુરેશ રવજીભાઈ ભાલાળા વિરુદ્ધ ગુન્હો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ધ્રાંગધ્રાના મંદિરમાં છતરની ચોરી કરનાર ઈમરાન ઝડપાયો

### ૨૯ છતર અને વાહન મળી રૂ.૧.૩૦ લાખનો મુદ્દામાલ કબ્જે



**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રાના મોચીવાડ વિસ્તારમાંથી રાવળીયાવદર ગામના ઈમરાન રહીમભાઈ ચુડેસરા નામના શખ્સને ₹૫૦,૦૦૦ની કિંમતના ૨૯ નંગ ચાંદીના સત્તર (છતર) અને ચોરીની રૂ.૮૦,૦૦૦ની પલ્સર બાઈક સહિત કુલ રૂ.૧,૩૦,૦૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યો છે. આરોપી મંદિરોમાંથી ચાંદીના દાગીના અને મોટરસાઈકલ ચોરી કરવાની ટેવ ધરાવે છે, ધ્રાંગધ્રા સીટી અને બહુચરાજી પોલીસ સ્ટેશનમાં, લખતર, ધ્રાંગધ્રા તાલુકા, ધ્રાંગધ્રા સીટી, અને હળવદ પોલીસ મથકના ગુન્હાઓ સાથે સંકળાયેલ હોવાનું જાણવા મળ્યું હતું પકડાયેલ આરોપી અગાઉ ચોરી તેમજ પોક્સો સહિતના ગંભીર ગુનાઓમાં પણ સંડોવાયેલો હોવાનું સામે આવ્યું છે, જેથી પોલીસે મુદ્દામાલ જપ્ત કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સુરેન્દ્રનગર: છેતરપિંડીના ગુનામાં દોઢ વર્ષથી વોન્ટેડ સૈફ વડદરિયા ઝડપાયો

### બેંક ખાતામાં રૂ.૩૮ લાખ ઓનલાઈનની ઠગાઈ કરી



**અબતક, ઘનશ્યામ ભટી, સુરેન્દ્રનગર**

રાજકોટ રેન્જ આઈજી નિર્લિપ્ત રાયની ટીમ દ્વારા ઓનલાઈન છેતરપિંડીના ગુનામાં છેલ્લા દોઢ વર્ષથી નાસતા ફરતા આરોપીને ઝડપી પાડવામાં આવ્યો હતો. સુરેન્દ્રનગર એ-ડિવિઝન પોલીસ મથકમાં નોંધાયેલા ઓનલાઈન છેતરપિંડીના ગુનામાં આરોપીએ બેંક ખાતામાં રૂ.૩૮ લાખ ટ્રાન્સફર કરાવી છેતરપિંડી આચરી હતી અને જે મામલે ભોગ બનનાર શખ્સ દ્વારા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જે ગુનામાં નાસતા ફરતા આરોપી સૈફ રફીકભાઈ વડદરિયા, રહે. શિયાણીની પોળ, વઢવાણ વાળાને રાજકોટ રેન્જ આઈજીની ટીમે ભોગાવો રિવરફ્રન્ટ રોડ પરથી ઝડપી પાડ્યો હતો. જ્યારે ઝડપાયેલા આરોપીને કાયદેસરની કાર્યવાહી માટે સુરેન્દ્રનગર એ-ડિવિઝન પોલીસ મથકે સોંપવામાં આવ્યો છે.

## આદિપુરમાં નકલી દારૂ બનાવતી મિનિ ફેક્ટરીનો પર્દાફાશ

### બોર્ડર રેન્જની ટીમે દરોડો પાડી ૯૪૦૦૦નો મુદ્દ્ામાલ કબ્જે કર્યો: બેની ધરપકડ





**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**


આદિપુરના ૪-એ વિસ્તારમાં બોર્ડર રેન્જ સાયબર સેલે બાતમીના આધારે દરોડો પાડી બ્રાન્ડેડ દારૂના નામે ડુપ્લિકેટ દારૂ તૈયાર કરતી મિની ફેક્ટરી ઝડપી પાડી હતી. પ્લોટ નં. ૧ની દુકાન નં. ૪૬માંથી રૂ. ૭.૩૮ લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો હતો.

પોલીસે સ્થળ પરથી ૧,૦૫૦ લિટર કેમિકલ, ૨૦૦ લિટર દારૂનું મિશ્રણ, ૧૮૦ એમ.એલ. રોયલ ચેલેન્જના ૬૦૦ ક્વાર્ટર, ૯,૪૦૦ બોટલમાં ઢાંકણ-સીલ મારવાનું મશીન અને ખાલી ક્વાર્ટરિયા સહિતનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

આ કેસમાં હિતેશ ખીમા બામણિયા (મૂળ રાપર, હાલ મુંબઈ) અને રાધાકૃષ્ણ ડાલચંદ જાટ (મથુરા, ઉત્તરપ્રદેશ)ને ઝડપી પાડવામાં આવ્યા છે. પ્રાથમિક તપાસમાં મુંબઈથી માલ મંગાવી રાજસ્થાનના 'રાજુ' નામના શખ્સ મારફતે નેટવર્ક ચલાવવામાં આવતું હોવાનું બહાર આવ્યું છે.

બોટલો પર બ્રાન્ડેડ સ્ટીકર લગાવવામાં આવે તે પહેલાં જ પોલીસે દરોડો પાડતાં મોટી હોનારત ટળી હોવાનું પોલીસે જણાવ્યું છે. પોલીસે આ આંતરરાજ્ય નેટવર્કના અન્ય આરોપીઓ, કેમિકલનો સ્રોત તથા આર્થિક મદદ કરનારાઓ અંગે તપાસ તેજ કરી છે.

## ઉના નજીક કારમાંથી દારૂના જથ્થા સાથે ભનજી રાવણીયા ઝડપાયો



**અબતક, ઉના**

નવાબંદર મરીન પોલીસ સ્ટાફ સાથે પેટ્રોલિંગ માં હતા ત્યારે તડ ચેક પોસ્ટ આગળ દીવ તરફ થી આવતી મારૂતિ ફ્રન્ટી મોટર નંબર GJ 23 A 7528 રોકાવી તપાસ કરતા મોટર કાર ની ડેકી નીચે તેમજ દરવાજા ની સાઈડ માં ચોર ખાના બનાવી તેમાં છુપાવેલ પર પ્રાંત ની ઈંગ્લીશ દારૂ ની જુદી જુદી બ્રાન્ડ ની બોટલો નંગ ૪૦ રૂપિયા ૧૦૯૨૪/ ને મોટર ની કિંમત ૨૦૦૦૦/મળી કુલ રૂપિયા ૩૫૯૨૪/ ના મુદામાલ સાથે જુનાગઢ ઈવનગર માં રહેતો ભનજી રાજાભાઈ રાવણીયા ને પકડી નવાબંદર મરીન પોલીસ સ્ટેશન લાવી ગુનો દાખલ કરી ધરપકડ કરી હતી.

## ખાંભાના નાની ધારી ગામે જમીનના જૂના વિવાદમાં ખેડુત પર હુમલો

**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

ખાંભા તાલુકાના નાની ધારી ગામે જમીનના વર્ષો જૂના વિવાદને લઈને ખેડૂત સાથે ગાળાગાળી કરી ઢીકાપાટુનો માર મારી, મારી નાખવાની ધમકી આપ્યાની ઘટના સામે આવી છે.

ખાંભાના નાની ધારી ગામે પ્રતાપભાઈ ગોલણભાઈ વાળા તેઓની વાડીએ હાજર હતા. તે દરમિયાન જમીનના વર્ષોથી ચાલતા વિવાદને લઈને અનક ગભરૂભાઈ વાળા એ રાગદ્વેષ રાખી પ્રતાપભાઈને ગાળો આપી ઢીકાપાટુનો માર મારી ઈજા પહોંચાડી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે ફરિયાદના આધારે ખાંભા પોલીસે અનક ગભરૂભાઈ વાળા વિરુદ્ધ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# રવાપર રોડ પરની આસ્થા એપાર્ટમેન્ટ પાસેથી જાહેરમાં જુગાર ધામ ઝડપાયું

## અમરેલી, દીઘડિયા, રોહિદાસપરા અને સરસ્વતીનગર મળી પાંચ સ્થળે જુગટુ રમતા પાંચ મહિલા ૩૪ શકુની પકડાયા : ૮૫૦૦૦નો મુદ્દામાલ કબ્જે

**અબતક, ઋષિ મહેતા**

મોરબી શહેર જિલ્લામાં જુગારના પાંચ દરોડા પાડવામાં આવ્યાછે. જેમાં રવાપર રોડ પર રોહિદાસપરા, સરસ્વતીનગર, અમરેલી અને હળવદના દીઘડિયા ગામે જુગટુ રમતી પાંચ મહિલા સહિત ૩૪ શકુની ધરપકડ કરી છે. ૮૫૦૦૦નો મુદ્દામાલ કબ્જે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબીસીટી એ ડિવિઝન પોલીસ સ્ટાફે રવાપર ધુનડા રોડ પર વૃંદાવન રેસીડેન્સી આસ્થા એપાર્ટમેન્ટ સામે જુગાર રમતા પીયુષભાઈ ડાયાભાઈ ભટાસણા, જોનીભાઈ મહેન્દ્રભાઈ વાછાણી, નીકેતભાઈ ઘનશ્યામભાઈ સાધરિયા, સંજયભાઈ મહાદેવભાઈ બારૈયા, ભરતભાઈ શિવાભાઈ પરેચા, દિપાબેન નીકેતભાઈ ઘનશ્યામભાઈ સાધરીયા, જલ્પાબેન જોનીભાઈ મહેન્દ્રભાઈ વાછાણી, શર્મીલાબેન સંજયભાઈ મહાદેવભાઈ બારૈયા, મીતલબેન પીયુષભાઈ ડાયાભાઈ ભટાસણા, નીધીબેન મુકેશભાઈ મણવર, રોકડા રૂા. ૨૪,૨૦૦ સાથે ઝડપી લેવામાં આવ્યા હતાં.

મોરબી સીટી બી ડિવિઝન પોલીસે રોહિદાસપરા મેઈન રોડ વીશીપરા મોરબી ખાતે જુગાર રમતા ભાવેશભાઈ મનસુખભાઈ મકવાણા, તુલશીભાઈ છગનભાઈ ચૌહાણ, જીગ્નેશભાઈ મનસુખભાઈ મકવાણા, આકાશભાઈ દિનેશભાઈ બોસીયા, સુમીતભાઈ જેન્તીભાઈ સારેસા, કિશોરભાઈ બાબુભાઈ જાદવ તથા દિપકભાઈ રવજીભાઈ ચૌહાણ, રોકડ રૂા. ૧૬,૬૫૦ સાથે ઝડપી લેવામાં આવ્યા હતાં.

વિદ્યુતનગર પાસે સરસ્વતી નગર સોસાયટી શેરી નં. ૧ જાહેરમાં જુગાર રમતા અનિલભાઈ મગનભાઈ કડિવાલ, રવિભાઈ રમેશભાઈ મુજારિયા, વિપુલભાઈ નરસંગભાઈ બાલસરા, વિરલભાઈ વિરલભાઈ વિભાભાઈ મેવાડા, અનિલભાઈ કુંવરજીભાઈ મુજારીયા તથા મિલનભાઈ પરસોત્તમભાઈ સિદપરાને ઝડપી લેવાયા હતાં. રોકડ રૂા. ૧૭,૯૫૦ કબ્જે કરવામાં આવ્યા હતાં.

મોરબી તાલુકા અમરેલી ગામે જુગાર રમતા મહેબુબશાહ બાપુશાહ શાહમદાર, અબ્દુલભાઈ ઈસ્માઈલભાઈ ખોખર, આશિફભાઈ કરીમભાઈ પઠાણ, મનીરભાઈ અકબરભાઈ રાઉમા, તોફીકશાહ ફારુકશાહ શાહમદાર, સોકતભાઈ વલીભાઈ બાંભણીયા તથા ઈસ્માઈલભાઈ અલારખાભાઈ ચાનીયા રોકડા રૂા. ૨૪,૨૦૦ સાથે પકડી લીધા છે.

હળવદ પોલીસને દીઘડિયા ગામે જુગાર રમતા નગીનભાઈ ઉર્ફે અંબારામભાઈ છગનભાઈ કવાડિયા, ધરમશીભાઈ ઘોઘાભાઈ ઉર્ફે વેરશીભાઈ ગડેસા, પોલાભાઈ વેરશીભાઈ ઉર્ફે ઘોઘાભાઈ ગડેસા તથા હીરાભાઈ ગોરધનભાઈ ગડેસા, રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા હતાં. આરોપીઓ પાસેથી રૂા. ૧૦,૫૪૦ની રોકડ કબ્જે કરી હતી.

# વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ મોડી મળતા એબીવીપી દ્વારા કલેક્ટરને આવેદન

**અબતક, ઋષિ મહેતા**



મોરબીઃ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિની રકમ સમયસર ન મળતી હોવાના મુદ્દે એબીવીપી મોરબી દ્વારા જીલ્લા કલેક્ટર કચેરીએ આવેદનપત્ર પાઠવી તાત્કાલિક ચુકવણીની માંગ કરવામાં આવી હતી.

એબીવીપી મોરબી દ્વારા વિદ્યાર્થીઓને વિવિધ શિષ્યવૃત્તિ મોડી મળવાના પ્રશ્ને જીલ્લા કલેક્ટર કચેરીએ આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. આવેદનમાં મુખ્યમંત્રી યુવા સ્વાવલંબી યોજના, ચીફ મિનિસ્ટર્સ સ્કોલરશિપ સ્કીમ તેમજ ‘ડિજિટલ ગુજરાત’ અંતર્ગત શિક્ષણ વિભાગ, આદિજાતિ વિકાસ વિભાગ અને સમાજ કલ્યાણ વિભાગ દ્વારા આપવામાં આવતી વિવિધ શિષ્યવૃત્તિઓ, જેમાં પ્રી-મેટ્રિક અને પોસ્ટ-મેટ્રિક સ્કોલરશિપનો સમાવેશ થાય છે, તે સમયસર ચૂકવવાની માંગ કરવામાં આવી હતી. આ તકે એબીવીપી મોરબીએ જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓના હિત માટે લડત ચાલુ રાખવામાં આવશે અને શિષ્યવૃત્તિનો લાભ વિદ્યાર્થીઓને ન મળે ત્યાં સુધી માંગણી ચાલુ રહેશે. અને જરૂર પડ્યે આગામી સમયમાં વધુ મોટું અને ઉગ્ર આંદોલન કરવાની પણ ચીમકી આપવામાં આવી છે.

# ગુમસુદા ચાર બાળકોને ગણતરીની કલાકોમાં જ શોધી કાઢતી પોલીસ

## સીસીટીવી ફૂટેજ અને હ્યુમન સોર્સની મદદથી ચારેય બાળકોને સહિસલામત શોધી માતા-પિતાને સોંપ્યા

**અબતક, ઋષિ મહેતા**

મોરબીના ઘુટુ રોડ વિસ્તારમાંથી રમવા જવાનું કહી ગુમ થયેલા બે સગીર દીકરી, એક સગીર દીકરો અને એક સગીર બાળકી સહિત ચાર બાળકોને મોરબી સીટી બી ડિવિઝન પોલીસે ગણતરીની કલાકોમાં શોધી કાઢી પરિવારને સોંપ્યા હતા.

મળતી વિગતો અનુસાર, રમેશભાઈ મનીભાઈ સાથળીયા ઉવ.૫૫ રહે. ઘુટુ રોડ આઈ.ટી.આઈ. સામે પાણીના ટાંકા પાસે ઝૂંપડામાં મોરબી-૨ વાળાએ મોરબી સીટી બી ડિવિઝન પોલીસ મથકે જાણ કરી હતી કે તેમની બે સગીર દીકરી તથા એક સગીર દીકરો અને તેમના પાડોશમાં રહેતા કૌટુંબિક બહેન સંગીતાબેનની સગીર દીકરી એમ કુલ ચાર બાળકો રમવા જવાનું કહી ઘરેથી નીકળ્યા બાદ પરત આવ્યા નથી. બનાવની ગંભીરતાને ધ્યાનમાં લઈ પીઆઈ જે.ડી. સરવૈયાના માર્ગદર્શન હેઠળ પોલીસની અલગ-અલગ ત્રણ ટીમો બનાવી તપાસ હાથ ધરવામાં આવી હતી. પોલીસે વિવિધ સ્થળોના સીસીટીવી ફૂટેજ તેમજ હ્યુમન સોર્સની મદદથી તપાસ કરતાં ચારેય બાળકો મહેન્દ્રનગર ચોકડીથી રિક્ષામાં બેસીને જૂના બસ સ્ટેન્ડ તરફ જતા સીસીટીવી ફૂટેજમાં જોવા મળ્યા હતા. ત્યારબાદ તેમના રૂટના સીસીટીવી ફૂટેજ તપાસી પોલીસે ગણતરીની કલાકોમાં ચારેય બાળકોને સહિસલામત શોધી કાઢ્યા હતા અને તેમના માતા-પિતાને સોંપ્યા હતા.

# સ્પેન્સરા સિરામીક લેબર કવાટરમાંથી અપહૃત થયેલ બાળકને ૨૪ કલાકમાં મુકત કરાવતી પોલીસ

## તાલુકા પોલીસે હ્યુમન સોર્સ અને ટેકનિકલ સર્વેલન્સના આધારે મધ્યપ્રદેશથી માસુમને વાલીવારસને સોંપ્યું : પરિચિત વતન લઈ ગયાનું ખુલ્યું

**અબતક, ઋષિ મહેતા**

મોરબી તાલુકાના સ્પેનસેરા સીરામીકના લેબર ક્વાર્ટરમાંથી રમકડા લેવા ગયેલા ૩ વર્ષના બાળકનો સંપર્ક ન થતા અપહરણની ફરિયાદ નોંધાઈ હતી. મોરબી તાલુકા પોલીસે ગણતરીના કલાકોમાં તપાસ હાથ ધરી મધ્યપ્રદેશથી બાળકને સુરક્ષિત શોધી કાઢી વાલીવારસને સોંપ્યું હતું.

સ્પેનસેરા સીરામીકના લેબર ક્વાર્ટરમાં રહેતા અર્ચનાબેન રાજુભાઈ રામજીયાવન મૂળ નરોળા વરળાપુર ગામ તા.જી. ગોંડા (યુ.પી.)વાળાના ૩ વર્ષના પુત્ર અંતાક્ષને તેમના પરિચિત સંતોષભાઈ નવલાભાઈ (મ.પ્ર.) રમકડા લેવા સાથે લઈ ગયા હતા. ચાર-પાંચ કલાક બાદ પણ બાળક ઘરે પરત ન આવતા અને સંતોષભાઈનો મોબાઈલ સ્વીચ ઓફ આવતાં પરિવારને ચિંતા થઈ હતી. જેથી મોરબી તાલુકા પોલીસમાં અપહરણ બાબતે ફરિયાદ નોંધાવી હતી.

બનાવની ગંભીરતાને ધ્યાનમાં લઈ મોરબી તાલુકા પોલીસે અલગ-અલગ ટીમો બનાવી હ્યુમન સોર્સ તથા ટેકનિકલ માધ્યમથી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન સંતોષભાઈ બાળકને લઈને ચરાડવાથી મધ્યપ્રદેશ જતી બસમાં ગયા હોવાની માહિતી મળતાં પોલીસ ટીમ મધ્યપ્રદેશ મોકલવામાં આવી હતી. દરમિયાન મોબાઈલ લોકેશનના આધારે સંતોષભાઈ તેમના ઘરે પહોંચ્યા હોવાનું સામે આવ્યું હતું. જેથી તા.૨૩/૦૮ના રોજ પોલીસે બાળક અંતાક્ષને સુરક્ષિત હસ્તગત કરી વાલીવારસને સોંપ્યો હતો.

પોલીસ તપાસમાં સંતોષભાઈ અને બાળકના પિતા પરિચિત તથા સંબંધી હોવાનું અને બંને અવારનવાર એકબીજાને કામમાં મદદ કરતા હોવાનું સામે આવ્યું હતું.

સંતોષભાઈએ બાળકને પોતાની સાથે મધ્યપ્રદેશ લઈ જવાની વાત પિતાને કરી હતી, પરંતુ આ વાત માતાને જણાવાઈ ન હોવાથી તથા બાળક સાથે રહેલો મોબાઈલ લાંબા સમય સુધી બંધ રહેતા ગેરસમજના કારણે અપહરણની ફરિયાદ નોંધાઈ હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે.

# નેપાળમાં આવેલા પૂરના પગલે જીલ્લા વહીવટી તંત્ર દ્વારા હેલ્પલાઈન જાહેર

## પરિવારજનો કે પરિચિતો ફસાયા હોય તો ઈમરજન્સી ઓપરેશન સેન્ટરનો સંપર્ક કરવા અનુરોધ

**અબતક, ઋષી મહેતા**

નેપાળ-ચીન સરહદ નજીક લિબેટ તરફથી ભોટેકોશી નદીમાં અચાનક પૂર આવવાના કારણે નેપાળના વિવિધ વિસ્તારોમાં નુકસાન થયાના અહેવાલો પ્રાપ્ત થયા છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં લઈ મોરબી જીલ્લા વહીવટી તંત્ર દ્વારા જીલ્લાના નાગરિકોને જરૂરી મદદ અને માર્ગદર્શન મળી રહે તે માટે જીલ્લા ઈમરજન્સી ઓપરેશન સેન્ટર (DEOC) ખાતે હેલ્પલાઈન જાહેર કરવામાં આવી છે.મોરબી જીલ્લા ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના ટોલ-ફ્રી નંબર ૧૦૭૭ ઉપરાંત (૦૨૮૨૨) ૨૪૩૩૦૦ તથા (૦૨૮૨૨) ૨૪૩૪૩૫ પર સંપર્ક કરી શકાશે. આ ઉપરાંત નેપાળમાં સ્થાનિક તંત્રનો સંપર્ક કરવા માટેના નેપાળ ઈમરજન્સી સંપર્ક નંબરો +૯૭૭ ૯૮૫ ૧૩૧ ૬૮૦૭ તથા +૯૭૭ ૯૭૦ ૯૧૦ ૭૫૦૦ પણ જાહેર કરવામાં આવ્યા છે.

# વાંકાનેરઃ કારખાનામાં ટાઈલ્સ વાગ્યા બાદ મહિલાનું મોત

## પી.એમ. રીપોર્ટમાં ‘‘હાઈપોવોલેમીક શોક‘‘થી મોત થયાનું સામે આવ્યું

**અબતક, ઋષી મહેતા**

વાંકાનેર તાલુકાના સરતાનપર ગામની સીમમાં કમાન્ડર સિરામીક કારખાનામાં કામ કરતી મજૂર મહિલાને ટાઈલ્સ વાગી ઈજા થયા બાદ સારવાર દરમિયાન તબિયત લથડી હતી. જે બાદ મોરબીની ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મહિલાનું મોત થયું હતું.

મળતી વિગતો અનુસાર, સરતાનપર ગામની સીમમાં કમાન્ડર સિરામીકના લેબર ક્વાર્ટરમાં રહેતી હરીબાઈ ભાગચંદ ગુડાલભાઈ વંશલ ઉવ.૩૩ મૂળ મધ્યપ્રદેશના દમોહ જીલ્લાના વતનીને ગત તા.૨૩/૦૮/૨૦૨૬ના રોજ કારખાનામાં કામ કરતી વખતે જમણા પગમાં ટાઈલ્સ વાગતાં ઈજા થઈ હતી. સારવાર બાદ ઘરે પરત આવ્યા પછી ઝાડા-ઉલટી થતાં ફરી હોસ્પિટલમાં દાખલ કરાઈ હતી. ત્યારે તા.૨૪/૦૮ના રોજ વધુ સારવાર માટે મોરબીની ક્રિષ્ના હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, જ્યાં સારવાર દરમિયાન તબીબે હૃદય બંધ પડી જવાથી મૃત્યુ જાહેર કર્યું હતું. જ્યારે પોસ્ટમોર્ટમ બાદ મોતનું કારણ શરીરમાં લોહીનું પ્રમાણ ઘટી જવાથી(હાઈપોવોલેમીક શોક) થયેલ હોવાનું સામે આવ્યું હતું.

# ૩૧ ખોવાયેલા મોબાઈલ મૂળ માલિકોને પરત કર્યા

**અબતક, ઋષિ મહેતા**



મોરબી સીટી બી ડિવિઝન પોલીસે CEIR પોર્ટલની મદદથી રૂ.૫.૧૦ લાખની કિંમતના ૩૧ ખોવાયેલા મોબાઈલ શોધી કાઢી તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત અરજદારોને એકસાથે પોલીસ મથક બોલાવી પરત કર્યા હતા.

મોરબી સીટી બી ડિવિઝન પોલીસ દ્વારા ‘તેરા તુજકો અર્પણ’ કાર્યક્રમ અંતર્ગત ખોવાયેલા અને ચોરાયેલા મોબાઈલ શોધવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં પોલીસ કોન્સ્ટેબલ દેવાયતભાઈ રાઠોડે CEIR પોર્ટલમાં એન્ટ્રી કરી સતત મોનિટરિંગ તથા ટેકનિકલ વર્કઆઉટના આધારે આશરે રૂ.૫,૧૦,૦૦૦/-ની કિંમતના ૩૧ જેટલા મોબાઈલ ફોન શોધી કાઢ્યા હતા. ત્યારે પોલીસ દ્વારા તમામ મોબાઈલ તેમના મૂળ અરજદારોને પરત કરવામાં આવ્યા હતા. આ કામગીરીથી પોલીસ પ્રજાની મિત્ર છે તે સૂત્ર સાર્થક કર્યું છે.

# ટંકારા : બે બુટલેગર પાસા હેઠળ ડિટેઈન

## પડધરીના ગઢડાનો વશરામ સાટકાને અમદાવાદ અને વાછકપરના ધમા ફાંગલિયાને સુરત જેલમાં ધકેલાયો

**અબતક, ઋષિ મહેતા**



વશરામભાઈ નારણભાઈ સાટકા ઉવ. ૩૦ રહે. ગઢડા ગામ તા. પડધરી જી. રાજકોટ અને ધર્મેન્દ્રભાઈ ઉર્ફે ધમો નાગજીભાઈ રાજાભાઈ ફાંગલીયા ઉવ.૨૧ રહે. વાછકપર (બેડી) તા. ટંકારા વાળા સામે પાસા દરખાસ્ત

ટંકારા પોલીસે પ્રોહીબીશનના ગુનામાં સંડોવાયેલા બે આરોપીઓ સામે પાસાની કાર્યવાહી કરી બંનેને ઝડપી લઈને અમદાવાદ અને સુરત જેલ હવાલે કર્યા છે.

મોરબી જીલ્લા પોલીસ અધિક્ષક મુકેશ પટેલની સૂચના તથા નાયબ પોલીસ અધિક્ષક સમીર સારડાના માર્ગદર્શન હેઠળ ટંકારા પીઆઈ જે.ડી. ઝાલાના નેતૃત્વમાં પોલીસે પ્રોહીબીશનના ગુનામાં સંડોવાયેલા વશરામભાઈ નારણભાઈ સાટકા ઉવ. ૩૦ રહે. ગઢડા ગામ તા. પડધરી જી. રાજકોટ અને ધર્મેન્દ્રભાઈ ઉર્ફે ધમો નાગજીભાઈ રાજાભાઈ ફાંગલીયા ઉવ.૨૧ રહે. વાછકપર (બેડી) તા. ટંકારા વાળા સામે પાસા દરખાસ્ત કરી હતી. જીલ્લા મેજિસ્ટ્રેટ અને કલેક્ટર સ્વપિનલ ખરેએ બંને સામે પાસા વોરંટ ઈશ્યુ કરતાં પોલીસે વશરામ સાટકાને તા. ૨૫/૦૮/૨૦૨૬ના રોજ તેના રહેણાંક મકાનેથી તથા ધર્મેન્દ્ર ફાંગલીયાને તા. ૨૬/૦૮/૨૦૨૬ના રોજ હીલોલ તા. દેહગામ જી. ગાંધીનગર ખાતેથી ડિટેઈન કર્યો હતો. બંનેને પાસા એક્ટ હેઠળ અમદાવાદ મધ્યસ્થ જેલ તથા લાજપોર જેલ સુરત ખાતે મોકલી આપવામાં આવ્યા છે.

# મુરાનો સિરામીકની લેબર કોલોનીમાં સગીરાનો આપઘાત


**અબતક, ઋષી મહેતા**

મોરબી તાલુકાના બેલા રંગપર ગામની સીમમાં મુરાનો સિરામીકની લેબર કોલોનીમાં રહેતી ૧૬ વર્ષની સગીરાએ ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતાં અરેરાટી ફેલાઈ હતી.

બેલા રંગપર ગામની સીમમાં મુરાનો સિરામીકની લેબર કોલોનીમાં રહેતી સુનીતાબેન પ્રીતમ ભીલાલા ઉવ.૧૬એ ગઈકાલ તા.૨૫/૦૮ના રોજ કોઈ કારણોસર લેબર ક્વાર્ટરમાં ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. બનાવની જાણ થતાં મોરબી તાલુકા પોલીસે અ.મોત નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# નવા જાંબુડીયા વિસ્તારમાં કન્ટેનરમાં લાગી ભીષણ આગ

**અબતક, ઋષિ મહેતા**



મોરબી નજીક નવા જાંબુડીયા વિસ્તારમાં વીંટેલ સિરામિક નજીક કન્ટેનરમાં અચાનક આગ ભભૂકી ઊઠતાં અફરાતફરી સર્જાઈ હતી. સ્થાનિક લોકોએ પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો.

મોરબી નજીક આવેલા નવા જાંબુડીયા વિસ્તારમાં વીંટેલ સિરામિક નજીક ઊભેલા એક કન્ટેનરમાં અચાનક આગ લાગી હતી. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં કન્ટેનર ભડભડ સળગવા લાગ્યું હતું. આગની મોટી જ્વાળાઓને પગલે ઘટનાસ્થળે લોકોના ટોળેટોળા એકઠા થઈ ગયા હતા અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સ્થાનિક લોકોએ સમયસૂચકતા વાપરી પાણીની વ્યવસ્થા કરી સળગતા કન્ટેનર પર પાણીનો મારો ચલાવતા ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. જોકે, આગ કયા કારણોસર લાગી તે અંગે હજુ કોઈ સ્પષ્ટતા થઈ નથી.

# ઈદે મિલાદુન્નબીની આન-બાન-શાન સાથે ઉજવણી

## રાજા વડલામાં ‘આઈ લવ મોહમ્મદ’નો આકાશી દડો, બન્યો આકર્ષણનું કેન્દ્ર

**અબતક, લીતેશ ચંદારાણા,વાંકાનેર**

મુસ્લિમ સમાજના પયગંબર હઝરત મહંમદ મુસ્તફા ના જન્મદિવસ નિમિત્તે વાંકાનેર તાલુકાના રાજા વડલા ગામે ઈદે મિલાદુન્નબીની ભવ્ય અને ધાર્મિક માહોલમાં ઉજવણી કરવામાં આવી હતી. ગામમાં છેલ્લા બાર દિવસથી જિક્રે રસૂલ, મિલાદ, કુરઆન શરીફના પઠન, ઈબાદત તથા વિવિધ ધાર્મિક કાર્યક્રમો દ્વારા વાતાવરણ ભક્તિમય બન્યું હતું.

ઉજવણીનો પ્રારંભ વહેલી સવારે ચાર વાગ્યે કેક કાપીને કરવામાં આવ્યો હતો. ત્યારબાદ નમાજે ફજર બાદ નફલ નમાજ તથા જિક્ર શરીફના કાર્યક્રમો યોજાયા હતા. પ્રથમ ચાંદથી ૧૨મા ચાંદ સુધી વિવિધ ધાર્મિક કાર્યક્રમો દ્વારા પયગંબર સાહેબના જીવન, સંદેશ અને માનવતાના મૂલ્યોને યાદ કરવામાં આવ્યા હતા.



રાજા વડલા ગામની મસ્જિદ ઉપર હવામાં લહેરાતો વિશાળ ‘આઈ લવ મોહમ્મદ’ લખાણ ધરાવતો દડો લોકોમાં ખાસ આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. આશરે પાંચથી સાત ફૂટ ઊંચાઈ અને અંદાજે ૩૫ ફૂટ લંબાઈ ધરાવતો આ દડો દોરીથી બાંધીને આકાશમાં લહેરાવવામાં આવ્યો હતો. બાળકો સહિત ગ્રામજનો અને આસપાસના વિસ્તારોમાંથી આવેલા લોકોએ આ અનોખું દૃશ્ય નિહાળ્યું હતું.

મસ્જીદ ખાતે બાલ મુબારકના દીદાર માટે શ્રધ્ધાળૂઓની લાંબી કતારો જોવા મળી હતી. સાંજે આમ નિયાઝ શરીફનું આયોજન કરવામાં આવ્યું હતુ. ગામમા રંગબેરંગી રોશની અને લાઈટ ડેકોરેશનથી મસ્જિદ, જમાતખાના, ઘરો, શેરીઓ અને ગલીઓ ઝળહળી ઉઠી હતી.

# નીચી માંડલમાં ૨૨૦ કેવી. હાઈટેન્શન લાઈનનો જીવતો તાર ખેતરમાં તૂટી પડતાં ખેડૂતોમાં રોષ

## જેટકોની ૩૫ વર્ષ જૂની લાઈનના મેન્ટેનન્સ સામે ગંભીર આક્ષેપઃ ખેડૂતોની ફરિયાદ, જવાબદારો સામે ગુનો નોંધવાની માંગ

**અબતક, ઋષિ મહેતા**

મોરબી તાલુકાના નીચી માંડલ ગામે ખેતરમાંથી પસાર થતી જેટકો કંપનીની ૨૨૦ કેવી હાઈટેન્શન લાઈનનો ચાલુ તાર અચાનક તૂટી પડતાં ખેડૂતો અને ખેતમજૂરોના જીવ જોખમમાં મુકાયા હતા. ભારે સ્પાર્કિંગ સાથે તાર ઉભા પાક પર પડતાં પાક, જમીન તથા સિંચાઈના સાધનોને નુકસાન થયાનો આક્ષેપ કરી ખેડૂતોએ મોરબી તાલુકા પોલીસ મથકે લેખિત ફરિયાદ કરી છે.

મોરબી તાલુકાના નીચી માંડલ ગામે ગત તા.૨૫/૦૮ના રોજ બપોરે આશરે ૪ વાગ્યાના અરસામાં ખેતરમાંથી પસાર થતી જેટકો કંપનીની ૨૨૦ કેવી હાઈટેન્શન લાઈનનો જીવતો તાર અચાનક તૂટી પડતાં ચકચાર મચી હતી. ત્યારે નીચી માંડલ ગામના ૬૦ વર્ષીય ખેડૂત નવલ નરભેરામ કુંડારિયા દ્વારા મોરબી તાલુકા પોલીસ મથકે આપવામાં આવેલી લેખિત ફરિયાદ મુજબ, તાર ભયાનક અવાજ અને ભારે સ્પાર્કિંગ સાથે નીચે પાક ઉપર પડ્યો હતો. સદનસીબે મોટી જાનહાનિ ટળી હતી, પરંતુ ખેતરમાં કામ કરતા ખેડૂતો અને મજૂરોના જીવ સામે ગંભીર જોખમ ઊભું થયું હતું.

હાઈટેન્શન વાયર તૂટી પડતાં થયેલા સ્પાર્કિંગ અને કરંટના કારણે ખેતરના પાક, જમીન તેમજ સિંચાઈના સાધનોને નુકસાન પહોંચ્યું છે. ખેડૂતોનો આક્ષેપ છે કે આશરે ૩૫ વર્ષ જૂની આ હાઈટેન્શન લાઈનના નિર્માણ અને મેન્ટેનન્સમાં હલકી ગુણવત્તાનું મટીરીયલ વાપરવામાં આવ્યું છે તેમજ લાઈનનું નિયમિત ટેકનિકલ ચેકિંગ પણ કરવામાં આવતું નથી. ખેડૂતો દ્વારા વધુમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે લાઈનના મેન્ટેનન્સમાં બેદરકારીના કારણે સેન્ટ્રલ ઈલેક્ટ્રિસિટી ઓથોરિટી (સીઈએ)ના સુરક્ષા નિયમો અને કાયદાકીય માપદંડોનું ઉલ્લંઘન થયું છે. આ સમગ્ર મામલે સંબંધિત વીજ પ્રસારણ કંપનીના જવાબદાર પ્રોજેક્ટ હેડ/એન્જિનિયર તેમજ લાઈનનું નિર્માણ અને મેન્ટેનન્સ કરનાર કોન્ટ્રાક્ટર સામે ગુનાહિત બેદરકારીનો ગુનો નોંધવા અને કડક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.

આ ઉપરાંત નુકસાનીનું યોગ્ય વળતર મળી રહે તે માટે તાત્કાલિક પોલીસ સ્ટાફ, સરકારી ઈલેક્ટ્રિકલ ઈન્સ્પેક્ટર (સીઈઆઈ) તથા મામલતદાર દ્વારા ઘટનાસ્થળનું પંચનામું કરી ટેકનિકલ રિપોર્ટ તૈયાર કરવામાં આવે તેવી પણ રજૂઆત કરાઈ છે. ફરિયાદમાં અરજદાર ખેડૂતની મુખ્ય માંગ છે કે ૩૫ વર્ષ અગાઉ આ હાઈટેન્શન લાઈન નાખવામાં આવી ત્યારે કોઈ વળતર આપવામાં આવ્યું ન હતું. હાલ જીવલેણ બની રહેલી આ લાઈન ખેતરમાંથી કાયમી ધોરણે દૂર કરવામાં આવે તથા ભવિષ્યમાં આવી ગંભીર ઘટના ન બને તે માટે જવાબદાર તંત્ર દ્વારા તાત્કાલિક યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેમ જણાવવામાં આવ્યું છે.

# રાજકોટમાં વૃદ્ધાની લાશનો ભેદ ઉકેલાયો: ઘરે મૂકવાની લાલચ આપી દુષ્કર્મ આચરી હત્યા કર્યાનો ખુલાસો

## કુવાડવા રોડ સાત હનુમાન મંદિર પાસે ભિક્ષાવૃત્તિ કરતા લીલાબેનને રીક્ષામાં બેસાડી ધોકા વડે કર્યો હુમલો, ફોરેન્સિક પીએમ રિપોર્ટથી સનસનીખેજ ખુલાસો

### સીસીટીવી અને હ્યુમન સોર્સથી વિકૃત રમેશ વૈધુકિયાની ધરપકડ: અગાઉ ચોટીલામાં હત્યા અને થોરાળામાં ૩ વર્ષની બાળકી પર દુષ્કર્મ-હત્યાનો ગુનાહિત ઈતિહાસ ખુલ્યો

**અબતક, રાજકોટ**

શહેરના આજીડેમ ચોકડી નજીક મોગલ માના મંદિર પાસેથી ૫ દિવસ પૂર્વે મળેલી અજાણ્યા વૃદ્ધાની કોહવાયેલી લાશનો ભેદ આજીડેમ પોલીસે ઉકેલી નાખ્યો છે. વૃદ્ધાને ઘરે મૂકવાની લાલચ આપી દુષ્કર્મ બાદ હત્યા નીપજાવી હોવાનો ઘટસ્ફોટ થતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. આ મામલે રીક્ષા ચાલક રમેશભાઈ બચુભાઈ વૈધુકિયાની ધરપકડ કરાઈ છે.

આ અંગે મળતી માહિતી મુજબ શહેરના આજીડેમ ચોકડી નજીક મોગલ માના મંદિર પાસેથી ગત તારીખ ૨૦ ના રોજ અજાણી વૃદ્ધાની લાશ મળતા આજીડેમ પોલીસ સ્ટેશન નો સ્ટાફ દોડી ગયો હતો અને મોતનુ કારણ જાણવા મૃતદેહ ફોરેન્સિક પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે શહેર પોલીસ કમિશનર બ્રિજેશકુમાર ઝા, પૂર્વ એસીપી વી બી જાડેજા દ્વારા આજીડેમ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી મળેલી અજાણી વૃદ્ધાની લાશ અંગે વધુ તપાસ કરવાની સૂચનાથી આજી ડેમ પોલીસ મથકના પીઆઈ એચ એન પટેલના માર્ગદર્શન હેઠળ તેમની ટીમ દ્વારા દ્વારા અજાણી વૃધ્ધાની તપાસ કરતા કુવાડવા રોડ પર સાત હનુમાન પાસે ઝુપડપટ્ટીમાં રહેતા અજયભાઈ રમેશભાઈ સોલંકી પોતાના દાદીમાં લીલાબેન ટપુભાઈ ઉર્ફે ટીંબુભાઈ સોલંકી ઉંમર વર્ષ ૭૬ વાળા ૧૯ તારીખે સવારે સાત હનુમાન મંદિરે પાસે ભિક્ષાવૃત્તિ કરવા માટે બેસાડ્યા બાદ સાંજે લેવા પરત ન ફરતા ૨૦ ના રોજ કુવાડવા પોલીસ સ્ટેશનમાં દાદીમાની ગુમનોંધ જાહેર કરવામાં આવી હતી અજાણી વૃદ્ધાની લાશમાં મૃતક લીલાબેન ટપુભાઈ સોલંકી હોવાનું સામે આવ્યું હતું બાદમાં પોલીસે સીસીટીવી મદદની આધારે વધુ તપાસ શરૂ કરી હતી તેમજ ફોરેન્સિક રિપોર્ટમાં સનસનીખેજ ખુલાસો થતા પોલીસે પણ ચોકી હતી રિપોર્ટમાં વૃદ્ધાની ધોકા વડે માર મારી અને દુષ્કર્મ ગુજારી લાશને ફેંકી દેવામાં આવી હોવાનું ખુલ્યુ હતું આજીડેમ પોલીસ સ્ટેશનની ટીમે સીસીટીવી કેમેરા તપાસી અને હુમન સોસ મદદથી આધારે બ્રહ્માણી હોલ કોઠારીયા રોડ પર રહેતો રીક્ષા ચાલક રમેશભાઈ બચુભાઈ વેધુકિયા ની ધરપકડ કરી યુક્તિ પ્રયુક્તિ થી વધુ તપાસ કરતા આરોપી રમેશે કબલ્યુ હતું કે ૧૯ તારીખ ની સાંજે ચાર વાગ્યે આસપાસ કુવાડવા રોડ સાત હનુમાન મંદિર પાસે

ભિક્ષાવૃતિ કરતા વૃદ્ધાને ઘરે પહોંચાડવાનું કહી બેસાડી અલગ અલગ જગ્યાએ રીક્ષા ઉભી રાખી અને ધોકા વડે મારકૂટ કરી અર્ધ બેભાન હાલતમાં આજીડેમ ચોકડી નજીક મોગલ માના મંદિર પાસે આજીડેમ કિનારે લઈ જઈ રિક્ષામાં બળજબરી પૂર્વક શરીર સબંધ બાંધી ધોકાવડે માર મારી મોત નીપજાવેલ અને બાદ પુરાવો નાશ કરવા લાશને ઈરાદે પૂર્વક આજીડેમ નદીના કિનારે ફેંકી દીધેલની કબુલાત આપી હતી આ અંગે ઊંડાણપૂર્વ તપાસમાં આરોપી રમેશ વેદુકિયા ગુનાહિત ઈતિહાસ ચેક કરતા ચોટીલા પોલીસ સ્ટેશન માં હત્યા બાદ લાશને ફેંકી દેવી, થોરાળા પોલીસ સ્ટેશનમાં ત્રણ વર્ષની બાળકીનો અપહરણ કરી દુષ્કર્મ ગુજારી હત્યા નીપજાવી લાશ ફેંકી દીધી ઘટસ્ફોટ થયો હતો આરોપી પોતે વિકૃત માનસિકતા ધરાવતો અને અવારનવાર ગુના આચરતો હોવાનું ખુલ્યુ હતું આ અંગે આજીડેમ પોલીસે હત્યારા રમેશ વેધુકિયા વિરુદ્ધ હત્યા દુષ્કર્મ નો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે આ અંગે આજીડેમ પોલીસ સ્ટેશનના પીઆઈ એચ એન પટેલ પીએસઆઈ ડોડીયા એએસઆઈ રવિવાર હેડ કોન્સ્ટેબલ સંજય મિયાત્રા ભરતભાઈ જોગિયા દેવાંગભાઈ પાલા આકાશ સોલંકી સહિતના સ્ટાફે કામગીરી બજાવી હતી

# ગોંડલ નજીક કારમાંથી ૬૧ હજારના શરાબ સાથે મહિલા સહિત ત્રણ પકડાયા

## એલસીબીએ દરોડો પાડી ૩૮૪ બોટલ દારૂ, અર્ટિગા અને મોબાઈલ મળી રૂા. ૩.૭૦ લાખનો મુદ્દામાલ કબ્જે : જેતપુરનો બુટલેગર કપીલ ઉર્ફે ટીનો નિમાવતની શોધખોળ

**અબતક, રાજકોટ**

સાતમ-આઠમના પર્વ પૂર્વે બુટલેગરો દ્વારા મોટાપાયે વિદેશી દારૂની હેરાફેરી પર પોલીસે ધોસ બોલાવી છે. જેમાં ગોંડલ નજીક આવેલ ધારેશ્વર ચોકડી પાસે એલસીબીએ દરોડો પાડી કારમાંથી રૂા. ૬૧ હજારની કિંમતના ૩૮૪ બોટલ વિદેશી દારૂ સાથે મહિલા સહિત ત્રણ શખ્સોની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે દારૂ-વાહન અને મોબાઈલ મળી ૩.૭૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. વધુ વિગત મુજબ રાજકોટ જિલ્લામાં દારૂબંધીનો કડક અમલ કરવા એસ.પી. વિજયસિંહ ગુર્જરે આપેલી સુચનાને પગલે એલસીબીના પીઆઈ જે.પી. રાવ સહિતના સ્ટાફ દ્વારા પેટ્રોલીંગ હાથ ધરવામાં આવ્યું હતું. ત્યારે દમણના કુચી ગામના રહેવાસી નિતેશ કેસુ ઘોડી નામનો શખ્સ જીજે ૧૫ સી.ડી. ૩૮૫૪ નંબરની અર્ટિગા કારમાં વિદેશી દારૂનો જથ્થો ભરીને આવી રહ્યા હોવાનું સ્ટાફને મળેલી બાતમીના આધારે પીએસઆઈ કે.એમ. ચાવડા, એચ.સી. ગોહિલ સહિતના સ્ટાફ દ્વારા ગોંડલ નજીક ધારેશ્વર ચોકડી પાસે વોચ ગોઠવી હતી. ત્યારે ઉપરોક્ત નંબરની પુરપાટ ઝડપે આવતી કારને અટકાવી તલાશી લેતા જેમાંથી રૂા. ૬૧ હજારની કિંમતની ૩૮૪ બોટલ દારૂ સાથે મિતેશ ઘોડી, અર્ચનાબેન સુરેશ અને એક બાળારૂપી મળી આવતા પોલીસે ત્રણેયની ધરપકડ કરી હતી. પોલીસની પ્રાથમિક પુછપરછમાં આ દારૂનો જથ્થો જેતપુરના કપીલ ઉર્ફે ટીનો નિમાવત નામના બુટલેગરે મંગાવ્યાનો ખુલતા તેની શોધખોળ હાથ ધરવામાં આવી છે. તેમજ ઝડપાયેલ નિતેશ ઘોડી સામે પારડી, ભિલાલ અને વેરાવળ પોલીસ મથકના ચોપડે દારૂના ગુનામાં ચડી ચુક્યો છે.

# શાપરના કામ કરતી વેળાએ ગ્રાઈન્ડર મશીન વાગી જતા યુવકનું મોત

## ૨૨ દિવસની લાંબી સારવારમાં સિવિલ હોસ્પિટમાં દમ તોડ્યો: ૩ માસ પહેલા લગ્ન થનારના મોત થી પરિવારમાં ગમગીની છવાઈ

**અબતક રાજકોટ**

શહેરના ભાગોળે આવેલ સાપર વેરાવળમાં રહેતો ૨૫ વર્ષે યુવાનને ગ્રાઈન્ડર મશીન વાગી જતા સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. સારવાર દરમિયાન ગઈકાલે તેમનું મોત નીપજતા સાપર પોલીસ સ્ટેશનનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો અને મૃતદેહ ને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો

આ અંગે મળતી માહિતી મુજબ સાપર વેરાવળમાં શીતળા માના મંદિર પાસે રહેતો વિશાલ પુનર્વાસી રાજભર ઉંમર વર્ષ ૨૫ વર્ષીય યુવાન ગત તા ૪ ના રોજ કારખાનામાં ખુરશી પર બેસીને ગ્રાઈન્ડર મશીનથી કામ કરતો હતો તે દરમિયાન યુવકને મશીન માથાના ભાગે લાગી જતા તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જેનું ૨૨ દિવસની ચાલુ સારવાર દરમિયાન ગઈકાલે મોત નીપજતા સાપર વેરાવળ પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે મૃતક પોતે ઉત્તર પ્રદેશ નો વતની હોય અને મૃતક ત્રણ માસ પૂર્વે લગ્ન થયા હતા

અને ત્રણ બેન નો મોટા ભાઈના મોતથી પરિવારમાં કલ્પાંત છવાયો હતો આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે

# જસદણ: સણોસરા નજીક કારમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

## એલસીબી ની ટીમે ફિલ્મી ઢબે પીછો કરી શરાબની ૨૪૪ બોટલ સાથે બુટલેગરને ઝડપી લીધો

**અબતક રાજકોટ**

જસદણના સણોસરા ગામ નજીક રાજકોટ ગ્રામ્ય એલસીબીની ટીમે વિદેશી દારૂ ભરેલી કારનો પીછો કરી, કારમાંથી વિદેશી દારૂની ૨૪૪ બોટલ મળી રૂ.૫.૬૭ લાખના મુદ્દામાલ સાથે બુટલેગરને ઝડપી લીધો છે.

રાજકોટ જિલ્લા પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જરે જિલ્લામાં દારૂ અને જુગાર સહિતની બદીઓ નાબૂદ કરવા આપેલી સૂચનાના પગલે, રાજકોટ ગ્રામ્ય એલસીબી ની ટીમ જસદણ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન તેઓને બાતમી મળી હતી કે, ખડવાવડી ગામે રહેતો કિરણ કલા મકવાણા નામનો શખ્સ G J 37 J 6447 નંબરની ઈ ૨૦ કારમાં વિદેશી દારૂનો જથ્થો ભરીને વિછીયા થી જસદણ તરફ જવાનો છે. એલસીબી ની ટીમ બાતમી મળેલા સ્થળે વોચમાં ગોઠવાઈ ગઈ હતી તે દરમિયાન કાર ત્યાંથી પસાર થતાં તેને રોકોના પ્રયત્ન કરતા, બુટલેગર પોલીસને જોઈને કાર હંકારી મૂકી હતી જેથી એલસીબી ની ટીમે કારનો ફિલ્મી ઢબે કિસ્સો કરી સણોસરા જવાના રસ્તે કારને અટકાવી, તલાશી લેતા તેમાંથી વિદેશી દારૂની ૨૪૪ બોટલ મળી આવતા, કાર અને દારૂ મળી,રૂ.૫.૬૭ લાખના મુદ્દામાલ સાથે જસદણ તાલુકાના ખડવાવડી ગામે રહેતો કિરણ કલા મકવાણા નામના બુટલેગરની ધરપકડ કરી દારૂ અંગે પૂછપરછ કરતા તેને વિદેશી દારૂ મોટા માત્રા ગામે રહેતો ઈશ્વર ઉર્ફે ઈશા બાવળીયા નામના પાસેથી લીધો હોવાની કબુલાત આપી હતી. પોલીસે ઈશ્વર ઈશા બાવરીયા વિરુદ્ધ ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરી છે.

# ઢુવા પાસે સિરામીક ગોડાઉનમાં પાઉડરની બોરીઓ નીચે દબાઈ જતા શ્રમિકનું મોત

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

વાંકાનેરના ઢુવા ગામની સીમમાં સીરામીક ગોડાઉનમાં પાઉડરની બોરીઓનો થપ્પો ખસતા ચાર મજૂરો દબાયા હતા, જેમાં ૩૭ વર્ષીય મજૂરનું મોત નીપજ્યું હતું.

વાંકાનેર તાલુકા ઢુવા ગામની સીમમાં નાગમતી એન્ટરપ્રાઈઝના મીરેકલ સીરામીકના ગોડાઉનમાં ૫૦ કિલો સીરામીક પાઉડરની થેલીઓ મોટા બોરામાં ખાલી કરવાનું કામ ચાલી રહ્યું હતું. દરમિયાન થપ્પામાંથી એક થેલી ખેંચતા ઉપર રહેલી વજનદાર થેલીઓ મજૂર મુકેશકુમાર શિવદત્ત સંતવાર ઉવ.૩૭રહે. હાલ નાગમતી એન્ટરપ્રાઈઝના લેબર ક્વાર્ટર, ઢુવા મૂળ રહે. સારૈયા ગામ તા. ભરથના જી. ઈટાવા ઉત્તરપ્રદેશ તથા અજિતકુમાર વિરેંદ્રકુમાર ઉપર પડતાં બંને દબાઈ ગયા હતા. તેમને બહાર કાઢવાની કામગીરી દરમિયાન બીજો થપ્પો ખસતા અન્ય બે મજૂરો પણ દબાયા હતા. ઘટનામાં મુકેશકુમારનું મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય મજૂરોને નાની-મોટી ઈજાઓ થઈ હતી. બનાવ અંગે વાંકાનેર તાલુકા પોલીસે અ.મોત નોંધી તપાસ હાથ ધરી છે.

# સોમનાથ સંસ્કૃત યુનિ.ના સંસ્કૃત સપ્તાહનો કુલસચિવ ડો. મહેશ મેતરાના અધ્યક્ષ સ્થાને ઉદઘાટન સમારંભ




**અબતક,અતુલ કોટેચા, વેરાવળ**

સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી અને સંસ્કૃત ભારતી , ગીર સોમનાથ દ્વારા આયોજિત સંસ્કૃત સંભાષણ વર્ગનો સંપૂર્તિ સમારોહ અને શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના સંસ્કૃત સપ્તાહનો ઉદઘાટન સમારંભ યોજવામાં આવ્યો હતો. શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના કુલ સચિવ ડો. મહેશકુમાર મેતરાના અધ્યક્ષ સ્થાને આ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં અતિથિવિશેષ રૂપે જિલ્લા શિક્ષણ અધિકારી એમ.પી. બોરીચા, ભારત વિકાસ પરિષદના પ્રમુખ શ્રી સંજયભાઈ કારિયા, નિલેશભાઈ અપારનાથી, સંજયભાઈ ડોડીયા, અનુસ્નાતક ભવનના નિદેશક પ્રો.વિનોદકુમાર ઝા, પ્રાચાર્ય ડો.નરેન્દ્રકુમાર પંડ્યા અને સંયોજક અને સંશોધન નિદેશક ડો. ડી. એમ. મોકરિયા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન ડો. જીગરભાઈ ભટ્ટે કર્યું હતું. આભારવિધિ ડો. આશાબેન માઢકે કરી હતી. સંસ્કૃત સપ્તાહ ઉત્સવનો પ્રારંભ ગીર સોમનાથ જિલ્લા પ્રશાસન દ્વારા યોજવામાં આવેલી સંસ્કૃત યાત્રાથી કરવામાં આવ્યો હતો. તેમાં શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના ઋષિ કુમારોએ ટેબ્લોમાં યજ્ઞનું નિદર્શન કરીને ભારતીય સંસ્કૃતિનાં ગૌરવને પ્રદર્શિન કર્યું હતું . શ્રીસોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી દ્વારા વિવિધ સંસ્થાઓને આમંત્રણ આપીને તે વિદ્યાર્થીઓને માટે ગીત , શ્લોકગાન, વકતૃત્વ,ચિત્ર વગેરે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે . સંસ્કૃત સપ્તાહના અંતિમ દિવસે આ સ્પર્ધાઓમાં ક્રમાંક પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને શીલ્ડ અને પ્રમાણપત્રોથી સન્માનિત કરવામાં આવશે. સંસ્કૃતની અસ્મિતાને પ્રગટ કરતી પ્રદર્શનની પણ યોજવામાં આવશે.

# શાપરમાં રાજન ગેટ પાસે વીજળીના તૂટેલા તારથી કરંટ લગતા ૮ વર્ષીય બાળકનું મોત

## એકના એક પુત્રના મોત થી પરિવારમાં ગમગીની છવાઈ

**અબતક રાજકોટ**

શાપરમાં રાજન ગેટ અંદર રહેતા શ્રમિકના આઠ વર્ષીય માસુમ બાળક ગુજરાત કાસ્ટિંગ કારખાના પાસે ચાલીને પસાર થઈ રહ્યો હતો ત્યારે વાહન આવતા સાઈડમાં જતા પાણીમાં ચાલુ વીજળી નો તૂટેલ તાર હોવાથી વીજ કરંટ લાગતા તાત્કાલિક અર્થે સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. સારવાર મળે તે પહેલા જ તબીબે માસુમ બાળકને મૃત જાહેર કરતા ઘટના સ્થળે શાપર વેરાવળ પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે મળતી માહિતી મુજબ શાપર વેરાવળમાં રાજન ગેટની અંદર એટોપ કંપનીમાં કામ કરતા શ્રમિક પરિવારનો ઋતુરાજ સુમનભાઈ રવાણી ઉંમર વર્ષ ૮ વર્ષીય માસુમ બાળક ગઈકાલે સાંજે ૬:૦૦ વાગ્યા આસપાસ ગુજરાત કાસ્ટિંગ ગેટ પાસે ચાલીને પસાર થઈ રહ્યો હતો ત્યારે સ્વાનએ ભસતા પોતે ભાગતા સાઈડ પાણી ભરેલ હોઈ જેમ ચાલુ વીજનો ચાલુ કરંટ વાળો તાર તૂટેલ હોય જેથી માસુમ બાળકને વીજ કરંટ લગતા આસપાસના લોકો દોરી ગયા હતા અને સારવાર અર્થે હોસ્પિટલે ખસેડવામાં આવ્યો હતો સારવાર મળે તે પહેલા તબીબે માસુમ બાળકનું પ્રાણ પંખેરું ઉડી ગયું હોવાનું જણાવતા ઘટના સ્થળે શાપર વેરાવળ પોલીસ સ્ટેશન નો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે મૃતકનો પરિવાર પોતે બિહારના વતની હોય અને એટોપ કંપનીમાં શ્રમિક કામ કરતા હોય તેમજ બાળક પાણીમાં વીજળીના તૂટેલા તારથી કરંટ લાગવાથી મોત થયા નો પ્રાથમિક તારણ જાણવા મળ્યું છે મૃતક પોતે બે બેનનો એકનો એક ભાઈ ગુમાવતા પરિવારમાં ગમગીની છવાઈ હતી આ અંગે સાપર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે

# સોમનાથના આંગણે 'શ્રાવણ ઉત્સવ'નો પ્રારંભ કરાવતા જિલ્લા પંચાયત પ્રમુખ દ્વારકાદાસ દોમડીયા

## જિલ્લાના ચાર સખી મંડળોને રૂ. ૪૯.૦૫ લાખના વિવિધ ફંડના ચેકનું વિતરણ કરાયું

**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

શ્રાવણ માસ દરમિયાન પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના દર્શને લાખો શ્રદ્ધાળુઓ આવતા હોય છે. શ્રાવણ માસ નિમિત્તે ગીર સોમનાથ જિલ્લાની ગ્રામીણ મહિલાઓને સ્વરોજગારીની તક પૂરી પાડવા પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથના આંગણે જિલ્લા પંચાયત પ્રમુખ દ્વારકાદાસ દોમડીયાએ 'શ્રાવણ ઉત્સવ'નો પ્રારંભ કરાવ્યો હતો.

ઉદઘાટન બાદ જિલ્લા પંચાયત પ્રમુખ, કારોબારી ચેરમેન મહેન્દ્રભાઈ પીઠિયા, સોમનાથ મંદિર જનરલ મેનેજર શ્રી વિજયસિંહ ચાવડા સહિતના મહાનુભાવોએ તમામ સ્ટોલની મુલાકાત લીધી હતી. આ મુલાકાતમાં મહાનુભાવોએ સ્વસહાય જૂથો સાથે સંકળાયેલી બહેનો સાથે સંવાદ કરી તેમનો ઉત્સાહ વધાર્યો હતો.



ઉલ્લેખનીય છેકે, મહિલા સખી મંડળોને આત્મનિર્ભર બનાવવા અને તેમનાં ઉત્પાદનોને યોગ્ય બજાર પૂરું પાડવા માટે તા.૨૬/૦૮/૨૦૨૬ થી ૩૦/૦૮/૨૦૨૬ દરમિયાન સવારે ૯.૦૦ થી રાતે ૧૦.૦૦ સુધી સોમનાથ મંદિર પરિસર, ભાટિયા મેદાન ખાતે 'શ્રાવણ ઉત્સવ' ચાલશે.

ગ્રામ વિકાસ વિભાગ હેઠળના ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપની લિ. (GLPC) દ્વારા રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (DAY-NRLM) દ્વારા સખીમંડળની બહેનો તેમના ઉત્પાદનો વધુમાં વધુ લોકો સુધી પહોંચાડી શકે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

# મોરબીમાં નાની માધાણીમાં યુવકનો આપઘાત

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબીના દરબારગઢ પાસે નાની માધાણી શેરીમાં ૨૬ વર્ષીય યુવકે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ લેતાં મોત નીપજ્યું હતું.

મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં નોંધાયેલી અ.મોતની પ્રાપ્ત વિગત મુજબ, હરદેવભાઈ ઉર્ફે સાગર હરેશભાઈ બારડ ઉવ.૨૬ રહે. નાની માધાણી શેરી દરબારગઢ પાસે, મોરબી વાળાએ પોતાના રહેણાક મકાને કોઈ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ લેતાં તેમનું મોત નીપજ્યું હતું. બનાવ અંગે પોલીસે અ.મોત નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કોટડાસાંગાણીના વડિયા ગામે બંધ મકાનમાંથી રૂ.૭.૮૨ લાખની ચોરી

## વૃદ્ધ દંપતી પુત્રના ઘરે રોકાવા જતા તસ્કરો ત્રાટક્યા, સોના-ચાંદીના ઘરેણાં, જૂના ચલણી સિક્કા અને રોકડ ઉસેડી ગયા: પોલીસ ડોગ સ્કવોડ અને ફિંગર પ્રિન્ટ નિષ્ણાતો સાથે દોડી, તસ્કરોનું પગેરું

**અબતક,રાજકોટ**

કોટડા સાંગાણીના વડિયા ગામે રહેતા વૃદ્ધ દંપતી રાજકોટ રહેતા પુત્રના ઘરે રોકાવા ગયા બાદ પરત ઘરે આવતા ચોરી થયાનું માલુમ પડ્યું હતું. તસ્કરોએ બંધ મકાને નિશાન બનાવી અહીંથી સોના-ચાંદીના ઘરેણાં અને રોકડ રકમ સહિત રૂ. ૭.૮૨ લાખની મત્તા ચોરી કરી ગયા હતા. કોટડા સાંગાણી પોલીસ સ્ટાફ ડોગ સ્કોડ અને ફિંગર પ્રિન્ટ નિષ્ણાતો સાથે દોડી જાય તસ્કરોનું દબાવ્યું છે.

ચોરીના આ બનાવની જાણવા મળતી વિગતો મુજબ, કોટડા સાંગાણી તાલુકાના વડિયા ગામે શિવ મંદિર પાસે રહેતા પ્રવિણસિંહ મંગળસિંહ જાડેજા (ઉ.વ.૭૦) નામના વૃદ્ધના બંધ મકાનમાં તાળા તોડી તસ્કરોએ રૂપિયા ૭.૮૨ લાખની માતા ચોરી કરી ગયા અંગેની કોટડા સાંગાણી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે પત્ની સાથે નિવૃત્તિનું જીવન પસાર કરે છે. સંતાનમાં બે પુત્ર છે. જેમાં મોટો પુત્ર દિગ્વિજયસિંહ ગોંડલ અને નાનો પુત્ર યુવરાજસિંહ રાજકોટ રહે છે.

પ્રવિણસિંહ ગઈ તા. ૧૮-૮-૨૦૨૬ ના સાંજના સાતેક વાગ્યે આસપાસ તે તથા તેમના પત્ની રાજકોટ રહેતા નાના પુત્ર યુવરાજસિંહના ઘરે રોકાવા માટે ગયા હતા. બાદમાં તારીખ ૨૫-૮- ૨૦૨૬ ના સાંજના આઠેક વાગ્યે અને ઘરે પરત ફરતા દરવાજો ખોલવા જતા નકુચો તૂટેલો હતો અને દરવાજામાં મારેલું તાળું પણ જોવા મળ્યું ન હતું. ત્યારબાદ ઘરમાં તપાસ કરતા સામાન વેરવિખેર હાલતમાં પડ્યો હતો. કબાટમાં તિજોરીનું ખાનું પણ ખુલ્લું હોય અને બધી વસ્તુઓ વેરવિખેર હાલતમાં પડી હોય ચોરી થયા અને માલુમ પડ્યું હતું.ઘરમાં તપાસ કરતા કબાટમાં તિજોરીમાંથી સોનાના ઘરેણા ૧૨.૫ તોલા કિંમત રૂપિયા ૬.૬૨ લાખ તથા ચાંદીની નાનીમોટી ચીજ વસ્તુ ૯૦૦ ગ્રામ કિંમત રૂપિયા ૬૦,૦૦૦, જુના ચલણી સિક્કા તથા રોકડ રૂપિયા ૫૮,૦૦૦ મળી કુલ રૂપિયા ૭,૮૨,૫૦૦ ની મત્તા તસ્કરો બંધ મકાનને નિશાન બનાવી ચોરી કરી ગયા હોવાનું માલુમ પડ્યું હતું. જેથી આ અંગે ફરિયાદ નોંધાવતા કોટડા સાંગાણી પોલીસે ગુનો નોંધી બંધ મકાનને નિશાન બનાવનાર તસ્કરોનુ પગેરૂ દબાવ્યું છે .

# રાજકોટ જિલ્લામાં જુગારના ૬ દરોડામાં ૯ મહિલા સહિત ૫૧ શખ્સોની ધરપકડ

## ભાયાવદર, ધોરાજી, જસદણ, જેતપુર, પાટણવાવ અને શાપરમાં જુગારની મહેફીલમાં ભંગ પાડતી પોલીસ : ૩.૯૪ લાખનો મુદ્દામાલ કબ્જે

**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લામાં ઠેર ઠેર જુગારના પટ્ટ મંડાયા છે. જેના પર પોલીસે દરોડા પાડી ૬ સ્થળોએ જુગાર રમતા ૯ મહિલા સહિત ૫૧ શખ્સોની ધરપકડ કરવામાં આવી છે. જેમાં ભાયાવદર, ધોરાજી, જસદણ, જેતપુર, પાટણવાવ અને શાપરમાં જુગારની મહેફીલમાં ભંગ પાડી ૩.૯૪ લાખનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે.



વધુ વિગત મુજબ સાતમ-આઠમના પર્વ પૂર્વે જિલ્લામાં ઠેર ઠેર જુગાર રમાતો હોવાની રાજકોટ જિલ્લા પોલીસવડા વિજયસિંહ ગુર્જરને ધ્યાને આવતા આ બદીને કડક હાથે ડામી દેવા આપેલી સુચનાને પગલે પોલીસ દ્વારા સઘન પેટ્રોલીંગ હાથ ધરવામાં આવ્યું છે. ત્યારે શાપર-વેરાવળ વિસ્તારમાં આવેલ જુગાર રમાતો હોવાની બાતમીના આધારે સ્ટાફે દરોડો પાડી જુગાર રમતા રાજેશ કિશોર પ્રતાપ, રાજેશ કુમાર શંકર યાદવ, રોહિત ધર્મેન્દ્ર શાહુ, સુરજ કમલ કિશોર શર્મા, અજય શિવકુમાર શાહુ, બીરજુ પ્રસાદ, અમરજીત પંડીતની ધરપકડ કરી જુગારના પટ્ટમાંથી ૧૩,૨૬૦ રોકડા કબ્જે કર્યા છે. જ્યારે ભાયાવદર ખિજડા શેરીમાં જાહેરમાં જુગારરમતો મુકેશ બાબુ પરસાણીયા, મેહુલ વિનોદ પરસાણીયા, નિર્મલાબેન પરસાણીયા, સરોજબેન માકડિયા, લલીતાબેન રાડિયા, સોભનાબેન પાનસુરિયા, અસ્મીતાબેન ફળદુ, પારસબેન પરબતભાઈ ચાવડા, સરોજબેન નટુભાઈ માકડિયા, વર્ષાબેન નવીનભાઈ પરસાણીયા અને જયાબેન પરસોત્તમભાઈ પરસાણીયાની ધરપકડ કરી ૨૧,૧૩૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. જ્યારે ધોરાજી રામ પરા સાપાધાર પાસે જાહેરમાં જુગાર રમતા વિપુલ જાદવ વરુ, મનોજ જીણા ડાભી, જયેશ બાબુ મેણિયા, સંજય જીણા ડાભી, ભલા કાના કોડિયા અને ઘોઘા બોદા ટોળિયાની ધરપકડ કરી જુગારના પટ્ટમાંથી ૧૫,૭૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. ઉપરાંત જસદણ, વિછિયા રોડ પર આવેલ ૬૬ કેવી સપ્ટેશન પાસે જુગાર રમતા બાબુ મુળજી ચાવડા, વિશાલ ચના સિરોડિયા, રવિ મનીષ વાઘેલા, કેતન રાજેશ વિસાણી, જયરાજ છગન પરમાર, સેજાન સલીમ સૈયદ અને દિવ્યેશ ઉર્ફે દર્શન અશોક ચાવની ધરપકડ કરી રોકડ, મોબાઈલ અને વાહન મળી ૩.૩૩ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. જ્યારે જેતપુર તાલુકાના ખજુરી ગુંદાળા ગામે તાલુકા પોલીસે દરોડો પાડી જુગાર રમતા મુકેશ પાલા મકવાણા, કમલેશ પીઠા મકવાણા, કાળુ કાના મકવાણા, કમલેશ બાબુ મકવાણા, બાબુ ભલા મકવાણા, સુમિત જેન્તી મકવાણા, કિશન પ્રેમજી મકવાણા, જયેશ પ્રેમજી મકવાણા, શામજી પુના મકવાણા, દિલીપ ભીમજી મકવાણા, અજય પ્રેમજી મકવાણા, મેહુલ મનસુખ મકવાણા, દિનેશ છગન મકવાણા, રવજી ડાયા મકવાણા, આંબા ભલા મકવાણા અને કાળુ ભલા મકવાણાની ધરપકડ કરી જુગારના પટ્ટમાંથી ૧૫,૪૭૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. આ ઉપરાંત પાટણવાવ જાહેરમાં જુગાર રમતા રામા મોહન રાવળ, પ્રધાનજી બબાજી ઠાકોર, ભરત વીરસીંગ ઠાકોર અને નરેશ ઠાકોરની ધરપકડ કરી ૧૧૫૦નો મુદ્દામાલ કબ્જે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# પૂર્વ કચ્છ પોલીસને ૧૩ નવા ‘જન રક્ષક’ વાહનોની ફાળવણી

## એસપી કચેરી ખાતે વાહનોની ફ્લેગ ઓફ સેરેમની યોજાઈ



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

પૂર્વ કચ્છ જિલ્લા પોલીસને ગુજરાત સરકાર દ્વારા ૧૩ નવા જન રક્ષક બોલેરો વાહનો ફાળવવામાં આવ્યા છે. પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક સાગર બાગમારની ઉપસ્થિતિમાં વાહનોની ફ્લેગ ઓફ સેરેમની યોજાઈ હતી.એસપી સાગર બાગમાર અને ડીવાયએસપી એ.વી રાજગોર દ્વારા વાહનોનું પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. ફાળવાયેલા વાહનો ગાંધીધામ એ ડિવિઝન,બી ડિવિઝન, અંજાર, આદિપુર, કંડલા, ભચાઉ, રાપર, આડેસર, સામખિયાળી, લાખડિયા, બાલાસર-ખડીર સહિતના પોલીસ મથકોમાં કાર્યરત કરવામાં આવશે.

૧૧૨ હેલ્પલાઈન મારફતે મળતી ઈમરજન્સી તેમજ નાગરિકોની ફરિયાદો અંગે પોલીસ ઘટનાસ્થળે વધુ ઝડપથી પહોંચી શકે અને ત્વરિત કાર્યવાહી કરી શકે તે હેતુથી આ વાહનો ફાળવવામાં આવ્યા છે. પૂર્વ કચ્છ પોલીસ પાસે અગાઉના ૫ સહિત હવે કુલ ૧૮ જન રક્ષક વાહનો ઉપલબ્ધ બન્યા છે.

# ગાંધીધામના સપનાનગરમાંથી બે લાખનો વિદેશી દારૂ પકડાયો



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ગાંધીધામ પોલીસ સ્ટાફ ગાંધીધામ સપનાનગર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન મળેલ બાતમી હકીકત આધારે સપનાનગર વિસ્તારમાં દરોડો પાડી વિદેશી દારૂના જથ્થા સાથે એક ઈસમની ધરપકડ કરી છે. પેટ્રોલીંગ દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે પોલીસે મકાન નંબર ઈ-૫૩ માં દરોડો પાડ્યો હતો. આ સ્થળેથી ૪૦ વર્ષીય જીતેન્દ્ર પરષોત્તમ ભાટિયાને અલગ અલગ બ્રાન્ડની વિદેશી દારૂની બોટલો અને મોબાઈલ સહિત કુલ રૂ.૨,૦૬,૫૪૯ ના મુદ્દામાલ સાથે ઝડપી લીધો હતો. આ જથ્થો પૂરો પાડનાર રાજસ્થાનના યોગેશ સામે પણ ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરાઈ છે.

આ કામગીરી ગાંધીધામ બી ડીવીઝન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર એસ.વી.ગોજીયા તથા પો.સબ ઈન્સ. એલ.એન.વાઢીયા તથા સર્વેલન્સ સ્ટાફના પોલીસ કર્મચારીઓ દ્વારા કરવામા આવેલ છે.

# જામનગર: ચોરાઉ બાઈક સાથે બેલડી ઝડપાઈ

## સિટી એડિવિઝન પોલીસે વાહન ચોરીનો ભેદ ઉકેલ્યો

**અબતક, જામનગર**

જામનગર શહેરમાં બનતા વાહન ચોરીના વણશોધાયેલા ગુનાઓ શોધી કાઢવા માટે સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર વી.એમ. ડોડીયાના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ટાફ પોલીસ સ્ટેશન વિસ્તારમાં દરબારગઢ સર્કલ ખાતે વાહન ચકાસણી કરી રહ્યો હતો. તે દરમિયાન પોલીસ હેડ કોન્સ્ટેબલ મહેશભાઈ ધુડાભાઈ મોરી, વિપુલભાઈ જગદીશભાઈ સોનગરા તથા પોલીસ કોન્સ્ટેબલ રાજેન્દ્રસિંહ ઘનશ્યામસિંહ ડોડીયાને સંયુક્ત રીતે ખાનગી બાતમી મળી હતી કે બે ઈસમો નંબર પ્લેટ વગરનું શંકાસ્પદ મોટરસાયકલ લઈને સુભાષ શાક માર્કેટ તરફથી દરબારગઢ સર્કલ તરફ આવી રહ્યા છે. બાતમીના આધારે પોલીસે કાળા રંગનું હિરો હોન્ડા કંપનીનું સ્પ્લેન્ડર પ્લસ મોટરસાયકલ અટકાવી તેની તપાસ



કરી હતી. ચોરીના ગુનાનું હોવાનું બહાર આવ્યું હતું. આથી પોલીસે તોફીક દાઉદભાઈ જખરા તથા રેહાન હારૂનભાઈ બ્લોચ, ઝડપી પાડ્યા હતા.

પોલીસે રજીસ્ટ્રેશન નંબર જીજે-૧૦-સીસી-૧૧૮૫ ધરાવતું હિરો હોન્ડા કંપનીનું સ્પ્લેન્ડર પ્લસ મોટરસાયકલ કબજે કરી તેની કિંમત રૂ. ૨૦,૦૦૦ આંકી હતી.

આ અંગે જામનગર સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા વાહન ચોરીના વણશોધાયેલા ગુનાનો ગણતરીના કલાકોમાં ભેદ ઉકેલવામાં આવ્યો હતો. પોલીસ હેડ કોન્સ્ટેબલ હરપાલસિંહ ભરતસિંહ પરમારે બંને આરોપીઓની અટકાયત કરી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જામજોધપુરના કલ્યાણપુર ગામે વીજશોકથી મહિલાનું મોત

**અબતક, ભરત ગોહેલ, જામજોધપુર**

જામજોધપુર તાલુકાના કલ્યાણપુર ગામે વાડીમાં મજૂરી કામ કરતી એક મહિલાને વીજ કરંટ લાગતાં તેણીનું મૃત્યુ નિપજ્યું હોવાનું પોલીસ ચોપડે નોંધાયું છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ, કલ્યાણપુર ગામમાં સંજયભાઈ ગધેથરીયાની વાડીએ ખેતમજૂરી માટે ગયેલા સુરતાબેન લક્ષ્મણભાઈ કાળુભાઈ છારેલ (ઉ.વ.૪૩), મૂળ મોરા ગામ, તા. મોરવાહડફ, જી. પંચમહાલના વતની હતા અને હાલ કલ્યાણપુર ગામે રહેતા હતા. તા. ૨૫ ઓગસ્ટના બપોરના આશરે અઢી વાગ્યાના સમયે સુરતાબેન વાડીમાં નિંદણનું કામ કરતા હતા. દરમિયાન નિંદણ વાડીના શેઢે નાખવા જતાં ટી.સી. પાસે આવેલા વાયરના સંપર્કમાં આવતાં તેમને વીજ કરંટ લાગ્યો હતો, જેના કારણે તેમનું મૃત્યુ નિપજ્યું હતું.

આ અંગે મૃતકના પતિ લક્ષ્મણભાઈ કાળુભાઈ છારેલે શેઠ વડાળા પોલીસ મથકમાં અકસ્માતે મોતની નોંધ કરાવી છે. બનાવની વધુ તપાસ એ.એસ.આઈ. ડી.આર. સાગઠીયા ચલાવી રહ્યા છે.

# વરસાદની ખેંચ વચ્ચે ઊંડ-૧ ડેમમાં નર્મદાના નીર ઠાલવવાની માંગણી

## ૧૦થી વધુ ગ્રામ પંચાયતોની સામૂહિક રજૂઆતઃ સિંચાઈનું પાણી નહીં મળે તો હજારો હેક્ટરના પાકને નુકસાનની ભીતિ

**અબતક, સંજય ડાંગર, ધ્રોલ**

જામનગર જિલ્લા તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદની ખેંચને કારણે ખેડૂતોના ઊભા પાક પર સંકટ ઊભું થયું છે. પાણીના અભાવે પાક સુકાઈ જવાની ભીતિ વચ્ચે ઊંડ-૧ ડેમમાં સૌની યોજના મારફતે નર્મદાના નીર ઠાલવવાની પ્રબળ માંગ સાથે ૧૦થી વધુ ગ્રામ પંચાયતો દ્વારા સિંચાઈ વિભાગને લેખિત રજૂઆત કરવામાં આવી છે.સરપંચો અને ખેડૂત અગ્રણીઓએ સિંચાઈ વિભાગના કાર્યપાલક ઈજનેરને રજૂઆત કરી જણાવ્યું છે કે, હાલ ઊભા પાકને બચાવવા તાત્કાલિક સિંચાઈના પાણીની જરૂર છે. સમયસર પાણી નહીં મળે તો તૈયાર પાક સુકાઈ જતાં ખેડૂતોને લાખો-કરોડો રૂપિયાનું નુકસાન થવાની ભીતિ છે.મોટી નાગાજાર, પીઠડીયા, વિરપર (ભરતપુર), ખારાવેઢા, ખાખરા, વિજયપુર, પીઠડપુર, જીવાપર, નંદપુર અને વેરતીયા સહિતની ગ્રામ પંચાયતોએ સામૂહિક માંગ કરી છે. આ રજૂઆતની નકલો સાંસદ પૂનમબેન માડમ, ધારાસભ્ય રાઘવજીભાઈ પટેલ અને ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડાને પણ મોકલવામાં આવી છે.ખેડૂતોના હિતમાં તંત્ર તાત્કાલિક નિર્ણય લઈ ઊંડ-૧ ડેમમાં સૌની યોજનાનું પાણી ઠાલવે તેવી પંથકના ખેડૂતો આશા રાખી રહ્યા છે.

# નારણપર ગામે સીમચોરીથી ખેડુતોમાં ફફડાટ

## છ વાડીમાંથી રૂ.૬૧,૪૦૦ની કિંમતના કેબલની તસ્કરી

**અબતક, જામનગર**

જામનગર તાલુકાના નારણપર ગામની સીમમાં એક જ રાત દરમિયાન છ ખેડૂતોની વાડીઓમાંથી ઈલેક્ટ્રિક મોટર સાથે જોડાયેલા કેબલની ચોરી થતાં ચકચાર મચી છે. અજાણ્યા તસ્કરો રૂ.૬૧,૪૦૦ની કિંમતના કુલ ૭૩૦ ફૂટ કેબલ કાપીને લઈ ગયા હોવાની ફરિયાદ નારણપરના ખેડૂત મીલનભાઈ નવીનભાઈ નંદાએ નોંધાવી છે.

ફરિયાદ મુજબ, તા.૧૮ જૂનની રાત્રે આઠ વાગ્યાથી તા.૧૯ જૂનની સવારે છ વાગ્યા દરમિયાન નારણપર ગામની સીમમાં આવેલી વાડીઓમાં તસ્કરોએ પ્રવેશ કરી કેબલ કાપી ચોરી કરી હતી. મીલનભાઈ નંદાની વાડીમાંથી મોટર સુધી પાથરેલો ૪ એમ.એમ.નો ૧૫૦ ફૂટ કેબલ વાયર, જેની કિંમત રૂ.૧૨,૦૦૦ હતી, તે ચોરી થયો હતો. આ ઉપરાંત જગદિશભાઈ ચંદુભાઈ નંદાની વાડીમાંથી ૨.૫ એમ.એમ.નો ૧૫૦ ફૂટ કેબલ રૂ.૭,૫૦૦નો, ચંદ્રકાંતભાઈ જગદિશભાઈ ચાંદ્રાની વાડીમાંથી ૬ એમ.એમ.નો ૧૦૦ ફૂટ કેબલ રૂ.૧૧,૦૦૦નો, જયસુખભાઈ શિવાભાઈ નંદાની વાડીમાંથી ૪ એમ.એમ.નો ૮૦ ફૂટ કેબલ રૂ.૬,૪૦૦નો, નિતેશભાઈ ગીરધરભાઈ છુછીયાની વાડીમાંથી ૬ એમ.એમ.નો ૧૫૦ ફૂટ કેબલ રૂ.૧૬,૫૦૦નો તથા હરીશભાઈ જેન્તીભાઈ છુછીયાની વાડીમાંથી ૪ એમ.એમ.નો ૧૦૦ ફૂટ કેબલ રૂ.૮,૦૦૦નો ચોરાયો હતો.

આમ, છ વાડીઓમાંથી ૪ એમ.એમ.ના કુલ ૩૩૦ ફૂટ, ૨.૫ એમ.એમ.ના ૧૫૦ ફૂટ તથા ૬ એમ.એમ.ના ૨૫૦ ફૂટ મળી કુલ ૭૩૦ ફૂટ કેબલ, કુલ કિંમત રૂ.૬૧,૪૦૦નો મુદ્દામાલ ચોરાઈ ગયો હતો. ખેડૂતોએ પોતાના સ્તરે ચોરી અંગે તપાસ કર્યા બાદ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા તસ્કરો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ગાંધીધામ-અંજારમાં પોલીસ દ્વારા કબજે કરાયેલા રૂ.૧.૦૮ કરોડના શરાબ નાશ કરાયો

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ગાંધીધામ બી ડિવિઝન પોલીસ સ્ટેશન તથા અંજાર પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશનના ગુનાઓમાં કબજે કરાયેલા વિદેશી દારૂના જથ્થાનો કોર્ટના હુકમ બાદ ગતરોજ નાશ કરવામાં આવ્યો હતો.

સરહદી રેન્જ-ભુજના પોલીસ મહાનિરીક્ષક ચિરાગ કોરડીયા તથા પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક સાગર બાગમારના માર્ગદર્શન હેઠળ કાર્યવાહી હાથ ધરાઈ હતી.જેમા સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ એસ.જે ચૌધરી, અંજાર વિભાગના ડીવાયએસપી મુકેશ ચૌધરી, ગાંધીધામ બી ડિવિઝનના પી.આઈ. એસ.વી. ગોજીયા, અંજાર પોલીસ સ્ટેશનના પી.આઈ. એચ.એ. જાડેજા તથા નશાબંધી-આબકારી અધિકારી એલ.સી. રાવલની હાજરીમાં કબજે કરાયેલા દારૂના જથ્થાનો નાશ કરાયો હતો.

કોર્ટના હુકમ અનુસાર લોડર, આઈસર, ઈ.સી.આર. હાઈડર તથા એમ્બ્યુલન્સ વાહનોની મદદથી અંજાર વીડી સીમ વિસ્તારમાં ગાંધીધામ બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં પકડાયેલ કુલ ૮૫,૨૯,૭૫૮ તથા અંજાર પોલીસ સ્ટેશનમાં પકડાયેલ કુલ ૨૨,૭૮,૩૩૮ કિંમત મનો વિદેશી દારૂ મળી કુલ રૂ.૧,૦૮,૦૮,૦૯૬ કિંમતના વિદેશી દારૂનો જથ્થો નાશ કરવામાં આવ્યો હતો.



### રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન

# અમરેલી: ગજેરા કેમ્પસના ખેલાડીઓએ હેન્ડબોલ સ્પર્ધામાં મેળવ્યું કાંસ્ય પદક

**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

અમદાવાદ ખાતે યોજાયેલી હેન્ડબોલ સબ-જુનિયર રાજ્ય કક્ષાની સ્પર્ધામાં અમરેલી ગજેરા કેમ્પસ-વિદ્યાનસભાના ડીએલએસએસ ખેલાડીઓએ ઉત્કૃષ્ટ રમતનું પ્રદર્શન કરી કાંસ્ય પદક મેળવ્યું હતું. ટીમે સમગ્ર સ્પર્ધા દરમિયાન શાનદાર રમત દાખવી અમરેલી જિલ્લાનું રાજ્ય કક્ષાએ ગૌરવ વધાર્યું હતું.

વિજેતા ટીમમાં સૂર્યદીપ વાઘેલા, ઓમ ગજેરા, નવીન ચૌહાણ, કરણ ખૂંટી, દિવ્યેશ હુંબલ, અભય પરમાર, મનદીપ ગોહિલ, સિધ્ધરાજ જાળું, પ્રિન્સ ચૌહાણ, ચતુર ચારોલિયા, નીખિલ સાગઠિયા, નરેશ દુદવે, યશ ઝાપડિયા, ધવલ બાંભણિયા, રાહુલ



વાઘેલા અને રાજવીર ઢીલા સહિતના ખેલાડીઓનો સમાવેશ થાય છે. આ સિદ્ધિ પાછળ ગજેરા કેમ્પસ-વિદ્યાસભા સ્પોર્ટ્સ સ્કૂલનું નિયમિત પ્રશિક્ષણ અને કોચના માર્ગદર્શનનો મહત્વપૂર્ણ ફાળો રહ્યો હતો. સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મેનેજિંગ ટ્રસ્ટી અશોકભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મનસુખભાઈ ધાનાણી તથા કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણીએ ખેલાડીઓ સાથે કોચ રવિભાઈ નાવડિયા, ટ્રેનર કમલેશભાઈ ભાલીયા અને ભૂમિબેન ડાંગરને અભિનંદન પાઠવી ભવિષ્ય માટે શુભેચ્છા વ્યક્ત કરી હતી.

(પહેલા પાનાનું ચાલું)

**નેપાળ...**

અચાનક આવેલા આ પૂરમાં હાઈડ્રોપાવર પ્રોજેક્ટ્સ, પાકા પુલ, રોડ-રસ્તા અને આસપાસની વસાહતો સંપૂર્ણપણે તણાઈ ગયાં છે.લ્હેન્દે ખોલા નદીના ઉપરના ભાગમાં હજુ પણ કાટમાળ જમા થયેલો હોવાથી ફરીથી પૂર આવવાનું જોખમ તોળાઈ રહ્યું છે.કાટમાળના થર અને તૂટેલા રસ્તાઓને કારણે સેના અને રેસ્ક્યુ ટીમોને અસરગ્રસ્ત અંતરિયાળ વિસ્તારો સુધી પહોંચવામાં ભારે મુશ્કેલી પડી રહી છે.

**મેદસ્વિતા...**

પર મર્યાદા કે દંડ નક્કી કરવામાં આવ્યો છે. ભારતમાં ખાદ્ય પદાર્થોના નિયમનકારો પર ફૂડ ઈન્ડસ્ટ્રીઝનું દબાણ રહે છે, જેના કારણે પેકેજિંગ અને હેલ્થ વોર્નિંગ સંબંધિત કડક નિયમો લાગુ કરવામાં વાર લાગે છે અથવા છૂટછાટ મળી જાય છે. આ જ કારણ છે કે કંપનીઓ ભારતમાં વધુ ખાંડવાળા ઉત્પાદનો વેચી શકે છે.

**ખાંડ...**

નો ઘટાડો નોંધાયો છે. બુધવારે કોલ્હાપુરમાં એક્સ-મિલ ભાવ ઘટીને ૪૮ રૂપિયા પ્રતિ કિલો અને ઉત્તર પ્રદેશમાં ૫૩ રૂપિયા પ્રતિ કિલો થઈ ગયો હતો. અધિકારીઓએ જણાવ્યું કે થોડા દિવસો પહેલા ૪૮ રૂપિયાથી ભાવ વધીને ૫૮ થી ૬૦ રૂપિયા થઈ ગયા હતા, જે ખાંડની કોઈ અછત ન હોવા છતાં માત્ર સટ્ટાખોરી અને સંગ્રહખોરીનું જ પરિણામ હતું.

ઈન્ડિયન સુગર મિલ્સ એસોસિએશનના ડિરેક્ટર જનરલ દીપક બલ્લાનીએ જણાવ્યું હતું કે ખાંડના ભાવને નિયંત્રિત કરવાના સરકારના પગલાંની સકારાત્મક અસર દેખાવા લાગી છે. છેલ્લા થોડા દિવસોમાં એક્સ-મિલ ભાવમાં ૨૦% નો ઘટાડો થયો છે અને ટૂંક સમયમાં જ તેની અસર છૂટક ભાવમાં પણ જોવા મળશે. આગામી તહેવારોની સિઝનમાં ગ્રાહકોને વ્યાજબી ભાવે ખાંડ મળી રહેશે અને દેશમાં ખાંડનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે. ઉલ્લેખનીય છે કે બુધવારે ખાંડનો સરેરાશ છૂટક ભાવ ૬૫ રૂપિયા પ્રતિ કિલો નોંધાયો હતો.

**ગ્રીન એનર્જી...**

સલાહકાર જયદીપ માલવીયા એ પણ જણાવ્યું હતું કે ખર્ચમાં ઘટાડો થવાથી વધુ ઉદ્યોગો રિન્યુએબલ એનર્જી અપનાવવા પ્રોત્સાહિત થશે. જોકે, તેમણે ભવિષ્યમાં પાવર ઈવેક્યુએશન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરની પૂરતી વ્યવસ્થા સુનિશ્ચિત કરવા પર પણ ભાર મૂક્યો હતો.

જોકે, આ ફાયદો ગ્રાહક કેટલી વધારાની વીજળીનો ઉપયોગ કરે છે તેના પર નિર્ભર રહેશે. જીઈઆરસી ગ્રાહકના માસિક વીજ વપરાશના વધુમાં વધુ ૩૦% સુધી જ ક્યુમ્યુલેટિવ બેન્કિંગની મંજૂરી આપે છે અને આ મર્યાદાથી વધુની વીજળી લેપ્સ થઈ જાય છે. ઉપરાંત, ઓફ-પીક કલાકો દરમિયાન ઉત્પન્ન થયેલ વધારાની વીજળીનો ઉપયોગ પીક કલાકોમાં કરી શકાતો નથી, પરંતુ પીક કલાકોમાં બેન્ક કરાયેલ વીજળી બંને સમયગાળામાં વાપરી શકાય છે. આથી, જે ગ્રાહકો તેમની વીજ માંગ અને રિન્યુએબલ પાવર જનરેશનને યોગ્ય રીતે મેચ કરી શકશે તેમને જ આ નિર્ણયનો મહત્તમ લાભ મળશે.

**ઊંઝા...**

સર્જાઈ રહી છે. આ વિક્ષેપને કારણે ઉદ્યોગની ૨૫૦ કરોડ રૂપિયાની વર્કિંગ કેપિટલ બ્લોક થઈ ગઈ છે, અને આંતરરાષ્ટ્રીય માર્કેટમાં સપ્લાય ચેઈન પર ખતરો મંડરાઈ રહ્યો છે.

આ લાંબા સમયથી ચાલી રહેલા બંધથી ખેડૂતોને પણ મોટો ફટકો પડ્યો છે. ગુજરાત અને રાજસ્થાનના અંદાજિત ૬૦,૦૦૦ થી ૭૦,૦૦૦ ખેડૂતો ઈસબગુલના પાક પર નિર્ભર છે. માર્કેટ બંધ હોવાથી ખેડૂતો પોતાનો પાક વેચી શકતા નથી અને તેમને પાક ગોડાઉનમાં રાખવો પડી રહ્યો છે, જેનાથી વધારાનો સંગ્રહ ખર્ચ થઈ રહ્યો છે. આઈપીએના સેક્રેટરી રાકેશ પટેલના જણાવ્યા મુજબ, જો ખેડૂતો મંડીમાં પોતાનો પાક નહીં વેચી શકે, તો આગામી સિઝનમાં તેઓ ઈસબગુલનું વાવેતર કરવા અંગે ફેરવિચારણા કરશે. આ પરિસ્થિતિ ખેડૂતો અને ભવિષ્યના ઉત્પાદન માટે ચિંતાજનક સાબિત થઈ શકે છે.

આ સમગ્ર સમસ્યાનું મૂળ ગુજરાત અને રાજસ્થાન વચ્ચેનો જીએસટી વિવાદ છે. ૧ જૂનથી ગુજરાત ઓથોરિટી ફોર એડવાન્સ રૂલિંગ દ્વારા ઈસબગુલ સીડના ટ્રેડિંગ પર ૦ ટકા જીએસટી લાગુ કરવામાં આવ્યો હતો. પરંતુ, રાજસ્થાનમાં આનાથી વિપરીત નિર્ણય લેવામાં આવ્યો, જેના કારણે વેપારીઓને ભવિષ્યમાં ટેક્સની જવાબદારીનો ડર સતાવી રહ્યો છે. આઈપીએ ના ટ્રેઝરર અમિત પટેલે જણાવ્યું હતું કે સરકારે આ મુદ્દાનો તાત્કાલિક ઉકેલ લાવવો જોઈએ. ઈસબગુલ ઉદ્યોગમાં વાર્ષિક ૭ ટકાના દરે માંગ વધી રહી છે, ત્યારે લાંબા સમય સુધી માર્કેટ બંધ રહેવાથી કાચા માલની અછત સર્જાઈ શકે છે. ઉદ્યોગની તાત્કાલિક માંગ છે કે બંને રાજ્યોમાં ઈસબગુલ સીડ માટે સમાન જીએસટી નીતિ લાગુ કરવામાં આવે.

**કેન્સરની વેકિસન...**

પદ્ધતિ વધુ અઘરી છે કારણ કે કેન્સર શરીરના પોતાના જ કોષોમાંથી જન્મે છે અને બચવાના રસ્તા શોધી લે છે.

આ ટેકનોલોજી માત્ર ત્વચાના કેન્સર પૂરતી સીમિત નથી. કંપનીઓ હાલમાં ફેફસાં, મૂત્રાશય અને કિલડનીના કેન્સર પર પણ આ થેરાપીના પરીક્ષણો કરી રહી છે. તબીબી નિષ્ણાતોના જણાવ્યા મુજબ, આ સફળતા સમગ્ર કેન્સર સારવાર ક્ષેત્ર માટે વળાંકરૂપ છે. ખાસ કરીને ભારત જેવા દેશ માટે, જ્યાં ફેફસાં અને ગળા-મોઢાના કેન્સરનું પ્રમાણ વધુ છે, ત્યાં આ પદ્ધતિ ભવિષ્યમાં ખૂબ ઉપયોગી થઈ શકે છે.

જોકે, આ રસી કેન્સર થતું અટકાવતી નથી કે તેનો કાયમી ઈલાજ કરવાનો દાવો કરતી નથી, પરંતુ કેન્સરને પાછું આવતું રોકે છે. હાલ આ સારવારને સરકારી મંજૂરી મળવાની બાકી છે. દરેક દર્દી માટે અલગથી દવા બનાવવાની પ્રક્રિયા ખૂબ જ જટિલ અને ખર્ચાળ હોવાથી, ભારત જેવા દેશોમાં સામાન્ય દર્દીઓ સુધી આ સારવાર પહોંચાડવી અને તેની કિંમત વ્યાજબી રાખવી એ આગામી સમયનો સૌથી મોટો પડકાર રહેશે.

(છેલ્લા પાનાનું ચાલુ)

**રા.લો. સંઘ...**

મેન્ડેટ આપવાનો નિર્ણય પક્ષ દ્વારા પછી લેવામાં આવશે. ૧૫ બેઠકો માટે ૩૫ ફોર્મ ભરાયા હતા. જે પૈકી નરેન્દ્રસિંહ જાડેજા અને નીતિન ઢાંકેચા બિનહરિફ ચૂંટાઇ આવ્યા હતા. હાલ ૧૩ બેઠકો માટે ૩૩ ઉમેદવારો મેદાનમાં છે.

૧૩ બેઠકો બિનહરિફ થાય તે માટે પ્રદેશ ભાજપ મહામંત્રી અનિરૂધ્ધ દવે ગઈકાલે રાજકોટ ખાતે દોડી આવ્યા હતા અને બંને જૂથો સાથે બેઠક યોજી હતી. પરંતુ સમાધાન થયું ન હતું. ૧૩ પૈકી ૧૦ બેઠકો બિનહરિફ થાય તે માટે સહમત બની હતી. પરંતુ ખોખડદળ, રૈયા અને કુવાડવા મંડળીની બેઠકોની ચૂંટણી યોજાઇ તેવું લાગી રહ્યું છે. ખોખડદળ બેઠક પર બાપૂ નસીત અને ધીરૂભાઈ રોકડે ફોર્મ ભર્યો છે. રૈયા બેઠક પરથી વિજયભાઈ સખીયા અને પૃથ્વીસિંહ જાડેજાએ ઉમેદવારી નોંધાવી છે. જ્યારે કુવાડવા બેઠક પર પૂર્વ મંત્રી અરવિંદ રૈયાણી અને નીતિન ચોવટીયાએ દાવેદારી કરી છે. કુવાડવા બેઠકના ચાર મતદારો પૈકી ત્રણ મતદારો ભુગર્ભમાં ઉતરી ગયા છે. નીતિન ચોવટીયાએ ગઈકાલે એવો દાવો કર્યો હતો કે અરવિંદ રૈયાણી તેને ફોર્મ પરત ખેંચી લેવા દબાવી રહ્યા છે.

બીજી તરફ અરવિંદ રૈયાણીનો ઘડો લાડવો કરવા ભાજપના બે ધારાસભ્યોએ હાથ મીલાવી લીધા છે તે કોઈપણ ભોગે રા.લો. સંઘની ચૂંટણીમાં જાતે નહીં તેવું ફૂલપ્રૂફ આયોજન કરી દેવાયું છે. આજે બપોરે ૩:૩૦ કલાક સુધીમાં ઉમેદવારી ફોર્મ પરત ખેંચી શકાશે. આવામાં સાંજે સંપૂર્ણ ચિત્ર સ્પષ્ટ થશે.

**અમરેલી...**

૩માં ટ્રોયકા ફાર્માસ્યુટીકલ લીમીટેડ આયોજીત આરવી ફાર્માઈનોવા એવોર્ડ-૨૦૨૬માં હાજરી આપશે. આજના દિવસના અંતિમ કાર્યક્રમમાં તેઓ બોપલ વિસ્તારમાં બોપલ પંચાયત રોડ સ્થિત બીકેએમ સ્કુલ ખાતે ઘાટલોડિયા વિધાનસભાના લોક દરબારમાં ઉપસ્થિત છે. આ બેઠક મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો મત વિસ્તાર છે.

રાત્રિ દરમિયાન તેઓ સરકાર અને સંગઠનના વડાઓ સાથે બેઠક યોજે તેવી શક્યતા દેખાય રહી છે. ગાંધીનગર મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી નજીકના ભવિષ્યમાં યોજાવાની છે ત્યારે આવતીકાલે ગુજરાત પ્રવાસના બીજા દિવસે અમિત શાહ ગાંધીનગર ખાતે સંગઠનના હોદ્દેદારો અને ગાંધીનગર મહાપાલિકાના પદાધિકારીઓ સાથે બેઠક યોજશે.

**ડાયાલીસીસ પ્રોગ્રામ...**

કરી નાખનારમાં કોઈ બીજા ની ભાગીદારી હતી? વર્ષ ૨૦૧૬ - ૨૦૧૭ થી ૨૦૨૫- ૨૦૨૬ ના દશ વર્ષ દરમિયાન કોઈ પણ અધિકારી સામે ૮૨.૫૭ કરોડની ગેરરીતિ સામે ના આવી ? અત્યાર સુધી આ ૮૨.૫૭ કરોડના ભ્રષ્ટાચાર ને કોણ છાવરતું હતું? શું આ કર્મચારીઓ ને માત્ર છૂટા કરવા કે રાજીનામા લેવા થી ૮૨.૫૭ કરોડનો ભ્રષ્ટાચાર ઢંકાઈ જશે? કેગ ના રિપોર્ટમાં સ્પષ્ટ ઉલ્લેખ છે કે ખરીદી ના હિસાબો, ફાઈલો ના રેકોર્ડ ઉપલબ્ધ કરાવવામાં આવ્યા નથી. શું આ પ્રકારના ભ્રષ્ટાચાર માટે ફોજદારી ફરિયાદ થવી ના જોઈએ? કિરણ પરીખ વર્ષ ૨૦૧૪માં ગુજરાત ડાયાલિસિસ પ્રોગ્રામના ટેક્નિકલ ઓફિસર તરીકે નિમણૂક કરવામાં આવી હતી ત્યાર વર્ષ ૨૦૧૮ માં પ્રોજેક્ટ ઓફિસર તરીકે નિમણૂક કરવામાં આવી હતી. કિરણ પરીખ અને પરિવાર દ્વારા ૮૨.૫૭ કરોડ રૂપિયા ના કોન્ટ્રાક્ટો મેળવવા પાછળ કોણ જવાબદાર છે, ગેરરીતિ ના મળતિયાઓ ની માહિતી સરકાર દ્વારા ખુલ્લી પાડવામાં આવે.

કેગ ના અહેવાલમાં સ્ટેરાઈલ કન્ટેનરના ખરીદીના ઉદાહરણ મૂકવામાં આવ્યું છે, જેમાં ૫,૯૨,૩૭૫.૬૭ રૂપિયા ના ૪૦ યુનિટ ની ખરીદી કરવામાં આવી હતી. કુલ ૨,૩૬,૯૫,૦૨૬.૮૦ રૂપિયા નો કોન્ટ્રાક્ટ સિંગલ બિડર તરીકે બાયો ટ્રસ્ટ મેડિકલ ડીવાઈસીસ નામ ની કંપની ને આપી દેવામાં આવ્યો હતો. બિડિંગ સમય મૂળ ૨૧ દિવસ ની જગ્યા એ માત્ર ૧૧ દિવસમાં જ કિરણ પરીખ ના પરિવારને આપી દેવામાં આવ્યો હતો. કંપની ને સોલિટેરી ઓફર થી કોન્ટ્રાક્ટ ના ચોંકાવનારો ખુલાસો કેગ અહેવાલ માં બહાર આવ્યો છે.માર્કેટ સર્વે ના નામે એઈમ્સ નાગપુર દ્વારા ખરીદી નો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો છતાં એક પણ સપોર્ટિંગ ડોકયુમેન્ટ્સ મૂકવા માં આવ્યા નહોતા. નબળા ડોક્યુમેન્ટેશન આધારે કેગ રિપોર્ટ ઉલ્લેખ કરે છે કે ખરીદી માં ક્ષતિઓ જોવા મળે છે. સરકાર ના આરોગ્ય વિભાગના નાક નીચે આ પ્રકારના ભ્રષ્ટાચાર ઉપર ઉદાસીન છે, શું આરોગ્ય વિભાગ ઉદાહરણ રૂપ પગલા લેશે કે પછી ભ્રષ્ટાચારીઓ ને છાવરવાંના કામ કરશે તે સૌથી મોટો સવાલ છે?

**રૂ.૧૦ અને ૨૦ની નોટ...**

તેવી સ્થિતિ સર્જાઇ જવા પામી છે. એક નોટ પણ પાછી આવી શકાય તેવી સ્થિતિમાં નથી. બજારમાં નાની નોટોની અછત હોવાની વાત છેલ્લા ઘણા મહિનાથી ચર્ચાય રહી છે પરંતુ કોઇ કારણોસર બેન્કો તેના પર ધ્યાન કેન્દ્રીત કરતી નથી. અછત શા માટે ઘેરી બની રહી છે અથવા બનાવવામાં આવી રહી છે. તેનું સચોટ કારણ બહાર આવતું નથી. એક સંભાવના એવી પણ છે કે આગામી દિવસોમાં આરબીઆઇ દ્વારા પ્લાસ્ટીકની કરન્સી એટલે કે રૂ.૧૦ અને રૂ.૨૦ની પ્લાસ્ટીકની નોટ બજારમાં મૂકવાની તૈયારી કરી રહ્યું છે. જેના કારણે જૂની નોટ બજારમાં મૂકવામાં આવતી નથી. આવી સ્થિતિના કારણે હાલ નાની નોટની તિવ્ર તંગી જોવા મળી રહી છે. તહેવાર સમયે જ બજારમાં ચલણી નોટની અછતથી ભારે દેકારો બોલી ગયો છે. ગ્રાહકો અને વેપારીઓ વચ્ચે રોજબરોજની માથાકૂટ સર્જાય છે.

**મુખ્યમંત્રી...**

નાણાં વિભાગના અધિક મુખ્ય સચિવ ટી. નટરાજન,ઉદ્યોગ અને ખાણ વિભાગનાં અધિક મુખ્ય સચિવ મમતા વર્મા, મુખ્યમંત્રીના અગ્ર સચિવ સંજીવ કુમાર તેમજ મુખ્યમંત્રીના અધિક અગ્ર સચિવ ડો. વિક્રાંત પાંડે ઉપરાંત રાજ્યના ઉદ્યોગ વેપાર જગતનું પ્રતિનિધિ મંડળ પણ મુખ્યમંત્રીની સાથે આ વિદેશ પ્રવાસમાં સહભાગી બન્યું હતું.મુખ્યમંત્રી તથા મુખ્ય સચિવ સહિતના ઉચ્ચ અધિકારીઓ સાથેનું આ પ્રતિનિધિ મંડળ વિદેશ પ્રવાસ સફળતા પૂર્વક પૂરો કરીને ગુજરાત પરત આવ્યુ ત્યારે તેને આવકારવા માટે અમદાવાદ એરપોર્ટ પર ઈન્ડેક્સ-બીના મેનેજિંગ ડિરેક્ટર કે.સી. સંપત, અધિક ઉદ્યોગ કમિશનર અમિત પ્રકાશ યાદવ, અમદાવાદ શહેરના પોલીસ કમિશનર અનુપસિંહ ગહલોત, અમદાવાદ જિલ્લા કલેક્ટર ભવ્ય વર્મા સહિતના અધિકારીઓએ ઉપસ્થિત રહીને આવકાર્યા હતા અને સફળ પ્રવાસ બદલ શુભકામનાઓ પાઠવી હતી.

**હેલ્પલાઈન નંબર જાહેર...**

૧૦૭૭ અથવા ૦૨૮૧-૨૪૭૧૫૭૩ પર તાત્કાલિક સંપર્ક કરવો. આ ઉપરાંત, નેપાળમાં પૂરની પરિસ્થિતિથી અસરગ્રસ્ત ભારતીય નાગરિકોને સહાય અને માહિતી મળી રહે તે માટે નેપાળના ઈમરજન્સી સંપર્ક નંબરો +૯૭૭ ૯૮૫ ૧૩૧ ૬૮૦૭ અને +૯૭૭ ૯૭૦ ૯૧૦ ૭૫૦૦ પર પણ સંપર્ક કરી શકાય છે. આ નંબરો પર વોટ્સએપ મારફતે પણ જાણ કરી શકાશે, તેમ જિલ્લા કલેકટર ડો.ઓમ પ્રકાશની યાદીમાં જણાવાયું છે.

## દુઃખદ અવસાન

**સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના**

**જામજોધપુરઃ** હરીશ કુમાર નારણદાસ લુક્કા (ઉ.વ.૬૯) તે વસનભાઈ, મનોજભાઈ તથા ધીરજભાઈ તેમજ રંજનબેનના ભાઈનું તા. ૨૫ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૨૭ ના રોજ સાંજે ૪ થી ૪:૩૦ કલાક દરમિયાન સન્યાસ આશ્રમ જામજોધપુર રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# મહારાષ્ટ્રના મુખ્યમંત્રીએ ખુલ્લા ખાદ્યતેલના વેચાણ પરના પ્રતિબંધને હટાવવા માટે એસઓપી બનાવવા આપ્યા નિર્દેશ

### સામાન્ય લોકોના રસોડાના ચુલા અને મજુરોના રોજગારનો પ્રશ્ન હોવાથી ફડણવીસે આ મુદ્દે હસ્તક્ષેપ કર્યો

**અબતક, કીરીટ રાણપરિયા, ઉપલેટા**

અખિલ ભારતીય ખાદ્ય તેલ વેપારી મહાસંઘના રાષ્ટ્રીય અધ્યક્ષ તથા કન્ફેડરેશન ઑફ ઑલ ઈન્ડિયા ટ્રેડર્સ (કેટ)ના રાષ્ટ્રીય મંત્રી શંકર ઠક્કરે જણાવ્યું હતું કે, મહારાષ્ટ્રમાં ખાદ્ય અને ઔષધ પ્રશાસનના કમિશનર તરીકે તુકારામ મુંઢેએ પદભાર સંભાળ્યા બાદ દરોડા અને અન્ય કાર્યવાહીનો સિલસિલો શરૂ કર્યો હતો. જોકે, તેમાંના ઘણા નિર્ણયો વિવાદાસ્પદ રહ્યા છે અને ઉચ્ચ ન્યાયાલયે પણ પોતાની ટિપ્પણીમાં નિયમોનું પાલન કર્યા વિના કાર્યવાહી કરવામાં આવી હોવાનું જણાવ્યું છે. આ દરમિયાન એફડીએ વિભાગ દ્વારા ૨૦ ઓગસ્ટના રોજ ખુલ્લા ખાદ્ય તેલના વેચાણ તેમજ ડબ્બાઓના પુનઃઉપયોગ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. તેના કારણે મહારાષ્ટ્રના ખાદ્ય તેલ વેપારીઓમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

આ આદેશથી નારાજ વેપારીઓની એક બેઠક ૨૩ ઓગસ્ટના રોજ નાસિકમાં બોલાવવામાં આવી હતી, જેમાં મહારાષ્ટ્રભરમાંથી આશરે ૫૦૦ વેપારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



સર્વસંમતિથી નિર્ણય લેવામાં આવ્યો હતો કે, જો ૧૫ દિવસની અંદર મહારાષ્ટ્ર સરકાર આ આદેશ પાછો નહીં ખેંચે તો મહારાષ્ટ્રભરમાં આંદોલન અને ધરણાં-પ્રદર્શન કરવામાં આવશે.

સામાન્ય લોકોના રસોડાના ચુલ્હા તેમજ લાખો મજૂરો અને કર્મચારીઓના રોજગારનો પ્રશ્ન હોવાથી મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે તાત્કાલિક આ મુદ્દે સંજ્ઞાન લઈને હસ્તક્ષેપ કર્યો છે. તેમણે ખુલ્લા તેલના વેચાણ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાને બદલે ભેળસેળ અટકાવવા માટે ખુલ્લા તેલનું વેચાણ ફરી શરૂ કરી શકાય તે માટે સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (એસઓપી) બનાવવાના નિર્દેશ આપ્યા છે.

### ૭૭માં તાલુકા કક્ષાનો વન મહોત્સવ

# કોટડા સાંગાણી ખાતે "એક પેડ, માં કે નામ ૩.૦"નો પ્રેરણાદાયી સુત્ર સાથે ઉજવાયો



**અબતક, સલીમ પતાણી, કોટડા સાંગાણી**

સામાજિક વનિકરણ રેન્જ, કોટડા સાંગાણી દ્વારા કોટડા સાંગાણીના ઠાકોર મુળવાજી વિનયન કોલેજ ખાતે ૭૭ મા તાલુકા કક્ષાનો વન મહોત્સવ - ૨૦૨૬ ભવ્યતાથી ઉજવાયો હતો.

આ વર્ષે આ મહોત્સવ "એક પેડ, માં કે નામ ૩.૦"ના પ્રેરણાદાયી સૂત્ર સાથે યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને કોટડા સાંગાણી તાલુકા પંચાયતના પ્રમુખ કામીનાબા રવિરાજસિંહ જાડેજા ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે વિશેષ ઉપસ્થિતિમાં તાલુકા પંચાયતના કારોબારી સમિતિના ચેરમેન અશ્વિનભાઈ ગઢીયા, તાલુકા વિકાસ અધિકારી, રેન્જ ફોરેસ્ટ ઓફિસર રાઠોડ, કોલેજના પ્રિન્સિપાલ જોષી, મહારાણા પ્રતાપ હાઈસ્કૂલના આચાર્ય પ્રદીપસિંહ જાડેજા તેમજ સરપંચ ભરતભાઈ રાઠોડ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# સનાતન ધર્મ સંસ્થાના સેવા ટ્રસ્ટ મહિલા સંગઠન સમિતિની વાર્ષિક મિટીંગમાં હોદ્દેદારોની ઉપસ્થિતિ



### વર્ષ દરમિયાન કરેલા કાર્યોનું પ્રેઝન્ટેશન કરાયું

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

સનાતન ધર્મના સર્વોચ્ચ ધર્મગુરૂ દ્વારકાપીઠનાં જગતગુરૂ શંકરાચાર્ય સદાનંદ સરસ્વતીજી મહારાજનાં આશીર્વાદ અને મુક્તાનંદજી બાપુનાં માર્ગદર્શન હેઠળ તેમજ ઉષાબેન કપુરનાં પ્રમુખ પદે સનાતન ધર્મ સંસ્થાના સેવા ટ્રસ્ટ મહિલા સંગઠન સમિતિની વાર્ષિક અહેવાલ મિટિંગનું પેથાપુર ગાંધીનગર મુકામે આયોજન કરવામાં આવ્યું હતુ અને તેમાં નિયુક્ત હોદેદારો હાજર રહી તેમણે વર્ષ દરમિયાન કરેલા કાર્યોનું પ્રેઝન્ટેશન કર્યું હતું. આ તકે પૂ.મુક્તાનંદ બાપુ દ્વારા જુનાગઢ જીલ્લાના પ્રમુખ કૈલાસબેન વેગડાને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં જુનાગઢ શહેર ગ્રામ્ય પ્રમુખ મધુબેન જોશી, વંથલી પ્રમુખ પ્રજ્ઞાબેન, વિસાવદર પ્રમુખ રમીલાબેન મહેતા તથા નમ્રતાબેન જેઠવા અને મોટી સંખ્યામાં બહેનો હાજર રહ્યા હતા.

# ઉપલેટા: મ્યુનિસિપલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં સંસ્કૃત સપ્તાહની ઉત્સાહભેર ઉજવણી

### વિદ્યાર્થીઓ દ્વારા સંસ્કૃત શ્લોક પઠન, વક્તવ્ય અને સંસ્કૃત નાટક થકી સુંદર પ્રયાસ કરાયો

**અબતક, કીરીટ રાણપરિયા, ઉપલેટા**

મ્યુનિસિપલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ઉપલેટા,સંસ્કૃત દિવસ અને સંસ્કૃત સાહિત્યનું અન્ય ભાષાઓ પર પ્રભુત્ કાર્યક્રમ ની ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી.જેમા સંસ્કૃત વિભાગના અધ્યક્ષ તેમજ આચાર્ય ડો. દર્શનાબેન ચંદ્રવાડિયા માર્ગદર્શન હેઠળ તથા સંસ્કૃત વિભાગના અધ્યાપિકા પુર્વબેન પટેલે કાર્યક્રમનુ સંચાલનનું કાર્ય સંભાળ્યું.

સંસ્કૃત ભાષાના ગૌરવશાળી વારસા, તેની વૈજ્ઞાનિકતા તથા ભારતીય જ્ઞાનપરંપરામાં તેના અમૂલ્ય યોગદાનને ઉજાગર કરવાના હેતુથી સંસ્કૃત સમાહ મહોત્સવ-૨૦૨૬ અંતર્ગત 'સંસ્કૃત દિવસ અને સંસ્કૃત સાહિત્યનું અન્ય ભાષાઓ પર પ્રભુત્' વિષયક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ ઉપસ્થિત મહાનુભાવો, આચાર્યશ્રી ડો. દર્શનાબેન ચંદ્રવાડિયા , વરિષ્ઠ અધ્યાપિકા ડો .નીલમબેન નકુમ, તથા સર્વ વિભાગના અધ્યક્ષો તથા અધ્યાપકગણ અને વિદ્યાર્થીઓનું હાર્દિક સ્વાગત કરવામાં આવ્યું.

સંસ્કૃત દિવસની ઉજવણીના મહત્ત્વ વિશે માહિતી આપતાં સંસ્કૃત ભાષાના પ્રાચીનત્ુ, સમૃદ્ધિ અને વૈશ્વિક મહત્ત્વ પર પ્રકાશ પાડવામાં આવ્યો.

કાર્યક્રમના મુખ્ય વિષય 'સંસ્કૃત સાહિત્યનું અન્ય ભાષાઓ પર પ્રભુત્' અંતર્ગત સંસ્કૃત સાહિત્યના ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી સહિતની અનેક ભારતીય તથા વિદેશી ભાષાઓ પર પડેલા પ્રભાવની ચર્ચા કરવામાં આવી.



કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા સંસ્કૃત શ્લોકપઠન, વક્તવ્ય, સંસ્કૃત નાટકનું ખુબ જ સુંદર રીતે આયોજન કરવામાં આવ્યું હતું,તથા વિવિધ ભાષાઓમાં સંસ્કૃત સાહિત્યના પ્રભાવને રજૂ કરતી પ્રવૃત્તિઓ કરવામાં આવી. આ પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓમાં સંસ્કૃત ભાષા પ્રત્યે રસ, ગૌરવ અને અભ્યાસની ભાવના વિકસે તેવો સુંદર પ્રયાસ કરવામાં આવ્યો.

# રાણપુરમાં સાંસ્કૃતિક ઝાંખી, વિવિધ વેશભૂષા અને ધર્મરથ સાથે 'સંસ્કૃત ગૌરવ યાત્રા' યોજાઈ



**અબતક, વિપુલ લુહાર, રાણપુર**

બોટાદ જીલ્લાના રાણપુરમાં સંસ્કૃતિ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી.જન્મભૂમિ હાઈસ્કુલ થી મામલતદાર કચેરી સુધી ગૌરવ યાત્રા યોજાઈ.સાંસ્કૃતિક ઝાંખી, વિવિધ વેશભૂષા, ધર્મરથ અને સનાતન સુવિચાર રથે લોકોમાં આકર્ષણ જમાવ્યુ.ડી.જે.ના તાલ અને સંસ્કૃત ગીતો ના ગાન સાથે ભવ્ય ગૌરવ યાત્રા નીકળી.વિદ્યાર્થીઓ દ્વારા સંસ્કૃત શ્લોકગાન અને સંસ્કૃત ગરબાની રજૂઆત કરવામાં આવી.કેસરીયા ધ્વજ સાથે વિદ્યાર્થીઓએ ગૌરવ યાત્રામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.રાણપુર તાલુકા શિક્ષણ અધિકારી જીતેન્દ્રસિંહ લીંબોલા, તાલુકા પંચાયતના પ્રમુખ પ્રવીણભાઈ બાવળીયા, ઉપ.પ્રમુખ રવિરાજભાઈ ધાંધલ, તાલુકા વિકાસ અધિકારી સી.સી.દવે, કઈ એસ.એ.પટેલ,ચાંપરાજસિંહ ડોડીયા, મનસુખભાઈ મેર, નરેશભાઈ જાંબુકિયા, મોડલ સ્કૂલના આચાર્ય સહિત શિક્ષણ વિભાગના અધિકારીઓ રહ્યા ઉપસ્થિત રહ્યા.

### વિશ્વ શાંતિ અને જીવસૃષ્ટીના કલ્યાણ અર્થે

# ઉના: ખેતલીયા દાદા ભકિતમંડળ દ્વારા ૬૧૫થી વધુ ગોઠીઓ દ્વારા સવા પાંચ લાખ મહામૃત્યુંજય જાપનું અનુષ્ઠાન

**અબતક, ઉના**

ઊના શહેર મા તળાવ કાઠે આવેલ સ્ટેશન પ્લોટ માં આવેલ ખેતલિયા દાદા ના દરબાર માં છેલ્લા પંદર વર્ષથી દર શનિવારે સમૂહ માં હનુમાન ચાલીસા ના પાઠ કરતા અને પંદર વર્ષથી દર શ્રાવણ માસ માં મહા મૃત્યુંજય ના જાપ નું અનુષ્ઠાન કરતા ખેતલિયા દાદા ભક્તિમંડળ ના ગોઠીઓ દ્વારા તાજેતર માં ઊના શહેર મા આવેલા માધવ બાગ ના વિશાળ સભા ખંડ માં સમગ્ર જીવ સૃષ્ટિ માત્ર ના કલ્યાણ અને વિશ્વ શાંતિ માટે ખેતલિયા દાદા ના આરાધ્ય મયુર ભાઈ ગાંધી (મયુર દાદા) દ્વારા સંગીત અને તબલા ડમરૂ દ્વારા લય બદ્ધ શિવ ને પ્રિય. એવા મંત્ર મહા મૃત્યુંજય મંત્ર નું સવા પાંચ લાખ મંત્ર નું અનુષ્ઠાન ઊના શહેર અને તાલુકા તેમજ રાજકોટ, અમદાવાદ, ધારી, મુંબઈ, સાવર કુંડલા વિગેરે ગુજરાત ભર માંથી ૬૧૫ થી વધુ ભાઈઓ અને બહેનો એ પધારી સમૂહ માં સવા પાંચ લાખ મહામૃત્યંજય જાપ બપોરે ત્રણ થી સાંજે ૭,૩૦ વાગ્યા સુધી માં કરી અનુષ્ઠાન પૂર્ણ કરેલ હતું. જાપ પૂર્ણ થયા બાદ મહા આરતી કરવામાં આવી હતી.



### સ્વ.મુક્તાબેન ગઢીયાની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે

# ગોંડલ: રવિવારે રાહત દરે આયુર્વેદિક નિદાન કેમ્પનું આયોજન

**અબતક, હરેશ ગણોદિયા, ગોંડલ**

બિમારી અને રોગોની દુનિયામાંથી આવો પાછા વળીએ નિરોગી જીવન અને સ્વાસ્થ્ય તરફ આગળ વધીએના શુભ આશયથી ગોંડલ ના જાણીતા ધારાશાસ્ત્રી શ્રી મુકેશભાઈ મથુરાદાસ ગઢીયા તેમના માતૃશ્રીની પુણ્યતિથી નિમીતે નિર્ભય આશ્રમ, નારાયણ નગર, તુલસી ટાવર પાસે, બસ સ્ટેન્ડ પાછળ ગોંડલ ખાતે તા.૩૦/૮/૨૦૨૬ ના રોજ સમય સવારે ૯:૩૦ થી ૧૨:૩૦ અને બપોર પછી ૩:૦૦ થી ૫:૦૦ માં આયોજન કરેલ છે આ કેમ્પ માં કોઈપણ જાતના દુખાવા, વજન વધારવું/ઘટાડવું, હરસ-મસા, સાયટિકા, વા-સાંધા- સર્વાઈકલના દુખાવા, શરદી, શ્વસનતંત્ર ના રોગો, ગેસ, એસિડિટી, કબજીયાત પથરી, ડાયાબિટીસ, સ્ત્રી રોગો, માસીક અનિયમિતતા, શ્વેતપ્રદર, બાળકોના રોગો અન્ય બીમારીઓની તપાસ અને સારવાર કરશે આયુર્વેદ મો.નં. ૯૪૨૬૨ ૮૯૪૯૯, તથા ૮૩૨૦૯૦૯૦૬૦ ઉપર નામ નોંધાવવુ ફરજીયાત છે તેમજ મનની બીમારી દુર કરવા સાંજે ૫:૩૦ થી ૭:૩૦ સંત વલ્લભમહારાજ વિગેરે સંતોનો સત્સંગ પણ રાખેલ છે.

# વઢવાણની ૧૪૦ વર્ષ જૂની દાજીરાજ હાઈસ્કૂલ: બંધ થવાના ભણકારા

### ધો.૯થી ૧૨માં વિદ્યાર્થીઓની સંખ્યા ઘટીને માત્ર ૮૦ જેટલી, શાળા બચાવવા જાગૃતિ અભિયાન શરૂ

**અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

વઢવાણની ઐતિહાસિક અને ૧૪૦ વર્ષ જૂની દાજીરાજ હાઈસ્કૂલ હાલ ગંભીર પરિસ્થિતિમાંથી પસાર થઈ રહી છે. ધોરણ ૯થી ૧૨માં વિદ્યાર્થીઓની સંખ્યા સતત ઘટતાં હાલ શાળામાં અંદાજે ૮૦ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. વિદ્યાર્થીઓની ઘટતી સંખ્યાને પગલે વઢવાણ કેળવણી મંડળ દ્વારા શાળા બંધ કરી સરકારને સોંપવા અંગે જિલ્લા શિક્ષણાધિકારીને લેખિત જાણ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. વઢવાણ રાજવી દ્વારા વર્ષ ૧૮૮૫માં વઢવાણ રાજમહેલ નજીક



દાજીરાજ હાઈસ્કૂલની સ્થાપના કરવામાં આવી હતી. છેલ્લા કેટલાક વર્ષોથી ધોરણ ૯થી ૧૨માં વિદ્યાર્થીઓની સંખ્યા સતત ઘટી રહી છે. ધોરણ ૮ પાસ કર્યા બાદ વિદ્યાર્થીઓ અન્ય ખાનગી તેમજ સરકારી શાળાઓમાં પ્રવેશ લેતા હોવાથી દાજીરાજ હાઈસ્કૂલમાં સંખ્યા ઘટતી ગઈ છે. વર્ષ ૨૦૨૬માં આ સંખ્યા ૧૦૦થી પણ નીચે પહોંચી ગઈ છે અને હાલ અંદાજે ૮૦ વિદ્યાર્થીઓ જ અભ્યાસ કરે છે.

આ ઉપરાંત શાળાના આચાર્ય અને શિક્ષકો વચ્ચે સંકલનના અભાવ સહિતના મુદ્દાઓને કારણે પણ શૈક્ષણિક વાતાવરણ અંગે પ્રશ્નો ઉભા થયા હોવાનું સ્થાનિક શૈક્ષણિક વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વઢવાણ કેળવણી મંડળ દ્વારા ૩૧ ઓગસ્ટ, ૨૦૨૬ પહેલાં દાજીરાજ હાઈસ્કૂલ બંધ કરી સરકારને સોંપવા અંગે જિલ્લા શિક્ષણાધિકારીને લેખિત જાણ કરવામાં આવી છે. દાજીરાજ હાઈસ્કૂલ બંધ થવાની શક્યતાને પગલે સ્થાનિક લોકો અને શૈક્ષણિક વર્તુળોમાં ચિંતા જોવા મળી રહી છે. શાળાને બચાવવા માટે જાગૃતિ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. કારડીયા રાજપૂત સમાજના પ્રમુખ વજુભા રાઠોડે જણાવ્યું હતું કે, દાજીરાજ હાઈસ્કૂલ વઢવાણ વિસ્તાર માટે લાઈફલાઈન સમાન છે. ઐતિહાસિક વારસો ધરાવતી આ શાળા બંધ ન થવી જોઈએ. શાળા બચાવવા માટે જાગૃતિ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે અને જરૂર પડશે તો આગામી સમયમાં મહાઆંદોલન કરવામાં આવશે.

### દેવભાષા સંસ્કૃતને જન-જનની ભાષા બનાવવા પ્રયત્ન

# સુરેન્દ્રનગરના અધ્યાપક દ્વારા ૨૦ વર્ષથી સંભાષણ વર્ગો દ્વારા સંસ્કૃત ભાષા અંગે જાગૃતી લાવવા પ્રયાસ

**અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જીલ્લાના એક સમર્પિત શિક્ષકે સંસ્કૃતને પુસ્તકોની બહાર લાવી યુવાનોના મુખે વહેતી કરવાનો સંકલ્પ લઈને છેલ્લા બે દાયકાથી નિષ્ઠાથી કાર્ય કરી સંસ્કૃત ભાષા અંગે જાગૃતતા લાવવા વિશેષ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

સુરેન્દ્રનગરની એમ. પી. શાહ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ ખાતે સંસ્કૃત વિષયના સહાયક અધ્યાપક તરીકે સેવા આપતા ડો.ઘનશ્યામભાઈ



ભોજવીયાએ અગાઉ પંચમહાલ અને દાહોદ જેવા વનવાસી તથા અંતરિયાળ વિસ્તારોમાં પણ શિક્ષણનો દીપ પ્રજ્વલિત કર્યો હતો અને હાલ છેલ્લા ૦૫ વર્ષથી તેઓ સુરેન્દ્રનગરમાં કાર્યરત છે અને પોતાની વર્ગખંડની સીમાઓ વટાવીને સમાજમાં સંસ્કૃત પ્રત્યે જાગૃતિ ફેલાવવાનુ નિઃસ્વાર્થ કામ કરી રહ્યા છે. છેલ્લા ૨૦ વર્ષથી શાળા-કોલેજો તેમજ વિવિધ સામાજિક-શૈક્ષણિક સંસ્થાઓમાં સંપૂર્ણપણે નિઃશુલ્ક સંસ્કૃત સંભાષણ વર્ગો ચલાવી રહ્યા છે.

# ભાણવડ: જીવદયા ટીમની સરાહનીય કામગીરી



**અબતક, આનંદ પોપટ, ભાણવડ**

ઈન્દ્રેશ્વર મહાદેવ ત્રિવેણી ખાતેથી દશામાની મૂર્તિઓ એકત્ર કરી હર્ષદના દરિયામાં સન્માનપૂર્વક વિસર્જિત

ભાણવડના ઈન્દ્રેશ્વર મહાદેવ ત્રિવેણી ધામ ખાતે અપૂરતા વરસાદના કારણે જળાશયમાં પાણીનું પ્રમાણ ઓછું હોવાથી દશામાની કેટલીક મૂર્તિઓનું યોગ્ય રીતે વિસર્જન થઈ શક્યું ન હતું. જેના કારણે મૂર્તિઓ જળાશયના કાંઠે એકત્રિત થઈ હતી.

દરમિયાન બળદના રેસ્કયુ દરમિયાન જીવદયા પ્રેમી યુવાનોનું આ તરફ ધ્યાન જતા ટીમ દ્વારા તાત્કાલિક સેવા કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. જીવદયા ટીમે તમામ મૂર્તિઓને આદરપૂર્વક એકત્ર કરી હર્ષદ ખાતે દરિયાના પવિત્ર જળમાં વિધિ-વિધાન સાથે સન્માનપૂર્વક વિસર્જિત કરી હતી.

જીવદયા ટીમની આ સેવાભાવી અને ધાર્મિક લાગણી સાથે જોડાયેલી કામગીરીને સ્થાનિક લોકો દ્વારા પ્રશંસા મળી રહી છે.

ભક્તજનોને અપીલઃ પૂરતી જળ વ્યવસ્થા ન હોય તેવા સ્થળોએ મૂર્તિ વિસર્જન દરમિયાન મુશ્કેલી ન સર્જાય તે માટે શક્ય હોય ત્યાં ફોટો અથવા ધાતુની પ્રતિમા રાખીને પૂજન-અર્ચન કરી શકાય. આ રીતે ધાર્મિક શ્રદ્ધાની સાથે પર્યાવરણનું પણ જતન કરી શકાય.

જીવદયા ટીમની આ કામગીરી માનવતા, સેવા અને પર્યાવરણ પ્રત્યેની જવાબદારીનું સુંદર ઉદાહરણ બની છે.

# સંસ્કૃત ગૌરવ યાત્રાથી જૂનાગઢ બન્યું સંસ્કૃતમય




### સંસ્કૃત ભાષાના સંરક્ષણ, સંવર્ધન અને પ્રચાર-પ્રસારના સંદેશ સાથે યોજાઈ ભવ્ય યાત્રા

**અબતક, દર્શન જોશી, જૂનાગઢ**

જૂનાગઢના સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે સંસ્કૃત ભાષાના ગૌરવ અને મહત્ત્વને ઉજાગર કરતી સંસ્કૃત ગૌરવ યાત્રા તથા સંસ્કૃતોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વિવિધ શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર જોડાઈ સંસ્કૃતમય નારાઓના ગુંજારવ સાથે યાત્રાને જીવંત બનાવી હતી. જુનાગઢ શહેરના સ્વામિનારાયણ ગુરુકુળથી શ્રીમતી આર.જે. કનેરિયા ગર્લ્સ હાઈસ્કૂલ સુધી યોજાયેલી સંસ્કૃત ગૌરવ યાત્રામાં સ્વ. ટી.એલ. વાળા કન્યા વિદ્યાલય, સ્વ. કે.જી. ચૌહાણ કન્યા વિદ્યાલય, ગવર્નમેન્ટ ગર્લ્સ હાઈસ્કૂલ-આઝાદ ચોક, એન.પી. ભાલોડિયા હાઈસ્કૂલ, સરગવાડા પ્રાથમિક શાળા, કન્યા શાળા નં.૩ તથા શ્રીમતી આર.જે. કનેરિયા હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ ભારતસ્ય ભાષા સંસ્કૃત ભાષા અને ધ્યાનસ્ય ભાષા સંસ્કૃત ભાષા જેવા સંસ્કૃતમય નારાઓ લગાવી યાત્રામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ કાર્યક્રમમાં ધારાસભ્ય સંજયભાઈ કોરડિયા, મેયર ધર્મેશભાઈ પોશીયા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પલ્લવીબેન ઠાકર, અધિક નિવાસી કલેક્ટર શ્રીમતી બી.એસ. બારડ, જૂનાગઢ જિલ્લા શિક્ષણાધિકારી શ્રીમતી લતાબેન ઉપાધ્યાય સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# બીજી ટેસ્ટમાં શ્રીલંકાનો જબરજસ્ત સંઘર્ષ : ભારતના બોલરો 'વામણા' સાબિત થયા

## શ્રીલંકા ટેસ્ટ ક્રિકેટમાં શ્રીલંકા ૨૭ વખત ફોલો અનથયું જેમાંથી ૨૪માં હારનો સામનો કરવો પડ્યો

**અબતક, રાજકોટ**



કોલંબોના સિંહાલીઝ સ્પોર્ટ્સ ક્લબ ગ્રાઉન્ડ ખાતે રમાઈ રહેલી ભારત અને શ્રીલંકા વચ્ચેની બીજી ટેસ્ટ મેચ અત્યંત રોમાંચક મોડ પર પહોંચી ગઈ છે. ભારત પ્રથમ ઈનિંગ્સમાં ડિક્લેર કરેલા ૫૦૩/૯ના સ્કોર સામે શ્રીલંકાને ૨૯૦ રનમાં ઓલઆઉટ કરીને ફોલો-ઑન આપ્યું હતું. પાંચમા અને અંતિમ દિવસે શ્રીલંકા બીજી ઈનિંગ્સમાં સંઘર્ષ કરી રહ્યું છે અને મેચ જીતવા માટે ભારતીય બોલરોને બાકીની ૪ વિકેટ ઝડપથી ચટકાવવી પડશે.બીજી ઈનિંગ્સમાં પણ શ્રીલંકાના બેટરોએ પ્રતિકાર કરવાનો પૂરો પ્રયાસ કર્યો છે. પાસિન્દુ સૂરિયબંદરાએ ૯૨ રનની ઉપયોગી ઈનિંગ્સ રમી હતી જ્યારે કામિન્દુ મેન્ડિસે ૫૫ રનનું યોગદાન આપ્યું હતું. ભારતીય સ્પિનર માનવ સુથાર અને સારાંશ જૈને મહત્વની વિકેટો ઝડપીને શ્રીલંકાના મધ્યમ ક્રમને ઝટકા આપ્યા છે. હાલમાં સોનલ દિનુષા અને કેશરા નુવંથા ક્રીઝ પર ટકીને ભારતની જીત વચ્ચે દિવાલ બનીને ઉભા છે.કોલંબોમાં વરસાદ વિલન બની શકે છે. જો દિવસના બીજા અને ત્રીજા સેશનમાં ભારે વરસાદ પડે, તો મેચ ડ્રો તરફ પણ જઈ શકે છે. જો ભારતીય બોલરો વરસાદ પડે તે પહેલાં શ્રીલંકાને ઓલઆઉટ કરી દે છે અને મળેલા નાના લક્ષ્યાંકને ઝડપથી ચેઝ કરી લે છે, તો ભારત કોલંબો ટેસ્ટ જીતીને શ્રેણી પોતાના નામે કરી લેશે.વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની દ્રષ્ટિએ ભારત માટે આ ટેસ્ટ જીતવી ખૂબ જ મહત્વપૂર્ણ છે. આ જીત ભારતને

વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ૨૦૨૫-૨૭ સ્ટેન્ડિંગમાં ટોપ ૪માં સ્થાન અપાવશે. શ્રીલંકા સામેની ૨ મેચની સિરીઝમાં ભારત ૧-૦થી આગળ છે.પહેલી મેચમાં ભારતને થોડું નસીબ મળ્યું, કારણ કે તેઓ પાંચમા દિવસે જીત્યા હતા, અને જીતની થોડી મિનિટ પછી ગોલમાં વરસાદ શરૂ થયો. વરસાદ ખૂબ જ વધારે હતો. જો શ્રીલંકાની એક પણ વિકેટ બાકી હોત, તો ટેસ્ટ ડ્રો થઈ હોત, કારણ કે તે પછી મેચ ફરી શરૂ થઈ શકી ન હોત.

### જાડેજાએ ટેસ્ટ મેચોમાં સૌથી વધુ ૮૮ નો-બોલ ફેંક્યા



રવિન્દ્ર જાડેજાએ ૨૦૨૧ થી ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ નો-બોલ ફેંક્યા છે. તેને અત્યાર સુધીમાં ૮૮ નો-બોલ ફેંક્યા છે. તે આ લિસ્ટમાં ટોપ પર છે. પાકિસ્તાનનો નોમાન અલી ૪૦ નો-બોલ સાથે બીજા નંબરે છે. લસિથ એમ્બુલડેનિયા ૩૩ નો-બોલ સાથે લિસ્ટમાં ત્રીજા નંબરે છે, જ્યારે જેક લીચ ૧૯ નો-બોલ સાથે ચોથા નંબરે છે. જોમેલ વોરિકન ૨૦૨૧ થી ટેસ્ટ ક્રિકેટમાં ૧૭ નો-બોલ સાથે પાંચમાં નંબરે છે.શ્રીલંકા સામેની બીજી ટેસ્ટમાં રવિન્દ્ર જાડેજા સારો દેખાવ કરવામાં નિષ્ફળ ગયો. તેને પહેલી ઈનિંગમાં ૨૦ ઓવર ફેંકી, ૪૫ રન આપીને ૧ વિકેટ લીધી. તેને ૩ નો-બોલ પણ ફેંક્યા. બીજી ઈનિંગમાં તેને ચોથા દિવસની રમત પૂરી કરી ત્યારે ૧૮ ઓવરમાં ૪૮ રન આપીને ૧ વિકેટ લીધી. રવિન્દ્ર જાડેજા બંને ઈનિંગમાં પોતાનો સ્પિન બોલિંગનો જાદુ બતાવવામાં નિષ્ફળ ગયો.

---

-------------------- હિન્દી-ચીની ભાઈ-ભાઈ --------------------

# ચીન અને ભારતે સ્થાનિક કરન્સીમાં રોકાણ કરવા માટે તત્પરતા બતાવી

## શી જિનપિંગની મુલાકાત પહેલાં વ્યાપારી સંબંધોમાં સુધારો લાવવાની કવાયત તેજ

**અબતક, નવી દિલ્હી**

ભારત અને ચીન દેશમાં બિઝનેસ-ટુ-બિઝનેસ એક્સચેન્જ અને ચીની રોકાણને વેગ આપવા માટે સક્રિયપણે નવા માળખાની શોધ કરી રહ્યા છે. રાજદ્વારી સંબંધોમાં સુધારાની વચ્ચે, આ સંભવિત કરારનો ઉદ્દેશ્ય મૂડી પ્રવાહને વેગ આપવાનો અને બંને દેશો વચ્ચેના વ્યાપારી સંબંધોને પુનર્જીવિત કરવાનો છે. નેશનલ સિક્યુરિટી એડવાઈઝર અજિત ડોભાલની તાજેતરની બેઈજિંગ મુલાકાત દરમિયાન આ વિકાસ માટેનો પાયો નાખવામાં આવ્યો હતો. ૬ વર્ષના સ્થગિત સમયગાળા પછી મતભેદોને દૂર કરવાના પ્રયાસરૂપે બંને પક્ષો હાલમાં એવા પગલાંની તપાસ કરી રહ્યા છે જેની ટૂંક સમયમાં જાહેરાત થઈ શકે છે.



૧૨-૧૩ સપ્ટેમ્બરના રોજ બ્રિક્સ સમિટ માટે રાષ્ટ્રપતિ શી જિનપિંગની નવી દિલ્હીની આગામી મુલાકાત દરમિયાન, બેઈજિંગ ભારત માટે ચોક્કસ રોકાણ પેકેજનું અનાવરણ કરી શકે છે. આ પેકેજમાં દરિયાઈ માર્ગોની સરળ ઍક્સેસ સાથે સ્પેશિયલ ઈકોનોમિક ઝોનની રચના તેમજ ત્રીજા દેશની નિકાસના ઉદ્દેશ્ય સાથે સૂચિત એક્સપોર્ટ પ્રોસેસિંગ ઝોન માટે ચીનનું ભંડોળ સામેલ હોઈ શકે છે. વધુમાં, બેઈજિંગ ભારતીય બજારમાં તેના ઈલેક્ટ્રિક વાહનો, ખાસ કરીને અગ્રણી ઉત્પાદક બીવાયડી તરફથી, પ્રવેશ માટે દબાણ કરે તેવી અપેક્ષા છે.

આ રોકાણોની સુવિધા માટે, બિન-વ્યૂહાત્મક ક્ષેત્રોમાં ચીની મૂડી માટેની મંજૂરી પ્રક્રિયાઓને વધુ સરળ બનાવવાના પ્રયાસો ચાલુ છે. જોકે, સંરક્ષણ અને લાઈન ઓફ એક્ચ્યુઅલ કંટ્રોલ (એલએસી) પરના પ્રોજેક્ટ્સ સહિત સંવેદનશીલ વિસ્તારોમાં ચીની રોકાણો પર કડક નિયંત્રણો ચાલુ રહેશે. દરમિયાન, નવી દિલ્હી મોટી વેપાર ખાધ ઘટાડવા માટે ચીનમાં પોતાની નિકાસ વધારવાનો આગ્રહ કરી રહી છે, જેમાં એપ્રિલ અને જુલાઈ વચ્ચે ચીનમાં ભારતીય માલસામાનની નિકાસમાં પહેલેથી જ ૩૬% નો વધારો જોવા મળ્યો છે જે ૭.૮ બિલિયન ડોલર સુધી પહોંચી છે. ભારત ચીનની ટેકનોલોજી અને મહત્વપૂર્ણ કાચા માલના પુરવઠાની સરળ ઍક્સેસની પણ માંગ કરી રહ્યું છે.સકારાત્મક ગતિવિધિ હોવા છતાં, નિષ્ણાતો આ સૂચિત જાહેરાતોના વાસ્તવિક અમલીકરણ વિશે સાવચેતી રાખવાનું સૂચન કરે છે. જવાહરલાલ નેહરુ યુનિવર્સિટીના પ્રોફેસર શ્રીકાંત કોંડાપલ્લીએ ચીનના ખરાબ ટ્રેક રેકોર્ડ તરફ ધ્યાન દોર્યું છે, અને નોંધ્યું છે કે શીની ૨૦૧૪ ની મુલાકાત દરમિયાન જાહેર કરાયેલ ૨૦ બિલિયન ડોલરના રોકાણમાંથી છેલ્લા ૧૨ વર્ષમાં માત્ર ૨ બિલિયન ડોલર જ સાકાર થયા હતા. વધુમાં, ભારતમાં કાર્યરત ચીની કંપનીઓની સંખ્યા, જે કોવિડ-૧૯ રોગચાળા અને ગલવાન વેલી અથડામણ પહેલા લગભગ ૧૦૦૦ હતી, તેમાં નોંધપાત્ર ઘટાડો થયો છે, જે સૂચવે છે કે મુલાકાત પછીનું કોઈપણ પુનરુત્થાન ધીમું હોઈ શકે છે.

---

# ધ્રાંગધ્રાના વસાડવા ગામે એસ.એસ. સંઘવી વિદ્યાલયમાં રક્ષાબંધન પર્વની ઉજવણી

## રાખડી બનાવટ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ કલાત્મક અને સર્જનશીલતાનું ઉતમ પ્રદર્શન કર્યું૯



**અબતક, સલીમ ઘાંચી ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા તાલુકાના વસાડવા ખાતે આવેલી એસ.એસ. સંઘવી વિદ્યાલયમાં તા. ૨૫ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ભાઈ-બહેનના પવિત્ર પ્રેમ અને અતૂટ સ્નેહનું પ્રતીક એવા રક્ષાબંધન પર્વની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી રક્ષાબંધનના પાવન અવસરને યાદગાર બનાવવા શાળામાં વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા અને સુષુપ્ત પ્રતિભાને પ્રોત્સાહન મળે તે હેતુથી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું આ પ્રસંગે યોજાયેલી રાખડી બનાવટ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ઈકો-ફ્રેન્ડલી સામગ્રી તથા કલાત્મક ચીજવસ્તુઓનો સુંદર ઉપયોગ કરી આકર્ષક અને અવનવી રાખડીઓ બનાવી પોતાની કલાત્મકતા અને સર્જનશીલતાનું ઉત્તમ પ્રદર્શન કર્યું હતું. કાર્યક્રમ દરમિયાન ધોરણ-૧૦ની વિદ્યાર્થીનીઓ છાસિયા કીર્તિ અને પરમાર સંજના દ્વારા 'કુંતા અને અભિમન્યુ' ગીત પર સુંદર અભિનય રજૂ કરવામાં આવ્યો હતો, જેને ઉપસ્થિત સૌએ ઉત્સાહપૂર્વક નિહાળ્યો હતો.

---

# રૂપિયાના ધોવાણ અને આકરા નિયમોથી વિદેશી સંપતિ જાહેર કરવાની સ્કીમથી કરદાતાઓ લાભથી વંચિત

## ડોલર સામે રૂપિયો ઘસાતાં રકમ વધી ગઈ : ખરીદ કિંમત કે વર્તમાન બજારભાવ જે વધુ હોય તે ગણવાના કડક નિયમથી કરદાતાઓ મૂંઝવણમાં

**અબતક, રાજકોટ**

વિદેશમાં રહેલી અઘોષિત મિલકત, શેર્સ કે બેંક ડિપોઝિટ જાહેર કરીને દંડ સાથે કાયદેસર થવા માટે કેન્દ્ર સરકારે શરૂ કરેલી વન-ટાઈમ સ્કીમ સામે રૂપિયાનું અવમૂલ્યન અને વેલ્યુએશનના જટિલ નિયમો મોટી અડચણ બની રહ્યા છે. આ કારણોસર સ્કીમનો લાભ લેવા માંગતા અનેક કરદાતાઓ સ્કીમની મર્યાદા બહાર થઈ ગયા છે.

સરકારે અઘોષિત વિદેશી સંપત્તિ નિયમિત કરવા ₹૧ કરોડ સુધીની અને કાયદેસર રીતે મોકલેલા નાણાંથી લીધેલી સંપત્તિ માટે ₹૫ કરોડ સુધીની લિમિટ નક્કી કરી છે. જોકે, છેલ્લા કેટલાક વર્ષોમાં ડોલર સામે રૂપિયાના મૂલ્યમાં મોટો ઘટાડો થયો હોવાથી, સંપત્તિનું રૂપિયામાં મૂલ્યાંકન કરતી વખતે તેની રકમ આપોઆપ ₹૧ કરોડ કે ₹૫ કરોડની લિમિટ વટાવી જાય છે.

આ ઉપરાંત, મૂલ્યાંકન (વેલ્યુએશન)ના વિચિત્ર નિયમે પણ કરદાતાઓની મુશ્કેલી વધારી છે. નિયમ મુજબ ખરીદ કિંમત અથવા હાલની બજાર કિંમત-બેમાંથી જે વધુ હોય તે ધ્યાને લેવામાં આવે છે. ઉદાહરણ તરીકે, જો કોઈ વ્યક્તિએ અગાઉ ₹૫.૨૫ કરોડમાં સંપત્તિ લીધી હોય અને આજે ભાવ ઘટીને ₹૩ કરોડ થઈ ગયો હોય, તો પણ તેનું મૂલ્યાંકન ₹૫.૨૫ કરોડ ગણાશે. આથી તે વ્યક્તિ ₹૫ કરોડની લિમિટ બહાર થઈ જતાં સ્કીમનો લાભ મેળવી શકતી નથી.ટેક્સ નિષ્ણાતોના મતે, આ જટિલતાઓને કારણે અનેક બોર્ડરલાઈન કેસો મુશ્કેલીમાં મુકાયા છે. કરદાતાઓમાં પેનલ્ટી અને કાનૂની કાર્યવાહીનો ડર ઊભો ન થાય તે માટે સરકારે આ સ્કીમના નિયમોમાં વહેલી તકે સ્પષ્ટતા અને રાહત આપવી જરૂરી બની ગઈ છે.

---

# શા માટે ઓરમાય દીકરી માતાને સંતાનોનો કબજો નથી સોંપતી?

## આગામી ૮ સપ્ટેમ્બરે હાઈકોર્ટમાં પ્રતિવાદીઓનો જવાબ આવ્યા બાદ આ માને વધુ સ્પષ્ટ દિશા મળશે

**અબતક, અમદાવાદ**

ગુજરાતમાં પારિવારિક સંબંધો, વિશ્વાસ અને કાયદાકીય લડાઈનો એક હૃદયદ્રાવક અને ચર્ચાસ્પદ મામલો સામે આવ્યો છે. કચ્છના મુન્દ્રા તાલુકાના ધ્રાબ ગામમાંથી એક ૩૮ વર્ષીય વિધવા માતાએ પોતાના જ છ સગીર સંતાનોનો કબ્જો મેળવવા માટે ગુજરાત હાઈકોર્ટમાં અરજી દાખલ કરી છે.

વર્ષ ૨૦૨૩માં મોટી પુત્રી પોતાના પ્રેમી સાથે લગ્ન કરીને અલગ રહેવા લાગી હતી, જેના કારણે પરિવારમાં વિવાદ થયો હતો. ૬ જૂન ૨૦૨૫ના રોજ મહિલાના બીજા પતિનું અવસાન થયા બાદ પુત્રીએ માતાને પોતાની સાથે રહેવા આમંત્રણ આપ્યું હતું, પરંતુ થોડા જ મહિનામાં સંબંધો ફરી બગડ્યા. માતાની માનસિક સ્થિતિ અને દુ:ખનો લાભ લઈને પુત્રીએ બેંક ખાતામાંથી કોઈની પણ જાણ કે સંમતિ વગર આશરે ૧૫ લાખ કરાઈ હતી, જે જાન્યુઆરીમાં ફગાવી દેવાઈ હતી કારણ કે બાળકોએ પોતાની ઈચ્છાથી બહેન આપવાની અક્ષમતાને મુખ્ય આધાર બનાવવામાં આવ્યો છે, જેને પગલે હાઈકોર્ટે કડક નોટિસ જારી કરી છે. આગામી ૮



ઉપાડી લીધા હોવાનો આક્ષેપ છે.

ડિસેમ્બર ૨૦૨૫માં મુન્દ્રાની જેએમએફસીકોર્ટમાં સર્ચ વોરંટ અને કબ્જા માટે અરજી સાથે રહેવાનું જણાવ્યું હતું.વકીલ એ.એ. ઝાબુવાલા મારફતે કરાયેલી અરજીમાં સૌથી નાની ૩ વર્ષની બાળકીની સગીરતા અને સંમતિ સપ્ટેમ્બરે હાઈકોર્ટમાં પ્રતિવાદીઓનો જવાબ આવ્યા બાદ આ માને વધુ સ્પષ્ટ દિશા મળશે.

---

# "કોર્ટ મેં ગોળી મારેંગે" યુટ્યુબર અંકિતને સરાજાહેર ગોળીઓથી વીંધી નખાયો

## સીસીટીવીના આધારે આરોપીઓની શોધખોળ શરુ; જૂની દુશ્મનાવટ કે રાજકીય હુમલાની શંકા

**અબતક, રાજકોટ**

ઉત્તર પ્રદેશના શામલી જિલ્લામાં જાણીતા હરિયાણવી ગાયક અને યુટ્યુબર અંકિત બાલિયાનની સરાજાહેર ગોળીબાર કરીને નિર્મમ હત્યા કરવામાં આવી છે. અંકિત બાલિયાન શામલીના બંતીખેડા ગામના નિવાસી હતા અને સોશિયલ મીડિયા પર લાખો સમર્થકો ધરાવતા હતા.

બુધવારની સાંજે આર્યપુરી વિસ્તારમાં આવેલા જીમમાંથી બહાર નીકળીને તેઓ પોતાની ગાડી તરફ જઈ રહ્યા હતા, ત્યારે આ ઘાતક હુમલો થયો હતો. બે મોટરસાઈકલ પર આવેલા ચાર અજાણ્યા હુમલાખોરો જીમ બહાર અગાઉથી જ ઘાત લગાવીને બેઠા હતા. અંકિત પોતાની ગાડી પાસે પહોંચ્યા કે તુરંત જ હુમલાખોરોએ અંધાધૂંધ ગોળીબાર શરૂ કરી દીધો હતો. હુમલાખોરોએ આશરે અઢાર ગોળીઓ ચલાવી હતી. ગાડીની એક તરફ દીવાલ હોવાથી અંકિતે બીજી તરફ જઈને પોતાનો જીવ બચાવવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો, પરંતુ હુમલાખોરોએ દરવાજો ખોલીને સાવ નજીકથી ગોળીઓ બાર કરી દીધી હતી. માથા અને પેટના ભાગે





પાંચ ગોળીઓ વાગવાને કારણે તેઓ ગંભીર રીતે ઘવાયા હતા, જ્યાં હોસ્પિટલમાં ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

આ ઘટનાના સમાચાર વાયુવેગે ફેલાતા જ સમગ્ર વિસ્તારમાં ભારે સન્નાટો અને તંગદિલી ફેલાઈ ગઈ હતી. ગાયકના પરિવારજનો, સ્થાનિક લોકો અને સમર્થકોએ મુખ્ય માર્ગ પર મૃતદેહ રાખીને ભારે વિરોધ પ્રદર્શન કર્યું હતું અને આરોપીઓને વહેલી તકે પકડવાની માંગ કરી હતી. વિરોધ પ્રદર્શન દરમિયાન ગાયકની માતાનો આક્રંદ જોઈને ત્યાં હાજર તમામ લોકોની આંખો ભીની થઈ ગઈ હતી.

હત્યાના આ હાઈપ્રોફાઈલ કેસની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પોલીસના ઉચ્ચ અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયા હતા. પોલીસે કસરતશાળા અને તેની આસપાસના સીસીટીવી કેમેરાના ફૂટેજ કબજે કરીને હુમલાખોરોની ઓળખ મેળવવાની કામગીરી હાથ ધરી છે. આ ઉપરાંત, જૂની રાજકીય વૈમનસ્ય કે હરિયાણા સાથે જોડાયેલા તારની દિશામાં પણ ઊંડાણપૂર્વક તપાસ ચલાવવામાં આવી રહી છે, જોકે મોડી રાત સુધી આ મામલે કોઈની ધરપકડ થઈ શકી નહોતી.

---

# જામજોધપુર: એવીડીએસ કોલેજમાં મેગા ફાઈનલ કિવઝ સ્પર્ધામાં વિદ્યાર્થીઓનું ઉત્કૃષ્ટ પ્રદર્શન

## વિદ્યાર્થીઓમાં બૌધ્ધિક અને તાર્કિક ક્ષમતા વધારવા કરાયો પ્રયાસ

**અબતક, ભરત ગોહિલ જામજોધપુર**

એ વી ડી એસ આર્ટ્સ અને કોમર્સ કોલેજ જામજોધપુરમાં તા.૨૫/૮/૨૬ના રોજ કોલેજના સભાખંડમાં એક ભવ્ય સામાન્ય જ્ઞાન કિવઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓમાં જ્ઞાન અને તાર્કિક ક્ષમતાનો વિકાસ થાય તે હેતુથી આ સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધાનું ઉદઘાટન કોલેજના આચાર્ય ડો. અલ્કેશ વાછાણી સાહેબના માર્ગદર્શન અને સંયોજક તરીકે ડો . સમીર માણેક ના વડપણ હેઠળ કરવામાં આવ્યું હતું. તેઓએવિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતા જણાવ્યું હતું કે, આવી સ્પર્ધાઓથી વિદ્યાર્થીઓનો બૌદ્ધિક વિકાસ થાય



છે અને સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તેમનો આત્મવિશ્વાસ વધે છે. આ સ્પર્ધામાં ભારતનો ઈતિહાસ, વર્તમાન પ્રવાહો, વિજ્ઞાન, રમતગમત અને મનોરંજન જેવા વિવિધ વિષયોના પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. ઉપસ્થિત શ્રોતા વિદ્યાર્થીઓએ પણ તાળીઓના ગડગડાટથી સ્પર્ધકોનો ઉત્સાહ વધાર્યો હતો.ગળાકાપ હરીફાઈના અંતે વિજેતા બનેલી ટીમો નીચે મુજબ છે.

---

# વૈશ્વિક વેપાર, રોકાણ અને ઉદ્યોગોનો વ્યાપ વધારવા દિલીપ ચૌહાણ ગાંધીધામ ચેમ્બરની મુલાકાતે

## ટેક્નોલોજી અને રોકાણના વૈશ્વિક ભવિષ્ય પર વિશેષ ગોષ્ઠી યોજાઈ

**અબતક, ભારતી માખીજાણી ગાંધીધામ**

ગુજરાત રાજ્યની અગ્રણી અને દ્વિતીય સૌથી મોટી વેપાર-ઔદ્યોગિક સંસ્થા ગણાતી ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા અમેરિકાના ન્યૂયોર્કના પૂર્વ ડેપ્યુટી કમિશનર ફોર ટ્રેડ, ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ઈનોવેશન તેમજ નાસાઉ કાઉન્ટીના પૂર્વ ડેપ્યુટી કન્ટ્રોલર અને પ્રતિષ્ઠિત ભારતીય-અમેરિકન જનસેવક દિલીપ ચૌહાણના સન્માનાર્થે ઉદ્યોગ-વ્યાપાર ગોષ્ઠી તથા સંવાદ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. ચેમ્બરના અગ્રણી સભ્ય અને રેડીસન હોટેલના એમ.ડી. મુકેશ આચાર્યના વિશેષ પ્રયાસોથી યોજાયેલા આ કાર્યક્રમમાં કચ્છના ઉદ્યોગ, વેપાર, બંદર, લોજિસ્ટિક્સ, શિક્ષણ અને સામાજિક ક્ષેત્રના અગ્રણીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.કાર્યક્રમના પ્રારંભે ચેમ્બર પ્રમુખ તેજાભાઈ કાનગડે સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે, દિલીપ ચૌહાણ માત્ર એક સફળ પ્રશાસક નથી, પરંતુ ભારત અને અમેરિકા વચ્ચે વેપાર, રોકાણ, સંસ્કૃતિ અને સમાજને જોડતા જીવંત સેતુ છે. ન્યૂયોર્ક સિટીમાં ટ્રેડ, ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ઈનોવેશન વિભાગના ડેપ્યુટી કમિશનર તરીકે તેમણે વૈશ્વિક રોકાણકારો. ઉદ્યોગો અને સરકારો વચ્ચે મજબૂત સંબંધો વિકસાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. તે ઉપરાંત નાસાઉ કાઉન્ટીના ડેપ્યુટી કન્ટ્રોલર તરીકે જાહેર નાણાકીય વ્યવસ્થાપન, પારદર્શિતા, ઓડિટ અને જવાબદારીપૂર્ણ શાસન ક્ષેત્રે પણ તેમણે નોંધપાત્ર યોગદાન આપ્યું છે. ચૌહાણે જણાવ્યું હતું કે, ન્યૂયોર્કમાં એક લોકપ્રિય સૂત્ર છે "એકબીજાના ટેકા વિના તમે વિકાસ કરી શકતા નથી" ગાંધીધામ ચેમ્બરની કામગીરી અને સભ્યો વચ્ચેનો સહયોગ જોઈને તેમને એ જ સિદ્ધાંતનું જીવંત પ્રતિબિંબ જોવા મળ્યું છે. તેમણે ચેમ્બરની ૭૩ વર્ષની સેવાયાત્રા, ઉદ્યોગ-વ્યાપાર હિતોની રક્ષા માટેના પ્રયાસો અને સમાજપ્રત્યેની પ્રતિબદ્ધતાની ખુલ્લા દિલે પ્રશંસા કરી હતી. તેમણે વિશ્વભરના વિવિધ સમુદાયો માટે ઉજવાતા વિશેષ દિવસોની ચર્ચા કરતાં જણાવ્યું કે ગુજરાત ડે, રાજસ્થાન ડે, ડો. આંબેડકર ડે, અક્ષરધામ ડે અને દિવાળી ફેસ્ટિવલને મળેલી સત્તાવાર માન્યતાઓ એ ભારતીય સંસ્કૃતિના વૈશ્વિક સ્વીકારનું પ્રતિબિંબ છે. ખાસ કરીને દિવાળીને ન્યૂયોર્કના શૈક્ષણિક માળખામાં સત્તાવાર માન્યતા અપાવવી એ ભારતીય સમુદાય માટે ઐતિહાસિક સિદ્ધિ સમાન છે.

પ્રશ્નોત્તરી સત્ર દરમિયાન રાઈસ એક્સપોર્ટ, ટીમ્બર આયાત, કચ્છની પ્રસિદ્ધ કેસર કેરીના આંતરરાષ્ટ્રીય બજારો, અમેરિકા સાથેના વેપારિક અવસરો, આઉટસોર્સિંગ સર્વિસીસ, વિદ્યાર્થી એક્સચેન્જ અને સ્ટુડન્ટ પ્રોગ્રામ્સ, એફડીએ સંબંધિત પડકારો તથા વૈશ્વિક બજારમાં સ્પધાત્મિકતા વધારવા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.ટેકનોલોજી અને નવીનતા અંગે માર્ગદર્શન આપતાં ચૌહાણે ખાસ ભારપૂર્વક જણાવ્યું હતું કે, આગામી દાયકામાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) અર્થવ્યવસ્થાનો મુખ્ય ચાલકબળ બનશે. તેમણે ઉદ્યોગકારોને ઓછામાં ઓછું ૧૫ ટકા જેટલું રોકાણ એઆઈ અને ટેક્નોલોજી આધારિત ક્ષેત્રોમાં કરવા સૂચન કરતાં જણાવ્યું હતું કે, ભવિષ્ય ટેકનોલોજી, ડેટા અને ઈનોવેશનનું છે. જે પ્રદેશ અને ઉદ્યોગો આ પરિવર્તનને વહેલા સ્વીકારશે, તેઓ વૈશ્વિક સ્પર્ધામાં આગળ રહેશે.

# હાલારમાં વરસાદની ખેંચથી ઉભો પાક સુકાતા રોટાવેટર ફેરવવાની નોબત

## પખવાડિયાથી વરસાદનો છાંટોય નહીં, ૩.૩૬ લાખ હેક્ટરના ખરીફ વાવેતર સામે સંકટ; મગફળી-કપાસના પાકને બચાવવા હવે મેઘરાજાની આશા

જામનગર શહેર અને જિલ્લામાં ચાલુ ચોમાસામાં વરસાદની અછતના કારણે ખેડૂતોની ચિંતામાં સતત વધારો થઈ રહ્યો છે. છેલ્લા પખવાડિયાથી જિલ્લામાં વરસાદનો એક પણ છાંટો પડ્યો નથી. ઓગસ્ટ મહિનો પણ લગભગ કોરો ધાકોડ રહેતા પાણીના વૈકલ્પિક સ્રોત વિનાના વિસ્તારોમાં ઉભા પાકને બચાવવો ખેડૂતો માટે મુશ્કેલ બની રહ્યો છે. આગામી એક સપ્તાહમાં સારો વરસાદ નહીં પડે તો ખરીફ પાકને વ્યાપક નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે.જામનગર જિલ્લામાં ચાલુ ખરીફ સિઝનમાં કુલ ૩,૩૬,૯૮૯ હેક્ટર વિસ્તારમાં વિવિધ પાકોનું વાવેતર થયું છે. જેમાં મુખ્યત્વે ૨,૧૬,૯૨૬ હેક્ટરમાં મગફળી અને ૮૯,૬૨૭ હેક્ટરમાં કપાસનું વાવેતર કરવામાં આવ્યું છે. આ બંને પાક માટે આગામી દિવસોમાં વરસાદ અત્યંત જરૂરી બની ગયો છે.

જિલ્લા ખેતીવાડી વિભાગના જણાવ્યા મુજબ મોસમનો મોટો સમય વીતી જવા છતાં જિલ્લામાં અત્યાર સુધી જરૂરિયાતની સરખામણીએ માત્ર આશરે ૨૭ ટકા જેટલો વરસાદ નોંધાયો છે. આગામી દિવસોમાં સારો વરસાદ નહીં પડે અને ખેતરોમાં સિંચાઈ માટે વૈકલ્પિક પાણીનો સ્રોત ઉપલબ્ધ નહીં હોય તો વાવેતર કરેલા પાકને નુકસાન થવાની સ્થિતિ સર્જાઈ શકે છે.



બીજી તરફ, અપૂરતા વરસાદની સીધી અસર હવે ખેતરોમાં જોવા મળી રહી છે. ધ્રોલ તાલુકાના ખીજડીયા ગામના એક ખેડૂતે ૨૫ વીઘા જમીનમાં મગફળીનું વાવેતર કર્યું હતું. પરંતુ વરસાદના અભાવ સાથે સિંચાઈનું પાણી પણ ખૂટી જતાં પાક સુકાઈ ગયો હતો. પાક બચાવવાના પ્રયાસો નિષ્ફળ જતા અંતે ખેડૂતને પોતાના જ પાક પર ટ્રેક્ટર અને રોટાવેટર ફેરવી ખેતર સાફ કરવાની ફરજ પડી હતી.ખેડૂતના જણાવ્યા મુજબ બિયારણ, ખાતર, જંતુનાશક દવાઓ અને મજૂરી સહિત પ્રતિ વીઘે આશરે રૂ. ૧૫થી ૨૦ હજારનો ખર્ચ થયો હતો. ૨૫ વીઘામાં મોટું રોકાણ કર્યા બાદ પણ પાક હાથમાં ન આવતા પરિવાર સામે આર્થિક સંકટ ઊભું થયું છે. ખેડૂતના પરિવારના આઠ સભ્યોનું ગુજરાન ખેતી પર આધારિત હોવાથી મુશ્કેલી વધુ ગંભીર બની છે.આ પરિસ્થિતિને પગલે ખેડૂતો અને ખેડૂત સંગઠનો દ્વારા સરકાર સમક્ષ તાત્કાલિક રાહતની માંગ કરવામાં આવી છે. જામનગર જિલ્લાને અછતગ્રસ્ત અથવા દુષ્કાળગ્રસ્ત જાહેર કરી નુકસાન પામેલા ખેડૂતોનો તાત્કાલિક સર્વે કરાવવામાં આવે તથા અસરગ્રસ્ત ખેડૂતોને યોગ્ય આર્થિક સહાય અને વળતર ચૂકવવામાં આવે તેવી માંગ ઉઠી છે.હાલ જામનગર જિલ્લાના ખેડૂતોની નજર આકાશ તરફ મંડાઈ છે. આગામી એક સપ્તાહમાં પડનારો વરસાદ અનેક વિસ્તારોના ખરીફ પાકનું ભાવિ નક્કી કરી શકે તેમ હોવાથી ખેડૂતો મેઘરાજાની કાગડોળે રાહ જોઈ રહ્યા છે.

### પાણી વગર ૧૦ કલાક વીજળી મળવાથી પણ પાક બચાવી શકાય તેમ નથી :ખેડૂત

ખેડૂતોએ જણાવ્યું હતું કે હાલ ખેતરોમાં માંડ એકથી બે કલાક પાણી મળી રહ્યું છે, પરંતુ આ પાણીનો ઉપયોગ મુખ્યત્વે પશુપાલન અને દૈનિક જરૂરિયાતો માટે જ કરવો પડે છે. સરકાર દ્વારા ખેડૂતોને ૧૦ કલાક વીજળી આપવાના દાવા વચ્ચે ખેડૂતોએ સવાલ ઉઠાવ્યો છે કે બોર કે કૂવામાં પાણી જ ન હોય તો વીજળીનો ઉપયોગ શેના માટે કરવો? પાણી વગર ૧૦ કલાક કે ૨૪ કલાક વીજળી મળવાથી પણ પાક બચાવી શકાય તેમ નથી.વરસાદની સતત ખેંચ અને સિંચાઈના પાણીની અછતને કારણે જામનગર જિલ્લાના અનેક વિસ્તારોમાં ખેડૂતોનો વાવેતર ખર્ચ પણ વસૂલ ન થાય તેવી સ્થિતિ ઊભી થઈ રહી છે. એક તરફ ઉભો પાક સુકાઈ રહ્યો છે તો બીજી તરફ પશુધન માટે પાણી અને ચારા અંગે પણ ચિંતા વધી રહી છે.

# જંત્રી નહીં, હવે બજારભાવથી મળશે ટ્રાન્સમિશન લાઈનનું વળતર: કલેક્ટર

## નવી માર્ગદર્શિકાથી જામનગરના અસરગ્રસ્ત ખેડૂતોને અગાઉ કરતાં અનેકગણું વધુ વળતર : કાનવીરડીના ખેડૂતને રૂ. ૪.૩૭ લાખના બદલે રૂ. ૨૪.૩૩ લાખ મળશે

જામનગર જિલ્લાના વિવિધ તાલુકાઓમાંથી પસાર થતી પાવર ટ્રાન્સમિશન લાઈનોના કારણે અસરગ્રસ્ત ખેડૂતોને હવે તેમની જમીનના બજારભાવ આધારિત વધુ વળતર મળવાનો માર્ગ મોકળો થયો છે. જંત્રીના દર પ્રમાણે ઓછું વળતર મળતું હોવાની ખેડૂતોની રજૂઆતો બાદ રાજ્ય સરકારના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ દ્વારા તા. ૪ જુલાઈ, ૨૦૨૬ના રોજ નવી માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે.

નવી જોગવાઈ મુજબ ટ્રાન્સમિશન ટાવર માટે ઉપયોગમાં લેવાતી જમીન ઉપરાંત તેની આસપાસની એક મીટર વધારાની જમીનને પણ વળતરની ગણતરીમાં સામેલ કરવામાં આવશે. આ સમગ્ર જમીન માટે બજારભાવના બે ગણા દરે વળતર ચૂકવવાની જોગવાઈ કરવામાં આવી છે.



આ નવી વળતર નીતિનો લાભ જામનગર જિલ્લાના અસરગ્રસ્ત ખેડૂતોને મળે તે માટે તા. ૨૪ ઓગસ્ટે લાલપુર તાલુકાના કાનવીરડી ગામના વિવિધ સર્વે નંબરો માટે કલેક્ટર કચેરી ખાતે માર્કેટ રેટ કમિટીની બેઠક યોજાઈ હતી. બેઠકમાં સરકારના વેલ્યુઅર, ખેડૂતોના વેલ્યુઅર અને ટ્રાન્સમિશન સર્વિસ પ્રોવાઈડરના વેલ્યુઅર દ્વારા રજૂ કરાયેલા જમીનના મૂલ્યાંકનને ધ્યાને લેવામાં આવ્યું હતું.લોટરી પદ્ધતિથી ખેડૂત અને કંપનીના વેલ્યુઅર દ્વારા નક્કી કરવામાં આવેલા દરોના આધારે જમીનની યોગ્ય બજાર કિંમત નક્કી કરવામાં આવી હતી.

નવી પદ્ધતિના અમલથી અસરગ્રસ્ત ખેડૂતોને અગાઉની જંત્રી આધારિત જોગવાઈની સરખામણીએ અનેકગણું વધુ વળતર મળવાની શક્યતા ઊભી થઈ છે.

કાનવીરડી ગામના સર્વે નંબર ૧૦૯ના કિસ્સામાં વર્ષ ૨૦૧૧ની જંત્રી મુજબ જમીનનો પ્રતિ ચોરસ મીટર દર રૂ. ૪૩ હતો. આ દર પ્રમાણે ખાતેદારને રૂ. ૪,૩૭,૬૯૯નું વળતર મળવાપાત્ર હતું. જ્યારે માર્કેટ રેટ કમિટીની બેઠકમાં જમીનનો પ્રતિ ચોરસ મીટર રૂ. ૮૮૫નો બજારભાવ મંજૂર કરવામાં આવ્યો છે. પરિણામે હવે આ ખાતેદારને બજારભાવ મુજબ રૂ. ૨૪,૩૩,૩૪૮નું વળતર મળવાપાત્ર બન્યું છે.

આ રીતે નવી વળતર પદ્ધતિથી ટ્રાન્સમિશન લાઈનથી અસરગ્રસ્ત ખેડૂતોને તેમની જમીનના વાસ્તવિક બજારભાવની નજીકનું યોગ્ય વળતર મળવાની આશા જાગી છે.

માર્કેટ રેટ કમિટીની બેઠકમાં જામનગર કલેક્ટર પી.બી. પંડ્યા, જિલ્લા વિકાસ અધિકારી નિશા, નિવાસી અધિક કલેક્ટર વિમલ ચૌધરી ઉપરાંત ખેડૂતોના અધિકૃત પ્રતિનિધિઓ અને ટ્રાન્સમિશન કંપનીના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કાલાવડ, જોડીયા અને મોરબીના ખેડૂતોના સિંચાઈ પ્રશ્ને ધારાસભ્ય મેઘજી ચાવડાની રજૂઆત

## ઉંડ-૪ અને આજી-૪ ડેમમાંથી પાણી છોડવા માંગ; મોરબીના ૧૧ ગામોને ડેમી-૨ યોજના હેઠળ આવરી લેવા રજૂઆત

**અબતક, રાજુ રામોલિયા**
**કાલાવડ**

કાલાવડ વિસ્તારના ધારાસભ્ય મેઘજીભાઈ એ. ચાવડાએ કાલાવડ, જોડીયા અને મોરબી તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ખેડૂતો તથા પ્રજાજનોને સતાવતા સિંચાઈ અને પીવાના પાણીના પ્રશ્નોના તાત્કાલિક ઉકેલ માટે રાજ્યના જળસંપત્તિ મંત્રી (સ્વતંત્ર હવાલો) ઈશ્વરસિંહ પટેલને સત્તાવાર પત્ર પાઠવી રૂબરૂ રજૂઆત કરી હતી.કાલાવડ તાલુકામાં પાણીની અછતની સ્થિતિને ધ્યાનમાં રાખી ખેડૂતોના ઊભા પાકને બચાવવા સૌની યોજના મારફતે ઉંડ-૪ ડેમમાં પાણી ઠાલવવા અને ડેમના એચ.આર. ગેટ મારફતે નદીમાં પાણી છોડવા ધારાસભ્યએ માંગ કરી હતી.



જોડીયા તાલુકાના ખેડૂતોને સિંચાઈ માટે પૂરતું પાણી મળી રહે તે માટે આજી-૪ ડેમમાંથી પાણી છોડવા અંગે પણ મંત્રી સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી.

મોરબી તાલુકાના ખેતી આધારિત અને પછાત વિસ્તારોના પ્રશ્નો અંગે પણ ધારાસભ્યએ મંત્રીનું ધ્યાન દોર્યું હતું. ઉટબેટ શામપર, ફડસર, રામપર-પાડાબેકર, બેલા (આ), આમરણ, જીવાપર (આ), બાદનપર (આ), ફાટસર, કેરાળી, ખારચીયા અને રાજપર (કં) સહિતના કુલ ૧૧ ગામોના તળાવો ભરવા તેમજ ખેડૂતોને સિંચાઈની સુવિધા ઉપલબ્ધ કરાવવા આ ગામોને ડેમી-૨ યોજના હેઠળ આવરી લેવાની માંગ કરવામાં આવી હતી.

# આયુર્વેદ યુનિવર્સિટીના પેપર લીક મામલે તપાસ પૂર્ણ: પેપર નહીં, માત્ર 'ઈમ્પોર્ટન્ટ' પ્રશ્નો વાયરલ થયાનું તારણ

## બીએએમએસની શલ્યતંત્ર-૧ પરીક્ષાના ૧૨માંથી ૧૧ પ્રશ્નો સોશિયલ મીડિયામાં ફરતા થયા હતા; તપાસ સમિતિએ પેપર લીકના આક્ષેપો ફગાવ્યા

જામનગર સ્થિત ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી દ્વારા લેવાયેલી બીએએમએસની શલ્યતંત્ર-૧ની પરીક્ષામાં પેપર લીક થયાના આક્ષેપો બાદ રચાયેલી તપાસ સમિતિએ પોતાનો અહેવાલ યુનિવર્સિટીને સુપરત કર્યો છે. અહેવાલમાં પરીક્ષાનું મૂળ પ્રશ્નપત્ર લીક થયું ન હોવાનું, પરંતુ પરીક્ષાના મહત્વના એટલે કે 'ઈમ્પોર્ટન્ટ' પ્રશ્નો સોશિયલ મીડિયામાં વાયરલ થયા હોવાનું જણાવાયું હોવાનું જાણવા મળે છે.ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી દ્વારા બીએએમએસની શલ્યતંત્ર-૧ની પરીક્ષા લેવામાં આવી રહી હતી તે દરમિયાન પરીક્ષાના મુખ્ય ૧૨ પ્રશ્નોમાંથી ૧૧ પ્રશ્નો સોશિયલ મીડિયામાં વાયરલ થયા હતા. આ પૈકીના પ્રશ્નો પરીક્ષામાં પૂછવામાં આવતા પેપર લીક થયાના આક્ષેપો ઉઠ્યા હતા.

મામલો ગંભીર બનતા સરકારની સૂચનાથી સમગ્ર ઘટનાની તપાસ માટે સમિતિની રચના કરવામાં આવી હતી. તપાસ સમિતિ દ્વારા કેટલીક કોલેજોમાં જઈને તપાસ હાથ ધરવામાં આવી હતી તેમજ સંબંધિત પ્રોફેસરો સહિતના લોકોના નિવેદનો લેવામાં આવ્યા હતા. તપાસ બાદ સમિતિએ પોતાનો અહેવાલ યુનિવર્સિટીને સુપરત કર્યો છે.તપાસ અહેવાલમાં પેપર લીક થયાના આક્ષેપોને ફગાવી દેવામાં આવ્યા છે. જોકે, પરીક્ષાના મહત્વના પ્રશ્નો અગાઉથી સોશિયલ મીડિયા મારફતે વિદ્યાર્થીઓ સુધી પહોંચ્યા હોવાની બાબતને તપાસ સમિતિએ માન્ય રાખી હોવાનું જાણવા મળે છે.હવે યુનિવર્સિટી દ્વારા પરીક્ષાના પ્રશ્નપત્ર અંગેની વધુ કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. પરીક્ષાની પ્રક્રિયા પૂર્ણ કરી વિદ્યાર્થીઓનું પરિણામ સમયસર જાહેર કરી શકાય તે દિશામાં કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.



# રિલાયન્સ દ્વારા સેતાલુસ ગામે આધુનિક ગૌશાળાનું ભૂમિપૂજન

## પશુઓના નિભાવ માટે વિવિધ સુવિધાઓ ઉપરાંત સ્વચ્છ, સુરક્ષિત અને આરોગ્યપ્રદ આશ્રય ઉપલબ્ધ બનશે

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ દ્વારા લાલપુર તાલુકાના સેતાલુસ ગામે ગ્રામજનોની વિશાળ ઉપસ્થિતિમાં આધુનિક ગૌશાળાનું ભૂમિપૂજન તથા ખાતમુહૂર્તવિધિ યોજાઈ હતી. કંપનીના ગ્રુપ પ્રેસિડેન્ટ ધનરાજ નથવાણીના માર્ગદર્શન અને સામાજિક ઉત્તરદાયિત્વના ભાગરૂપે હાથ ધરાયેલા આ પ્રકલ્પનો મુખ્ય ઉદ્દેશ ગૌસેવાને પ્રોત્સાહન આપવા ઉપરાંત ગાય તથા ગૌવંશની સંભાળ, સુરક્ષા અને કલ્યાણ માટે સલામત, સ્વચ્છ અને સુવિધાસભર આશ્રયસ્થાન ઉપલબ્ધ કરાવવાનો છે.પ્રસ્તાવિત ગૌશાળામાં પશુઓના સુવ્યવસ્થિત નિભાવ અને કલ્યાણ માટે વિવિધ આવશ્યક સુવિધાઓ વિકસાવવામાં આવશે. ગોવંશ માટે સુરક્ષિત, સ્વચ્છ, આરોગ્યપ્રદ અને સુવ્યવસ્થિત આશ્રય ઉપલબ્ધ થશે. સાથે જ સેતાલુસ ગામમાં ગૌસેવા અને પશુ કલ્યાણની પ્રવૃત્તિઓને વધુ મજબૂતી મળશે.ગૌશાળાના ભૂમિપૂજન પ્રસંગે સ્થાનિક ગૌસેવા ટ્રસ્ટના સદસ્યો, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના પ્રતિનિધિઓ તેમજ ગામના આગેવાનો અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સેતાલુસના ગ્રામજનોએ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની આ લોકોપયોગી અને સમાજલક્ષી પહેલને આવકારી હતી. સાથોસાથ, ગ્રામજનોએ સમગ્ર ગામ વતી ગામના વિકાસ તેમજ ગૌસેવાના ઉમદા કાર્ય માટે માર્ગદર્શન અને સહયોગ આપવા બદલ ધનરાજ નથવાણીનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.



# ડોર-ટુ-ડોર ગાર્બેજ કલેક્શનમાં બેદરકારી નહીં ચાલે: મ્યુની કમિશનર

## કચરાના વાહનો રોકાવી કમિશનર દીપેશ કેડિયાએ જાતે કરી તપાસ, ખામી જણાતા સ્થળ પર જ અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરના કર્મચારીઓને કડક સૂચના

જામનગર મહાનગર પાલિકાના મ્યુનિસિપલ કમિશનર દીપેશ કેડિયા દ્વારા શહેરના વિવિધ વિભાગોની કામગીરીનું સતત બારીકાઈથી નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. જેના ભાગરૂપે આજે શહેરમાં ચાલી રહેલી ડોર-ટુ-ડોર કચરા કલેક્શનની કામગીરીનું કમિશનરે જાતે મેદાનમાં ઉતરી નિરીક્ષણ કર્યું હતું.જામનગર શહેરમાં ખાનગી કોન્ટ્રાક્ટર મારફતે ડોર-ટુ-ડોર કચરા કલેક્શનની કામગીરી કરવામાં આવી રહી છે. કામગીરીમાં કોઈપણ પ્રકારની બેદરકારી કે ખામી ન રહે તે માટે કમિશનર દીપેશ કેડિયાએ શહેરના વિવિધ વિસ્તારોમાં કચરો એકત્ર કરતા વાહનોને રોકાવી તેમની બારીકાઈથી તપાસ કરી હતી. આ દરમિયાન વાહનોની કામગીરી ઉપરાંત સમગ્ર કચરા કલેક્શન વ્યવસ્થાની પણ ચકાસણી કરવામાં આવી હતી.નિરીક્ષણ દરમિયાન જ્યાં પણ ખામી અથવા વાંધાજનક બાબત ધ્યાને આવી હતી ત્યાં કમિશનરે સ્થળ પર જ સોલિડ વેસ્ટ વિભાગના અધિકારીઓ, ખાનગી કોન્ટ્રાક્ટરના કર્મચારીઓ તથા સંબંધિત સ્ટાફને જરૂરી સૂચનાઓ આપી હતી. શહેરમાં કચરા કલેક્શનની કામગીરીમાં કોઈપણ પ્રકારની બેદરકારી ન રહે તેમજ નાગરિકોને નિયમિત અને યોગ્ય સેવા મળી રહે તે અંગે તેમણે કડક દિશાનિર્દેશ આપ્યા હતા.




# પાનેલી ડેમ-ગોમતી તળાવમાં સૌની યોજનાનું પાણી પહોંચાડવાની માંગ

## કોંગ્રેસ અગ્રણી કેતનભાઈ તાળાની રજૂઆત; છ ગામોના ૧૫ હજારથી વધુ વીઘા વિસ્તારને સિંચાઈનો લાભ મળવાની આશા

**અબતક, રાજુ રામોલિયા**
**કાલાવડ**

કાલાવડ તાલુકાના ધૂન ધોરાજી ગામના પાનેલી ડેમ તથા ગોમતી તળાવમાં સૌની યોજના હેઠળ સિંચાઈનું પાણી પહોંચાડવા પાઈપલાઈન નાખવાની માંગ સાથે કોંગ્રેસ અગ્રણી કેતનભાઈ તાળાએ સૌની યોજના વિભાગ, જામનગરને લેખિત રજૂઆત કરી છે.રજૂઆતમાં જણાવ્યા મુજબ પાનેલી ડેમ અને ગોમતી તળાવમાં પાણી પહોંચાડવામાં આવે તો ધૂન ધોરાજી, હકુમતી સરવાણીયા, હરિપર મેવાસા, ઉમરાળા, નવાગામ અને માછરડા સહિત છ ગામોના ખેડૂતોને લાભ મળી શકે તેમ છે. આ વિસ્તારમાં ૧૫ હજારથી વધુ વીઘા જમીનમાં ખેતી થાય છે.પાંચ દેવડા ગામના પાણીના સંપથી પાનેલી ડેમ તથા ગોમતી તળાવ સુધી આશરે ૧,૫૦૦ મીટરની પાઈપલાઈન નાખી સૌની યોજનાનું પાણી પહોંચાડવાની માંગ કરવામાં આવી છે. આથી ખેડૂતોને સિંચાઈની સુવિધા મળી ખેતી ઉત્પાદન વધવાની આશા વ્યક્ત કરાઈ છે.ખેડૂતોના હિતમાં તાત્કાલિક યોગ્ય કાર્યવાહી કરવા કેતનભાઈ તાળાએ માંગ કરી છે.



### કિશોર ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી

# ભાટીયા: ૧૩૩માં મોતીયાના ઓપરેશન અને નેત્ર નિદાન કેમ્પનું રવિવારે આયોજન

**અબતક, નેહુલલાલ**
**ભાટીયા**

કિશોર ચેરીટેબલ ટ્રસ્ટ - ભાટીયાના આર્થિક સહયોગથી આયોજીત અને રણછોડદાસજી બાપુ ચેરીટેબલ(આંખની) હોસ્પીટલ-રાજકોટ ના નિષ્ણાંત ડોકટરની ટીમ દ્વારા આગામી તા.૩૦/૦૮ના રવીવારના ના રોજ મોતીયાના ઓપરેશન સાથે ૧૩૩ મા કેમ્પ નુ આયોજન ભાટીયા ખાતે સરકારી દવાખાનામા સવારે ૯થી૧૧ વિના મૂલ્યે રાખવામા આવેલ છે. દર્દીઓને,રહેવા,જમવા, ચા-નાસ્તો,ચશ્મા,દવા-ટીપા,તથા ઓપરેશનની તમામ સારવાર વિના મુલ્યે કરી કેમ્પના સ્થળે ભાટીયા ખાતે પરત મુકવામા આવશે. ખાસ નોંધ: દરેક દર્દી ભગવાને આધાર કાર્ડ ની ઝેરોક્ષ બે કોપી ફરજીયાત સાથે લાવવાની રહેશે. કિશોર ચેરીટેબલ ટ્રસ્ટ-ભાટીયાના પ્રમુખ-કિશોરભાઈ દત્તાણીએ જાહેર આમંત્રણ આપી આ કેમ્પનો લાભ લેવા અનુરોધ કરેલ છે.આ કેમ્પમા ચશ્માના નંબર કાઢી આપવામા આવશે નહી. વધુ માહીતી માટે કિશોર ચેરિટેબલ ટ્રસ્ટ ના પ્રમુખ કિશોરભાઈ ના મો.૯૪૨૭૪ ૨૦૧૧૧ પર સંપર્ક કરવાનો રહેશે.

# દ્વારકામાં ફૂડ સેફટી અંગે સઘન ચેકીંગ

**અબતક, મહેન્દ્ર કક્કડ**
**દ્વારકા**

ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દેવભૂમિ દ્વારા તહેવારોની સીઝન દરમ્યાન દ્વારકાધીશના દર્શનાર્થે આવતા શ્રધ્ધાળુઓના આરોગ્ય અને હિતને ધ્યાનમાં રાખી સઘન ફૂડ સેફ્ટી કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. આ કામગીરી અંતર્ગત શહેરમાં કુલ ૯ જેટલી હોટલ / રેસ્ટોરન્ટનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.



નિરિક્ષણ દરમ્યાન નિયમનું પાલન ન કરતા ૨ એકમો વિરૂધ્ધ ડેઝીગ્નેટેડ ઓફીસર દેવભૂમિ દ્વારકાને ઈમ્પ્રુવમેન્ટની નોટીસ આપવા ભલામણ કરવામાં આવી છે. જ્યારે ૧ રેસ્ટોરન્ટ દ્વારા સ્વૈચ્છિક રીતે સેલ્ફકવોઝ કરવામાં આવ્યું છે. નિરીક્ષણ દરમ્યાન અસ્વચ્છ પરિસ્થિતિમાં સંગ્રહિત રૂા.૮,૧૨૦/- ની કિંમતના ૧૨૧ કિલોગ્રામ ખાદ્ય પદાર્થનો નાશ કરવામાં આવ્યો હતો. જાહેર આરોગ્યની સુરક્ષા અને સુરક્ષિત ખોરાકની ઉપલબ્ધતા હેતુ ખોરાક અને ઔધત નિયમન તંત્ર દ્વારા ફૂડ સેફ્ટી કામગીરી સતત ચાલુ રાખવામાં આવનાર છે.

# રા.લો. સંઘમાં ભારે ખેંચતાણ: ત્રણ બેઠકો માટે મથામણ

## ખોખડદળ, રૈયા અને કુવાડવા જૂથ મંડળીની બેઠક માટે ફોર્મ પરત ખેંચવા ઉમેદવારો રાજી નથી: અન્ય ૧૦ બેઠકો બિનહરિફ થાય તેવી શક્યતા

### બપોરે 3:30 કલાકે ચિત્ર સ્પષ્ટ થશે, જિલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશ ઢોલરિયા નિષ્ફળ પુરવાર

**અબતક, રાજકોટ**

એશિયાના સૌથી મોટા સહકારી સંઘમાં જેની ગણતરી થાય છે તે રાજકોટ લોધિકા સહકારી ખરીદ વેંચાણ સંઘ લીમીટેડની ચૂંટણી આગામી ૮ સપ્ટેમ્બરના રોજ યોજાવાની છે. ભાજપ દ્વારા તમામ બેઠકો બિનહરિફ કરવાના ભરપુર પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. અગાઉ બે બેઠકો બિનહરિફ થઈ ચુકી છે.

હવે ૧૩ બેઠકો માટે ૩૩ ઉમેદવારો મેદાનમાં છે. આજે ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાનો અંતિમ દિવસ છે. આવામાં ૧૩ પૈકી ૧૦ બેઠકો બિનહરિફ કરવા એક સિવાયના અન્ય ઉમેદવારો ફોર્મ પાછા ખેંચી લેવા માટે તૈયાર થઈ ગયા છે. પરંતુ ત્રણ બેઠકો માટે ભારે ખેંચતાણ ચાલી રહી છે. પૂર્વ મંત્રી અરવિંદ રૈયાણીનો ઘડો લાડવો કરવા ભાજપના જ બે ધારાસભ્યોએ હાથ મિલાવી દીધા હોવાનું ચર્ચાય રહ્યું છે. સમાધાન અને ડેમેજ કન્ટ્રોલ કરવા બુધવારે રાજકોટ દોડી આવેલા પ્રદેશ ભાજપ મહામંત્રી અનિરૂધ્ધ દવે પણ નિષ્ફળ રહ્યા છે. તેઓ કંટાળીને નિકળી ગયા છે. સવારથી મોટી મથામણ ચાલી રહી છે. પરંતુ ત્રણ બેઠકો પર સમાધાનનો સેતુ સધાતો નથી. સંઘના ૬૧ મતદારો પૈકી ૫૯ મતદારો ભાજપ સમર્પિત હોવા છતા હાલ ભાજપ સામે ભાજપ જેવો માહોલ જોવા મળી રહ્યો છે.

રાજકોટ લોધિકા સહકારી ખરીદ વેંચાણ સંઘની મંડળી ગત મત જૂથની ૧૫ બેઠકો અને વ્યક્તિગત જૂથની ૧ બેઠક માટે આગામી આઠ સપ્ટેમ્બરના રોજ ચૂંટણી યોજાવાની છે. એવું માનવામાં આવતું હતું કે રા.લો. સંઘની તમામ બેઠકો બિનહરિફ થશે કારણ કે ૬૧ પૈકી ૫૯ મંડળીઓ ભાજપ સમર્પિત છે. ભાજપે અગાઉ ઉમેદવારોને મેન્ડેટ આપવાની જાહેરાત કરી હતી. પરંતુ ઉમેદવારી ફોર્મ ભરવાના છેલ્લા દિવસ સુધી સમાધાન ન થતા પ્રદેશમાંથી એવી સૂચના આપવામાં આવી હતી કે જે વ્યક્તિને ઉમેદવારી ફોર્મ ભરવા હોય તે ભરી શકે છે.

(અનુ. આઠમા પાને)

### પ્રદેશ મહામંત્રી અનિરૂધ્ધ દવે પણ ડેમેજ કન્ટ્રોલ ન કરી શક્યા: અરવિંદ રૈયાણીનો ઘડો લાડવો કરવા ભાજપના બે ધારાસભ્યોએ હાથ મિલાવી લીધાની ચર્ચા, ત્રણ મતદારો ભુગર્ભમાં ઉતરી ગયા

### ૧૩ બેઠકો માટે આ ૩૩ ઉમેદવારો મેદાનમાં

નીતિનભાઈ ચોવટીયા, રમેશભાઈ સોરાણી, અરવિંદભાઈ રૈયાણી, વેકસિંહ, સિંધવ અશ્વિનભાઈ લીંબાસીયા, કરશનભાઈ ડાંગર, હરજીભાઈ અજાણી, વિજયભાઈ સખીયા, મહેશભાઈ આસોદરીયા, પૃથ્વીસિંહ જાડેજા, ઘનશ્યામભાઈ મહેતા, ભૂપેન્દ્રસિંહ જાડેજા, રામભાઈ જળુલ, ખમણભાઈ પરસાણા, ધીરૂભાઈ રોકડ, જયદિપસિંહ જાડેજા, સંજયભાઈ અમરેલીયા, હરજીભાઈ પીપળીયા, મુકેશભાઈ કમાણી, બાબુભાઈ નસીત, મનસુખભાઈ સરધારા, શૈલેષભાઈ પરસાણા, મોહનભાઈ દાફડા, ગૌરવસિંહ જાડેજા, નરેન્દ્રસિંહ જાડેજા, છગનભાઈ પટોરીયા, નીતિનભાઈ રૈયાણી, મનસુખભાઈ વેકરીયા, ભુપેન્દ્રસિંહ જાડેજા, નરેન્દ્રકુમાર ભુવા, પરસોતમભાઈ પડાયા, રઘુવીરસિંહ જાડેજા, ચીરાગભાઈ લીંબાસીયા

# અમરેલીના દુધાળામાં "હેતની હવેલી"નું લોકાર્પણ કરતા ગૃહમંત્રી અમિત શાહ

## કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ આજથી બે દિવસ ગુજરાતના પ્રવાસે: આજે પાંચ કાર્યક્રમોમાં હાજરી આપશે

**અબતક, રાજકોટ**

ભાજપના ચાણકય અને કેન્દ્રીય ગૃહ તથા સહકાર મંત્રી અમિતભાઈ શાહ આજથી બે દિવસ માદરે વતન ગુજરાતના પ્રવાસ પર છે. આજે તેઓ અલગ-અલગ પાંચ કાર્યક્રમોમાં હાજરી આપશે. આજે સવારે અમિત શાહે સૌરાષ્ટ્રના અમરેલી જિલ્લાના દુધાળામાં પંચગંગા તીર્થ ખાતે હેતની હવેલીનું લોકાર્પણ કર્યું હતું. તેઓ સરકાર અને સંગઠનના વડાઓ સાથે પણ બેઠક યોજે તેવી સંભાવના જણાય રહી છે.

ગુજરાતમાં વિધાનસભાની સામાન્ય ચૂંટણીના આડે હવે સવા વર્ષ જેટલો જ સમય બચ્યો છે ત્યારે તમામ રાજકીય પક્ષો દ્વારા ચૂંટણીલક્ષી તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. સત્તાધારી પક્ષ ભાજપ દ્વારા ગુજરાતમાં સતત આઠમીવાર સરકાર બનાવવા માટે તૈયારીઓ શરૂ કરી દેવાય છે. ભાજપના રાષ્ટ્રીય નેતાઓના આંટાફેરા ગુજરાતમાં વધ્યા છે. આજે ગાંધીનગરના સાંસદ, ભાજપના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ અને કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ ગુજરાતની મુલાકાતે આવ્યા છે. સવારે ૧૧:૩૦ કલાકે તેઓએ અમરેલી જિલ્લાના દુધાળા ખાતે હરિકૃષ્ણ ફાઉન્ડેશન દ્વારા નવ નિર્મિત "હેતની હવેલી" સરોવરનું લોકાર્પણ કર્યું હતું. અમદાવાદમાં ૨૦30માં કોમનવેલ્થ ગેમ્સ યોજાવાની છે. ૨૦૩૬ ઓલિમ્પિક માટે પણ ભારત દાવેદારી મજબૂત માનવામાં આવે છે. જેનું યજમાન પણ અમદાવાદ






### ઓલિમ્પક અને કોમનવેલ્થ ગેમની તૈયારીઓની સમીક્ષા માટે અમદાવાદ સર્કિટ હાઉસ ખાતે બેઠક યોજશે

બને તેવા ઉજળા સંજોગો છે. ઓલિમ્પિક અને કોમનવેલ્થ ગેમ માટે રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી રહેલી તૈયારીઓની સમીક્ષા કરશે. બપોરે અમદાવાદના શાહીબાગ એનેક્ષ સ્થિત સર્કિટ હાઉસ ખાતે સમિક્ષા બેઠક યોજાશે. દરમિયાન બપોરે ૩:૪૫ કલાકે અમિત શાહ અમદાવાદના નારણપુરામાં આશ્રમ રોડ સ્થિત પ્રાણજીવન વિદ્યાર્થી ભવન, ગુજરાત વિદ્યાપીઠના ૭૨માં પદવીદાન સમારોહમાં ખાસ હાજરી આપી છાત્રોને પદવી એનાયત કરશે. સાંજે ૫:૩૦ કલાકે તેઓ અમદાવાદના થલતેજમાં સિંધુભવન રોડ પર તાજ સ્કાયલાઈન તાજ સંકલ્પ સ્કેવર-

(અનુ. આઠમા પાને)

# ગુજરાત ડાયાલિસિસ પ્રોગ્રામમાં રૂ.૮૨.૫૭ કરોડનું કૌભાંડ: કેગનો રિપોર્ટ

## પ્રોજેકટ ઓફિસર કિરણ પરીખે પોતાની પત્નીની સંસ્થા બાયો ટ્રસ્ટ મેડિકલ ડીવાઈસીસને કોન્ટ્રાકટ આપી દીધાનો ધડાકો

**અબતક, રાજકોટ**

ગુજરાત ડાયાલિસિસ પ્રોગ્રામમાં રૂ. ૮૨.૫૭ કરોડનો ભ્રષ્ટાચાર થયો હોવાનું કેગના રિપોર્ટમાં જાહેર કરવામાં આવ્યું છે.

આ અંગે ગુજરાત ડાયાલિસિસ પ્રોગ્રામ હેઠળ ઉઘાડી લૂંટ ઉપર સવાલ ઊભા કર્યા હતા. ગુજરાત ડાયાલિસ પ્રોગ્રામ ના પ્રોજેક્ટ ઓફિસર ઉપર કેગના રિપોર્ટમાં ગંભીર નાણાકીય ગેરરીતિ ના ગંભીર આક્ષેપો મૂકવામાં આવ્યા છે. ગુજરાત ડાયાલિસિસ પ્રોગ્રામ ના પ્રોગ્રામ ઓફિસર કિરણ પરીખ વર્ષ ૨૦૧૬- ૨૦૧૭ થી વર્ષ ૨૦૨૫- ૨૦૨૬ સુધી ફરજ બજાવતા હતા. કેગના અહેવાલમાં કિરણ પરીખના નામનો ચોંકાવનારો ખુલાસો થયો છે. કિરણ પરીખ દ્વારા પોતાની જ પત્ની બીના કિરણ પરીખના નામ ની કંપની બાયો ટ્રસ્ટ મેડિકલ ડીવાઈસીસને ૮૨.૫૭ કરોડના વિવિધ કામના ઓર્ડર આપી દેવા માં આવ્યા. આ ઘટના સીધું કન્ફિલકટ ઓફ ઈન્ટરેસ્ટ નું ઉદાહરણ છે. ફાઈલો માં જીએસટીની વિગત અને ઈમેઈલ ની માહિતીમાં બાયો ટ્રસ્ટ મેડિકલ ડીવાઈસીસમાં કિરણ પરીખની પત્નીની માલિકીના પુરાવા ના આધારે કેગ દ્વારા રિપોર્ટ કરવામાં આવ્યો છે.

ગુજરાત ડાયાલિસિસ પ્રોગ્રામ માં ઘર ના ભુવા ઘર ના ડાકલા જેવો તાલ થયો છે. સંસ્થા પોતે કેગ ને જવાબ આપતી વખતે સ્વીકારે છે કે પ્રોજેક્ટ ઓફિસર ના પિતા અને ભાઈઓ આ પ્રોજેક્ટ માં શામિલ છે. કિરણ પરીખના ભાઈઓ અને પિતા નું પોસ્ટિંગ ખરીદી સંબંધિત ખાતામાં અને અલગ અલગ અગત્ય ની જગ્યાએ પોસ્ટેડ હતા. શું ગુજરાત ડાયાલિસિસ પ્રોગ્રામ કિરણ પરીખ અને પરિવાર નો ફેમિલી પ્રોજેક્ટ હતો? શું ગુજરાત ડાયાલિસિસ પ્રોગ્રામ ને ખાનદાની ધંધો બનાવીને ૮૨.૫૭ કરોડનું

(અનુ. આઠમા પાને)

# બજારમાં રૂ.૧૦ અને ૨૦ની નોટની તિવ્ર તંગી: તહેવાર ટાણે જ હાડમારી

## લેવડ દેવડમાં મોટી મૂશ્કેલી: વેપારીઓ તોબાતોબા, બેન્કો નાની નોટો આવતી નથી, બજારમાં ચલણી નોટની અછત દિન - પ્રતિદિન વધી રહી છે: રૂ.૧૦ કે ૨૦ના સિક્કા પણ ગાયબ

**અબતક, રાજકોટ**

સાતમ-આઠમના તહેવાર ટાણે જ બજારમાં નવી હોળી સર્જાય છે. રૂ.૧૦ અને રૂ.૨૦ની ચલણી નોટની તિવ્ર તંગી વર્તાય રહી છે. જેના કારણે હાડમારી વધી રહી છે. બેન્કો દ્વારા નાની ચલણી નોટો પુરતા પ્રમાણમાં આપવામાં આવતી નથી. જેના કારણે સ્થિતિ દિન-પ્રતિદિન વિકટ બની રહી છે. હવે તો બજારમાં રૂ.૧૦ અને રૂ.૨૦ના સિક્કા પણ દેખાતા ઓછા થઈ ગયા છે. વેપારીઓને રોજ બપોરની લેવડ-દેવડમાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. છેલ્લા ઘણા મહિનાઓથી નાની ચલણી નોટની અછત જોવા મળી રહી છે. પરંતુ પુરતું ધ્યાન આપવામાં ન આવતા હવે એવી સ્થિતિ સર્જાય છે કે રોજ-બરોજના વ્યવહારો પણ વિપરિત અસર પડી રહી છે.

રાજ્યમાં છેલ્લા ઘણા મહિનાઓથી રૂ.૧૦ અને રૂ.૨૦ની ચલણી નોટોની અછત જોવા મળી રહી છે. રૂ.૨૦ની નોટ હજી પણ થોડા-વધતા અંશે મળી રહે છે પણ રૂ.૧૦ની શોધવી જાણે દુષ્કર બની ગઈ હોય તેવું લાગી રહ્યું છે. રોજીંદી લેવડ-દેવડમાં રૂ.૧૦ અને રૂ.૨૦ના સિક્કાનો અસ્વીકાર કરવામાં આવતો હોવાના કારણે બેન્કો દ્વારા રૂ.૧૦ અને ૨૦ની નોટ આપવામાં આવતી ન હોવાનું ચર્ચાય રહ્યું હતું. પરંતુ છેલ્લા દોઢ-બે વર્ષથી તો હવે લોકો સિક્કાનો પણ સહજતાથી સ્વીકાર કરવા માંડ્યા છે. પરંતુ કોઈ કારણોસર બજારમાં રૂ.૧૦ અને રૂ.૨૦ની નોટની અછત દિન-પ્રતિદિન ઘેરી બની રહી છે. સાતમ-આઠમના તહેવારોમાં નાની ચલણી નોટની અછતથી વેપારીઓ તોબા પોકારી ગયા છે. માલ-સામાનનું વેંચાણ રૂ.૫૦ કે રૂ.૧૦૦ની મર્યાદામાં કરવું પડે

(અનુ. આઠમા પાને)

# અમેરિકા-કેનેડાથી ગુજરાતમાં ખૂબ મોટુ મૂડીરોકાણ આવશે: મુખ્યમંત્રી

## વિદેશ પ્રવાસ પૂર્ણ કરી પરત ફરેલા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું અમદાવાદ એરપોર્ટ પર નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી દ્વારા શાનદાર સ્વાગત

**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અમેરિકા અને કેનેડાનો સફળ પ્રવાસ કરીને અમદાવાદ પધાર્યા ત્યારે એરપોર્ટ પર નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી દ્વારા તેમનું ઉષ્માપૂર્ણ સ્વાગત કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રીએ એરપોર્ટ પર મીડિયાને જણાવ્યું હતું કે ગુજરાતમાં વધુમાં વધુ વૈશ્વિક મૂડીરોકાણ આવે એવો અમારો પ્રયત્ન રહ્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વૈશ્વિક સંબંધો અને તેમના પરનો વિશ્વાસ અમને આ પ્રવાસમાં જોવા મળ્યો છે. વડાપ્રધાન પરના સંપૂર્ણ વિશ્વાસને કારણે લોકો દરેક સેક્ટરમાં વધારે મૂડીરોકાણ કરવા ઈચ્છે છે. ભારતમાં આવનાર રોકાણ ગુજરાતમાં આવે એના માટેનો અમારો આ પ્રયાસ હતો. સેમિકન્ડક્ટર, એઆઈ, ડેટા સેન્ટર, મેન્યુફેક્ચરિંગ વગેરે ક્ષેત્રો ઉપરાંત ગિફ્ટ સિટી માટે ફાઈનાન્સિયલ ક્ષેત્રની મોટી મોટી કંપનીઓ સાથેની બેઠકો ખૂબ સારી રહી છે અને તે લોકો ગુજરાતમાં રોકાણ માટે ઉત્સુક છે, એવું તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીએ અમેરિકા અને કેનેડાના પ્રવાસને ફળદાયી બની





રહેશે એવા વિશ્વાસ સાથે જણાવ્યું હતું કે ગુજરાતમાં ખૂબ સારું મૂડીરોકાણ આવશે.

વૈશ્વિક રોકાણકારો અને ઈનોવેટર્સને આગામી ૧૦મી-૧૨મી જાન્યુઆરી, ૨૦૨૭ના રોજ વડાપ્રધાનની પ્રેરણાથી યોજાનારી ૧૧મી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં ઈન્વેસ્ટમેન્ટ , કોલબોરેશન અને પાર્ટનરશીપ માટે આમંત્રણ આપવામાં આવ્યું છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ, આગામી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૭ને પ્રોત્સાહન આપવા માટે ગુજરાત સરકારના મુખ્યમંત્રી તથા મુખ્ય સચિવ સહિતના ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિ મંડળે અમેરિકા અને કેનેડાનો પ્રવાસ સફળતાપૂર્વક પૂર્ણ કર્યો છે.

આ પ્રતિનિધિ મંડળે સાન ફ્રાન્સિસ્કો, વોશિંગ્ટન ડી.સી. અને ન્યૂયોર્કમાં રોકાણકારો, ટેક્નોલોજી અગ્રણીઓ અને યુવા ઉદ્યોગસાહસિકો તથા ઈનોવેટર્સ તેમજ ગુજરાતી ડાયસ્પોરા સાથે મુલાકાતો કરી હતી.

મુખ્ય સચિવ એમ.કે. દાસ,

(અનુ. આઠમા પાને)

# નેપાળ પૂર પ્રકોપમાં ફસાયેલા ગુજરાતીઓ માટે રાજ્ય સરકારે હેલ્પલાઇન નંબર જાહેર કર્યા




## ૦૭૯૨૩૨૫૧૯૦૦ અથવા ૯૯૭૮૪ ૦૫૩૦૪ કે હેલ્પલાઇન નંબર ૧૦૭૦ પરથી માહિતી મેળવી શકાશે

**અબતક, રાજકોટ**

પાડોશી રાષ્ટ્ર નેપાળમાં આવેલા વિનાશક ફ્લેશ ફ્લડમાં ગુજરાતના અનેક નાગરિકો ફસાયા હોવાની આશંકા છે. નેપાળ પૂર પ્રકોપમાં ફસાયેલા ગુજરાતના નાગરિકો માટે રાજ્ય સરકાર દ્વારા હેલ્પલાઈન નંબરો જાહેર કરવામાં આવ્યા છે. રાજકોટ જિલ્લા વહિવટી તંત્ર દ્વારા પણ હેલ્પલાઈન નંબરો જાહેર કરવામાં આવ્યા છે.

નેપાળમાં અચાનક આવેલા પૂરથી અસરગ્રસ્ત નાગરિકો અને પરિવારજનો માટે હેલ્પલાઈન નંબર જાહેર કરવામાં આવ્યા છે. ગુજરાત રાજ્યના નાગરિકો અને તેના પરિવારજનોએ રાજ્યના કંટ્રોલરૂમ નંબર ૦૭૯૨૩૨-૫૧૯૦૦, ૯૯૭૮૪૦૫૩૦૪ અને હેલ્પલાઈન નં.૧૦૭૦ જે તે જિલ્લાના ડિસ્ટ્રીકટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના હેલ્પલાઈન નં.૧૦૭૭ પર સંપર્ક કરવા જણાવાયું છે.

ભારતીય નાગરિકોની મદદ, જરૂરી વિગતો અને સહાયતા માટે કાઠમંડુ સ્થિત ભારતીય દૂતાવાસ દ્વારા તાત્કાલિક અસરથી ઈમરજન્સી હેલ્પલાઈન નંબરો જાહેર કરવામાં આવ્યા છે. પૂરની સ્થિતિથી અસરગ્રસ્ત થયેલા નાગરિકો અથવા તેમના પરિવારજનો આ નંબર પર સંપર્ક કરીને જરૂરી માહિતી તથા સહાયતા મેળવી શકે છે. ઈમરજન્સી સંપર્ક નંબર ૧: +૯૭૭ ૯૮૫ ૧૩૧ ૬૮૦૭, ઈમરજન્સી સંપર્ક નંબર ૨: +૯૭૭ ૯૭૦ ૯૧૦ ૭૫૦૦,




નેપાળમાં પ્રવાસે કે અન્ય કામ અર્થે ગયેલા રાજકોટના કોઈ નાગરિકો પૂરના કારણે ફસાયેલા હોય, તો તેમના સગા-સંબંધીઓ તથા પરિવારજનોને માહિતી અને મદદ મેળવવા માટે ઉપરોક્ત ઈમરજન્સી નંબરો પર સંપર્ક કરવા રાજકોટ જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન (ડિઝાસ્ટર) શાખા દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

રાજકોટ જિલ્લા કલેકટર કચેરીના ડિસ્ટ્રિક્ટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા રાજકોટ જિલ્લાના નાગરિકોની મદદ માટે હેલ્પલાઈન નંબર જાહેર કરવામાં આવ્યા છે.

જિલ્લા વહીવટી તંત્ર દ્વારા રાજકોટ જિલ્લાના નાગરિકોને અનુરોધ કરવામાં આવ્યો છે કે, જો તેમના પરિવારજનો, સગા-સંબંધીઓ કે પરિચિતોમાંથી કોઈ વ્યક્તિ નેપાળમાં ફસાયેલા હોય, ગુમ થયેલા હોય, જાનમાલનું નુકસાન થયેલ હોય અથવા કોઈ પણ પ્રકારની તાત્કાલિક સહાયની જરૂરિયાત હોય તો જિલ્લા ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના ટોલ-ફ્રી હેલ્પલાઈન નંબર

(અનુ. આઠમા પાને)